# એસ્તેર



લેખક : રેવ. નોર્મન ડંકન

અનુવાદક : રેવ. હેમંતકુમાર જે. પરમાર

10BGA2

# એસ્તેર

લેખક :

## નોર્મન ડંકન

ભાષાંતરકાર: રેવ.હેમંતકુમાર જે. પરમાર

પ્રકાશક :

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
ગુજરાત કૉલેજ પાસે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ટેલિ. ૨૬૪૪૫૨૮૧

GUJARATI CHRISTIAN FELLOWSHI
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19

★ એસ્તેર

★ પ્રથમ આવૃતિ
મે - ૨૦૦૫

★ લેખક :
નોર્મન ડંકન

★ ભાષાંતરકાર:
રેવ.હેમંતકુમાર જે. પરમાર

★ નકલ : ૧૦૦૦

★ મૂલ્ય રૂા.૨૦.૦૦ (વીસ પુરા)

★ પ્રકાશક :-
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
ગુજરાત કૉલેજ પાસે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ટેલિ. ૨૬૪૪૫૨૮૧
gtbs_1852@yahoo.com.in

★ મુદ્રક :
જેન્સન કૉમ્પ્યુટર્સ,
૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે,
અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮.
ફોન :– ૦૭૯ - ૩૦૯૧૩૦૫૭

# આમુખ

આપણે જ્યારે પૃથ્વી ઉપરની મુસાફરી પૂર્ણ કરી સ્વર્ગીય શહેર તરફ પ્રયાણ કરીશું ત્યારે આપણે બે પ્રકારના સંબંધોનો આનંદ વિકસાવી શકીશું. મિત્રતા અને સંગત. જેઓ મિત્રતાના સંબંધમાંથી સંગતના સંબંધમાં જવા માટે પોતાને યોગ્ય બનાવે છે, તેઓ મૂલ્યવાન બને છે.

નોર્મન ડંકન ઈમેન્યુઅલ બાઈબલ કોલેજ કે જે બેકેનહેડ એશાયર, ઈંગ્લેન્ડમાં આવેલી છે, તેના એક સહાધ્યાયી તરીકે પ્રથમ અમારી મુલાકાત થઈ હતી. બદલાણ પામ્યા પછી, મેં મારૂં જીવન પ્રભુની સેવાને માટે સમર્પી દીધું. તે ધર્મજાગૃતિની સભામાં પ્રભુના આશિષની અને અભિષિકતની મુદ્રા મને મારવામાં આવી. નોર્મન ડંકનનો શરૂઆતનો અભ્યાસ અને ઈશ્વરવિદ્યાનો અભ્યાસ જે બાઈબલ કોલેજમાં થયો તે મને અસર કરનારી હતી કે જે બાબતે અમને સારા મિત્રો બનાવ્યા. ત્યારબાદ ઈશ્વરે અમને બંનેને ખાસ પ્રકારની તકો પૂરી પાડી કે જેના પરિણામે અમે વારંવાર લેમેન્સ ઈવેન્જલીકલ ફેલોશીપની આતંરમંડળીય સેવામાં મળતા રહ્યા. તેઓ અમારા તાલીમાર્થીઓને ફેલોશીપ ટ્રેઈનીંગ સેન્ટરમાં અવારનવાર આવીને શિક્ષણ આપતા હતા (આપે છે), જેથી કરીને તેમની મુલાકાત અમને એકબીજાની વધુ નજદીક લાવી. સભાઓમાં અમે સાથે સેવાઓ બજાવી છે. પ્રભુના શરીરની ઉન્નતિને માટે અને પ્રભુના લોકો પ્રત્યેના પ્રેમને કારણે અમે બંને એક સમાન હૃદયનો બોજો ધરાવનાર, અમારી મિત્રતાને, અમે સંગતના રૂપમાં લણી શકયા હતા.

મદ્રાસમાં આવેલા અમારા ફેલોશીપ ટ્રેઈનીંગ સેન્ટરમાં તાલીમાર્થીઓને એસ્તેરનું જે સંક્ષિપ્ત પુસ્તક આપવામાં આવેલું તે આ પુસ્તક છે. તેથી આ પુસ્તકના વાંચન દ્વારા વાચક તેમાંથી કિંમતી સત્યનો ખજાનો પ્રાપ્ત કરી શકશે. આ પુસ્તક પાછળ નોર્મનનો સમૃધ્ધ આધ્યાત્મિક અનુભવ સમાયેલો છે, તેઓનો ભારતમાં પાંચ વર્ષથી વધારે સમય ઓરિએન્ટલ મિશનેરી સોસાયટીમાં બાઈબલના શિક્ષક તરીકેના અનુભવનો નિચોડ તેમાં સમાયેલો છે. ત્યારબાદ તેઓ પોતાના

અનુસ્નાતકનો અભ્યાસ એસ્બરી થીઓલોજીકલ સેમિનરી, યુ.એસ.એ.માં કરવા ગયા, તેઓ આયર્લેન્ડમાં આવેલા બાલાના હિંચના એડનગ્રો પ્રેસ્બિટેરિયન ચર્ચમાં વીસ વર્ષ સુધી બાઈબલના છણાવટના અભ્યાસ કરાવવાના કાર્યમાં સંકળાયેલા હતા. ઈશ્વરવિદ્યાનું જ્ઞાન અને અનુભવ કે જે બંને ફળવંત આધ્યાત્મિક સેવામાં પરિણમ્યાં, જેના પરિણામે તે સેવા આશીર્વાદ લાવનારી બની. તેથી પુસ્તકના અનુભવો ખાતરી કરાવે છે અને પ્રભુને વિશ્વાસુપણે અનુસરવાનો પડકાર અને સત્યને શોધનાર વ્યક્તિને આ પુસ્તક એ ખાસ પ્રકારની ખાતરી કરાવી આપે છે, અને લોકોને પ્રભુ તરફ દોરે છે. ત્યારબાદ ખાસ પ્રકારનું અને આધ્યાત્મિક ખાતરીનું ઝરણું પવિત્ર થયેલા હૃદયોમાંથી વહે છે. આ પુસ્તક વાંચનાર આયરીશ હાસ્યવૃત્તિને ચૂકશે નહિ.

તેથી હું આ પુસ્તક એવા તમામ લોકોને વાંચવાની ભલામણ કરૂં છું કે જેઓ આત્મિક ઝંખનામાં હોય કે બદલાણ પામેલા હોય, આત્મિક જીવન સમૃધ્ધ હોય કે એક પ્રકારનું સ્થગિત જીવન હોય, ફળવંત જીવન હોય કે ફળવિહીન હોય. નીમ્ન કક્ષાનું ખ્રિસ્તી જીવન જીવનારાને બદલાણ માટે અહીં પડકાર આપવામાં આવ્યો છે અને સાથે સાથે પ્રભુના મહિમા માટે ફળ ઉપજાવવા પડકાર આપવામાં આવ્યો છે. નૈતિકતા, સભાનતા, માનવહક્કો, કૌટુંબિક એકતા, બાળકોનો ઉછેર અને પ્રભુને માટે સાક્ષીરૂપ, પ્રાર્થના, ઈશ્વરના અનંતકાળની યોજનામાં સામેલ થવું, અને સુવાર્તા પ્રગટ કરવા માટે મળતી સ્વતંત્રતાનો આ બધી બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. દેવના પવિત્ર આત્માનું આપણી આસપાસ જે કાર્ય છે તેની છાયા જોવા મળે છે, માનવી જ્યારે ઈશ્વરના હેતુઓ અને નિયમોની ઉપરવટ જાય છે ત્યારે ઊભા થતા પ્રશ્નો અને તેના ઉકેલની વિસ્તૃત છણાવટનો આ પુસ્તકમાં સમાવેશ કરવાથી આ પુસ્તક વધુ રસપ્રદ અને માહિતીસભર બની રહેશે.

**- રેવ.ડૉ.વિલ્સન પૉલ**
**પ્રિન્સિપાલ**
**ફેલોશીપ ટ્રેનીંગ સેન્ટર,**
**મદ્રાસ, ભારત.**

# પ્રસ્તાવના

જે રીતે મારા પરમ મિત્ર ડૉ.વિલ્સન પૉલે જણાવ્યું તે પ્રમાણે નવેમ્બર-૧૯૯૫માં મેં ફેલોશીપ ટ્રેનિંગ સેન્ટર મદ્રાસ ખાતે એસ્તેરના પુસ્તકના આધારે બાઈબલ અભ્યાસની શ્રેણી ચલાવી હતી. આ શાસ્ત્રભ્યાસ ઉત્સાહપૂર્વક સ્વીકારવામાં આવ્યો. કેસેટમાં ઉતારવામાં આવ્યો. કેટલાક વિદ્યાર્થીઓએ તેને કૉમ્પ્યુટરમાં ફાઈલ કર્યો અને ત્યારબાદ તેને પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવ્યો. સમયના અભાવે એસ્તેરના તમામ પાસાંઓને હું વર્ણવી શક્યો નથી.

આ પુસ્તકમાં શિક્ષણના જે અંશો સમાવ્યા છે તેને વિસ્તૃત રીતે મૂકવામાં આવ્યા છે, અને તદ્ઉપરાંત તેમાં વધારાના બે પ્રકરણ ઉમેરવામાં આવ્યા છે. કેટલાંક વર્ષો પહેલાં ઉત્તર આયર્લેન્ડના બાલાના હીંચ શહેરમાં આવેલા એડનગ્રો પ્રેસ્બિટેરિયન ચર્ચમાં મેં એસ્તેરના પુસ્તક પર એક શ્રેણીમાં શિક્ષણ આપ્યું હતું. એ ઉત્તર આયર્લેન્ડમાં હોય કે ભારતમાં હોય પરંતુ એસ્તેરના પુસ્તકના શિક્ષણની વાસ્તવિકતાએ મારા આત્માને સમૃધ્ધ અને સ્થિર કર્યો છે.

હું ઈશ્વરનો આભાર માનું છું કે, જેમણે મને દેવના વચનની સેવા કરવાની તક ટ્રેનિંગ સેન્ટરમાં, મોટી સભાઓમાં કે નાના જૂથમાં આપી અને લેમેન્સ ઈવેન્જલીકલ ફેલોશીપ સાથે સંગત માણવી તેને હું એક લહાવો ગણું છું. ડૉ.વિલ્સન કે જેમણે મારી હસ્તપ્રત વાંચી અને કેટલાંક અગત્યના મૂલ્યવાન સૂચનો કર્યા કે જેનો આ હસ્તપ્રતમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મદ્રાસમાંના મારા વિદ્યાર્થી મિત્રો ઈસ્હાક, ડેનિયલ અને સુરેશ માર્કુસનો હું ઋણી છું કે જેમણે આ હસ્તપ્રત તૈયાર કરવા રેકોર્ડિંગ દરમ્યાન પરિશ્રમ કર્યો અને ઉત્તેજન પૂરૂં પાડયું જેને લઈને હું આ હસ્તપ્રત તૈયાર કરી શકયો. અંતમાં મારી પત્ની જોઆનનો હું આભારી છું, જેમણે ધીરજપૂર્વક મારી સાથે પરિશ્રમ કર્યો અને મારી હસ્તપ્રતોનું પ્રૂફ રીડિંગ કર્યું.

જો ઈશ્વર આ અભ્યાસ દ્વારા તમારી સમજને તેમનાં વચનો દ્વારા વધુ ઊંડી બનાવે અને તેમની વધુ નજદીક ચાલવા પડકાર આપે તો ઈશ્વરના નામને માન તથા મહિમા મળો.

**- નોર્મન ડંકન**

# પ્રસ્તાવના-પ્રકાશકના બે બોલ...

સ્ત્રીપાત્રો પર આધારીત બે પુસ્તકો બાઈબલમાં (જૂના કરારમાં) આપવામાં આવ્યા છે. બન્ને પાત્રો અને તેમના સંજોગો એકબીજાથી અલગ છે.

એસ્તેરનું પાત્ર ઘણા ચઢાવ અને ઉતારવાળું જોવા મળે છે. એસ્તેરનો સમય પ્રતિકૂળ હતો. બીજી તરફ ઈસ્રાએલ પ્રજાને માટે તે એકમાત્ર ઈશ્વરની વ્યવસ્થા હતી. ઈશ્વર પોતાની જવાબદારી આવા સંજોગોમાં ખૂબ પધ્ધત્તિસર અને સમગ્ર પ્રજાના હિતમાં સદા કરે છે. એક તરફ આહાશ્વેરોશ રાજા બીજી તરફ ઈસ્રાએલ પ્રજા છે. આ બન્નેની વચ્ચે એસ્તેરનું પાત્ર છે. જે ઈસ્રાએલ પ્રજાના પ્રતિનિધિ તરીકે ખૂબ અસરકારક સાબિત થાય છે.

એસ્તેર પોતે નબળી છે. પરંતુ ઈશ્વરની સનાતન યોજનામાં તેને પસંદ કરવામાં આવી હોય તે એક શક્તિશાળી તથા અસરકારક પુરવાર થાય છે. તેના જીવનમાં આ સમગ્ર સમય દરમિયાન નાટ્યાત્મક ચઢાવઉતાર—ફેરફારો સતત આવ્યા જ કરે છે. પરંતુ આ બધામાં પ્રભુ તેની અને સમગ્ર ઈસ્રાએલ પ્રજાની તરફેણમાં હતા તેથી વિજય પ્રભુનો જ થાય છે. પ્રભુના લોક હોવા છતા વિકટ પરિસ્થિતિનો સામનો સતત કરવો પડે છે. પરંતુ તમામ પરિસ્થિતિ પ્રભુના નિયંત્રણ હેઠળ હતી. આ સમગ્ર ઘટનામાંથી એસ્તેર અને ઈસ્રાએલ પ્રજા નવી બનીને—કસાઈને બહાર આવે છે.

આ સમગ્ર પુસ્તકમાં ૪:૧૪, ૧૬ વચનો ખૂબ અગત્યના - ચાવીરૂપ છે. આજના આપણાં સમયમાં પણ એસ્તેરનું પાત્ર મોટો પડકાર આપી જાય છે.

પ્રભુના સેવક નોર્મન ડંકન સાહેબે આ પુસ્તકને યોગ્ય ન્યાય આપ્યો છે. તેઓ સાહેબની પાસે પાળકીય સેવાનાં અને બાઈબલનાં શિક્ષણનો વિશાળ અનુભવ છે. તેઓની સમગ્ર સેવા આયર્લેન્ડ અને ભારતમાં રહેલી હતી. જેટલા સરળ પ્રભુના સેવક ડંકન સાહેબ છે તેટલું જ સરળ તેમનું પુસ્તક છે.

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ આ પુસ્તકનો અનુવાદ કરીને છાપવાનો નિર્ણય કર્યો છે તે એક સ્તુત્ય પગલું છે. અનુવાદકે પણ યોગ્ય કાળજી સાથે જે પ્રયત્ન કર્યો છે તે માટે તેઓના પણ આભારી છીએ. ગુજરાતી સમાજની આગળ આ પુસ્તકને મૂકતા ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી આનંદની લાગણી અનુભવે છે.

રેવ. નોર્મન ડંકન સાહેબનું આ અગાઉ જનસામાન્ય માટે શાસ્ત્રાભ્યાસને ગુજરાતીમાં મૂકવામાં આવેલું હતું. તેને પણ વાંચકોએ વખાણ્યું છે. રેવ. ડંકન સાહેબનું આ બીજું પુસ્તક ગુજરાતીમાં મૂકતા એ આશા જરૂર રાખવામાં આવે કે તેને પણ પ્રેમથી વધાવી લેશો.

આ પુસ્તકના પ્રકાશન પેટે રેવ. નોર્મન ડંકન સાહેબ તરફથી નાણાં મળેલ છે. આ માટે તેઓના આભારી છીએ.

પ્રેમભાવથી

મે, ૨૦૦૫ **રેવ.હેમંતકુમાર જે. પરમાર**

સાહિત્ય સેવા સદન **સેક્રેટરી**

એલીસબ્રીજ, અમદાવાદ

# ૧ પ્રગટ થતી વાત
## (એસ્તેર-૧)

હું આશા રાખું છું કે તમે એસ્તેરના પુસ્તકથી માહિતગાર (પરિચિત) છો. આપણે આ પુસ્તકનો અભ્યાસ કરવા માગીએ છીએ ત્યારે કેટલીક તારીખો આશરે રજૂ કરૂં છું. પ્રથમ ઈબ્રાહિમનો સમય આશરે ઈ.સ.પૂ.૨૦૦૦નો છે. મૂસાનો સમય આશરે ઈ.સ.પૂ.૧૫૦૦નો છે, અને દાઉદનો સમય આશરે ઈ.સ.પૂ.૧૦૦૦નો છે, ત્યારપછીની બે તારીખો ખૂબ મહત્ત્વની છે.

૧.ઈ.સ.પૂ.૭૨૨ - ઉત્તરના રાજ્યનું પતન. આશ્શૂરનો રાજા ચઢી આવ્યો અને બાર કુળોમાંથી દસ કુળોને આશ્શૂર બંદીવાન બનાવીને લઈ ગયો.

૨.ઈ.સ.પૂ.૫૮૬ - દક્ષિણના રાજ્યનું પતન, આશ્શૂર પછી બાબેલના રાજા ચઢાઈ કરવામાં સફળ રહ્યા. નબ્બુખાદનેસ્સાર રાજાની આગેવાનીમાં બાબેલનું સૈન્ય યરૂશાલેમ પર ચઢી આવ્યું, પરિણામે બાકીના બે કુળો પર વિજય પ્રાપ્ત કર્યો. (યહુદાનું કુળ અને બિન્યામીનનું કુળ). બાબેલની ગુલામીનો સમય સિતર વર્ષનો હતો. આ સમય દરમિયાન ઈરાને બાબેલોનને જીતી લીધું. (આશરે ઈ.સ.પૂર્વે ૫૨૦-૫૧૬). જ્યારે ઈરાનનો કોરેશ રાજા બન્યો ત્યારે તેણે યહૂદીઓ પર જીત મેળવી છે, તેવી જાહેરાત કરી (એઝરા ૧). આ રીતે બાબેલની સિતેર વર્ષની ગુલામી પછી જે યહૂદીઓ યરૂશાલેમ પાછા જવા માગતા હતા તેમને તેમ કરવાની છૂટ આપવામાં આવી. એસ્તેરનું પુસ્તક એ ઐતિહાસિક ત્રણ પુસ્તકમાંનું ત્રીજું પુસ્તક છે જેમાં બંદિવાસ અને પછીના સમયની વાત લખવામાં આવી છે.

જે કોઈ બાબતોનો સમાવેશ એસ્તેરના પુસ્તકમાં નથી તેને લીધે એસ્તેરનું પુસ્તક નોંધપાત્ર છે. એસ્તેરના પુસ્તકમાં યરૂશાલેમનો ઉલ્લેખ

નથી. મંદિર વિશેનો પણ કોઈ ઉલ્લેખ નથી. આ પુસ્તકમાં યાજકપદ અને બલિદાનની પધ્ધતિ વિશેનો કોઈ ઉલ્લેખ નથી. અને સૌથી વધુ આશ્ચર્ય પમાડે તે વાત તો એ છે કે આ પુસ્તકમાં ઈશ્વરના નામનો ઉલ્લેખ ક્યાંય નથી. જેઓ હિબ્રૂ ભાષા જાણે છે તેઓ એવું કહે છે કે ઈશ્વરના નામનો આડકતરો ઉલ્લેખ છે. આનો અર્થ એ થાય કે ઈશ્વરના નામનો ઉલ્લેખ જાણી જોઈને કરવાનો રહી ગયો છે. મેથ્યુ હેનરી બુધ્ધિપૂર્વક ઉત્તર આપતાં જણાવે છે કે, "ભલે ઈશ્વરનું નામ આ પુસ્તકમાં નથી, પરંતુ તેની આંગળી આ પુસ્તકમાં છે." આ આખા પુસ્તકમાં ઈશ્વરનો હાથ જોઈ શકાય છે. જો તમને તે પ્રમાણે જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય તો ઈશ્વર આ સમગ્ર વાર્તામાં છે તેવું તમને દેખાશે.

એડિનબરોના જેમ્સ ફિલિપ,એસ્તેરના પુસ્તકમાં ઈશ્વરની ગેરહાજરી દ્વારા પણ ઉત્તેજનનો પાઠ શીખવે છે. જ્યારે ઈશ્વરના સેવકો યુધ્ધ કરતાં હોય અને સંઘર્ષ કરતાં હોય ત્યારે અંધકારના અને શેતાનના પરિબળોને એવું વિચારવાનું પરીક્ષણ આવે કે ઈશ્વરની ગેરહાજરી છે. પરંતુ જ્યારે ઈશ્વર ક્યાંય ન દેખાય અને આકાશ તેજસ્વી પીળા રંગનું દેખાય, ત્યારે આ પુસ્તક એવું જાહેર કરે છે કે ઈશ્વર છે. "ચૂપચાપ તેમના પર પ્રેમ દર્શાવવાનું ચાલુ રાખે છે." (સફા. ૩:૧૭)

## ૧. આહાશ્વેરોશ રાજા અને વાશ્તીરાણી (૧:૧-૧૦)

એસ્તેરના પુસ્તકની વાર્તાને આપણે જાણીએ છીએ ત્યારે ખયાલ આવે છે કે આ દૃશ્ય સૂસા (જે સૂસાનના નામથી પણ ઓળખાય છે) કે જે ઈરાનમાં છે તેનું છે. અને આહાશ્વેરોશ તે આખા રાજ્યનો રાજા છે. ઈતિહાસ પ્રમાણે આહાશ્વેરોશ ઝેરઝેસ (Xerxes) પહેલાં તરીકે પણ ઓળખાય છે, તેણે ઈ.સ.પૂ.૪૮૬-૪૬૫ સુધી રાજ કર્યું, તેણે કોરેશ (એઝરા ૧) અને દાર્યાવેશ (એઝરા ૫,૬) પછી રાજ કર્યું.પરંતુ એલેકઝાંડર પ્રથમની પહેલાં રાજ કર્યું (એઝરા ૭ થી ૧૦, નહે. ૧થી ૧૩) જે દાર્યાવેશ પછી રાજા બન્યો, જેના વિષે આપણે દાનિયેલના પુસ્તકમાં વાંચીએ છીએ. ઈસ્રાએલ પ્રજા બંદિવાસમાં હતી ત્યારે તેઓ

સહનશીલ હતી. તે વિશે આ પુસ્તક જણાવે છે,અને ખાસ કરીને જેઓ ગુલામીમાંથી પાછા આવી શક્યા નહિ. તેમની વાત જણાવે છે. જ્યારે બીજા ઝરૂબાબેલના તાબા નીચે રહ્યા. જગતના ઈતિહાસથી આપણે જાણી શકીએ છીએ કે, આહાશ્વેરોશ બેફિકરો, ખાઉધરો, દારૂબાજ અને વાસનાયુક્ત ઘાતકી વ્યક્તિ હતો. આના ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે આવું ચિત્ર એસ્તેરના પુસ્તકમાં બંધબસતું આવે છે. યાદ રાખીએ કે તેની પાસે એકસો સત્યાવીસ રાજ્યો હતાં. ઈરાનના રાજાની હદ ભારતથી શરૂ કરીને ઈથીયોપીઆ સુધી હતી. બાઇબલમાં ભારતના નામનો ઉલ્લેખ ફક્ત અહીં જ કરવામાં આવ્યો છે.

શરૂમાં એવું દશ્યમાન થાય છે કે આહાશ્વેરોશ રાજાએ "રાજવી પ્રદર્શન" ગોઠવ્યું હોય, એક એવું મહાન (ભવ્ય) પ્રદર્શન છે કે જેમાં તેણે તમામ નામી વ્યક્તિઓને નિમંત્ર્યા છે. આ પ્રસંગે ભવ્ય ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે કે જે છ મહિના સુધી ચાલ્યું હતું. આખા પ્રસંગમાં છોગારૂપ ભવ્ય દાવતનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં અર્વાચીન રાજદરબાર, એક એવી વ્યક્તિ કે જેના ચારિત્ર્યને ન સ્વીકારી શકાય તેવી, ઈશ્વર વગરનો ભવ્ય રાજ ઉત્સવ, જોવા મળે છે. વર્ણવવામાં આવ્યું છે તે મુજબ રાજાની પાસે અકલપ્ય સંપતિ હતી કે જેમાંથી પાટનગરના દરેક નાગરિકને માટે સોનાના વાસણો પૂરતા થઈ રહે તેટલા પ્રમાણમાં હતા (કલમ ૫,૭-૮). કલમ ૮માં આપણે વાંચીએ છીએ, "તે નિયમસર પીવામાં આવતો, કોઈપણ બળાત્કાર (બળજબરી) કરી શકતું નહીં..." એન.આઈ.વી. (ન્યુ ઇંગ્લીશ વર્ઝન - બાઇબલનો એક અનુવાદ)માં આ વાતને વધુ સારી રીતે સમજી શકાય છે. "રાજાના આદેશ અનુસાર દરેક મહેમાનને પોતપોતાની રીતે પીવાની છૂટ (મરજી કે પરવાનગી) હતી." મહેમાનો બધું જ પીને ખલાસ કરી નાખે તે માટે કંઈ પણ મર્યાદા મૂકવામાં આવી ન હતી. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે દ્રાક્ષારસનું પ્રમાણ અમર્યાદિત હતું, ઘણા લોકો શહેરમાંથી આવીને મુક્તપણે બરાબર અસર થાય ત્યાં સુધી પીતા.

પરંતુ કલમ ૧૦ને બરાબર નોંધો. "જ્યારે રાજાનું મન (હૃદય) દ્રાક્ષારસથી મગ્ન હતું." ડબલ્યુ.એમ. ટેલર આ કલમનો અનુવાદ આ પ્રમાણે કરે છે. "દ્રાક્ષારસથી બરાબર (પૂરેપૂરો) ચકચૂર થયો." (heated with wine) એક લેખક કલમને આ રીતે વર્ણવે છે: "અને સાતમા દિવસે જ્યારે દ્રાક્ષારસ રાજાના મગજ સુધી ચઢ્યો ત્યારે...." આનો અર્થ એ નથી કે ખરેખર તે પીધેલો હતો.દારૂ પીવો એ આ જગતમાં એક દુષ્ટ અને કમનસીબ બાબત છે. દારૂ એક માદક પીણું છે. (જેનાથી નશો થાય છે.) ટી.મેક્કી આ પ્રમાણે તેને વર્ણવે છે. "માદકપીણું ન પીવું તેની અને નમ્ર હોવું તે બે વચ્ચે તફાવત છે. વ્યક્તિ કદાચ બરાબર બોલી શકે અથવા ચાલી શકે, અને છતાં વધુ પ્રમાણમાં નશાની અસર કરે તેવો દારૂ પીતો હોય અને પોતે તે સંબંધી ક્ષોભ અનુભવતો હોય. આમ છતાં તે પોતાનું ભાન ન ગુમાવતો હોય, છતાં પોતાની સભાન અવસ્થાનો જે રીતે ઉપયોગ કરવો જોઈએ તે બાબત ગુમાવી દેતો હોય." રસ્તા પરના ઘણા અકસ્માત અને નોકરી પરના ઘણા અકસ્માત કે નુકસાન એ આ પ્રકારના વ્યસનને આભારી છે. વ્યક્તિ પોતે પોતાના સ્વભાવના સમતોલપણાને નુકસાન પહોંચાડવા ઘણું કરે છે. વ્યસન કરે છે. તેનો પોતાનો નિર્ણય ભ્રષ્ટ થયો છે, તેની ઇચ્છાને અસર પહોંચી છે, તેના વર્તુળને અસર થઈ છે, આને પરિણામે તે બેચેન બન્યો છે અથવા તો તે સભાન બન્યો છે. વ્યસન કરવાથી (દારૂ પીવાથી) કેવી દારુણ (કરુણ) સ્થિતિ સર્જાય છે. ત્યારબાદ મદ્યપાન કરવાથી ઘરમાં અને કુટુંબોમાં કેવી ભયાનકતા ઊભી થાય છે તેનો વિચાર કરો, કુટુંબો ભંગિત થઈ ગયાં છે. પત્નીઓને મારવામાં આવે છે, બાળકોને જીવનની પ્રાથમિક જરૂરિયાતથી વંચિત રાખવામાં આવે છે. જેવાં કે ખોરાક, અને કપડાંથી, કુટુંબો તૂટી ગયાં છે અને મદ્યપાનની ખરાબ ટેવને કારણે જીવનો બરબાદ થઈ ગયાં છે. હવે આવી પરિસ્થિતિમાં વ્યક્તિને માટે શું એ જરૂરી નથી કે તે બધાની સંગતમાં રહે?

એસ્તેરના પુસ્તકના લેખકે આહાશ્વેરોશનું ચિત્ર ભ્રષ્ટ, દુષ્ટ અને મૂર્ખ રાજા તરીકે કર્યું છે. તે તેના આગેવાનોને ભ્રષ્ટ કરે છે. આળસુપણાને

ઉત્તેજન આપે છે, અનહદ મદ્યપાન કરે છે અને આ બધું એટલે સુધી થાય છે કે તે તેના ગુસ્સા પરનો કાબૂ પણ ગુમાવી બેસે છે. એક રાજાને માટે આ બધી બાબતો વધુ પડતી કહેવાય. વાશ્તી રાણી વિશે શું?

## ૨.વાશ્તીની વર્તણૂક (૧:૧૦-૨૨)

પ્રથમ અધ્યાયનું કરુણ પાત્ર મારા મતે વાશ્તી છે. આપણે તેની પશ્ચાદભૂમિકા બહુ થોડી જાણીએ છીએ. આપણને એવું જણાવવામાં આવ્યું છે કે તે ખૂબ સુંદર છે. તે ફક્ત રાજાની પત્ની જ નથી, (યાદ રાખો કે રાજાને ઘણી પત્નીઓ હતી, પરંતુ તે તેની રાણી પણ હતી. રાજાનું હૃદય/મન) દારૂથી રાજા મગ્ન થાય છે ત્યારે રાજા તેના દરબારીઓને વાશ્તી રાણીને લાવવાનો આદેશ આપે છે કે જેથી રાણી તેની સુંદરતા રાજાના પુરુષ મિત્રો (મહેમાનો) આગળ રજૂ કરે. (ક.૧૦-૧૧) એક બાબતની ખાસ નોંધ લો,વધુ પડતા વૈભવની દુષ્ટ અસર અને રાજદરબારમાં પોતાની જાતને (સ્વ) રજૂ કરવી. જે તે રીતે આ બનાવ બન્યો તેની દુષ્ટ અસર પડે છે. આ પ્રકારના મદ્યપાનથી મસ્ત થયેલાઓ કઈ દિશામાં દોરી જાય છે! દારૂ સુષુપ્ત જાતીયતાને ઢંઢોળે છે, પરંતુ તે કદી સંતોષાતી નથી.રાજા તેની સ્વરૂપવાન રાણીને મોકલે છે કે જેથી રાણી પોતાની જાતને રજૂ કરી શકે. આનો અર્થ એ થાય કે રાજા એવું ઈચ્છતા હતા કે રાણી તેના મહેમાનોની આગળ પોતાને પૂરેપૂરી રજૂ કરે. આ શરમજનક પરિસ્થિતિ (સ્થિતિ) હતી. પરંતુ આપણને એવું કહેવામાં આવ્યું છે કે વાશ્તીએ આ તમામ બાબતને નકારી (ક.૧૨). વાશ્તી કહે છે, "ના" તેણી આ બીભત્સ સૂચનની સામે ઊભી રહી.અમુક બાબતોને માટે જ્યારે તે સિધ્ધાંતની ખાતર ઊભી રહી ત્યારે તેના હૃદયમાં એક જુદા જ પ્રકારની લાગણી થઈ આવી. કારણ કે તેણીએ પોતાના સ્ત્રીત્વને માન આપ્યું હતું. પોતાના આ નિર્ધારને માટે તેણી પાસે હિંમત હતી. જ્યારે આ સ્ત્રીએ "ના" કહ્યું ત્યારે આખા સામ્રાજ્યના રાજાની સામે બળવો કર્યો કહેવાય કારણ કે આખા રાજ્યમાં રાજાનું સ્થાન સર્વોચ્ચ હતું.

હવે શું તમે આ આખી ઘટનાનું ચિત્ર દોરી શકો? આ રહ્યા આ વિશાળ સામ્રાજયના સર્વોચ્ચ નેતા અને આ રહ્યા તેનાં રાણી કે જે તેની પત્ની છે. રાજાની પત્ની જાહેરમાં તેને સહકાર આપવાને બદલે તેનો નકાર કરે છે. જ્યારે તમે તેણીની પરિસ્થિતિની કલ્પના કરો, ત્યારે એ ખયાલ આવે છે કે આ રાણીનું કાર્ય કેવું હતું! આ તો જોખમની સામે લડવા બરાબર હતું. કારણ તે પોતે પોતાના આવા વર્તનથી પોતાનું રાણીનું પદ ફક્ત ગુમાવશે એટલું જ નહિ, પરંતુ તેણીનું માથું પણ ઉડાવી દેવામાં આવે. શું તેણીને "ના" કહેવાનો નૈતિક અધિકાર હતો અને તે પણ જાહેરમાં લોકોની સમક્ષ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જુદા જુદા મત હોઈ શકે. હું એવું માનું છું કે તેણીએ જે કર્યું તે માટે તે તદન સાચી હતી. એ વાત સાચી છે કે પુરુષ એ સ્ત્રીનું શિર છે કારણ કે તેને ઈશ્વરે નીમ્યો છે.પરંતુ ધણીપણું એ પૂરેપૂરી રીતે સરમુખત્યાર થવા માટે નથી. જે કંઈ ખોટું છે તેવું કરવાનું કહેવાના અધિકાર કોઈ પણ પતિને પત્ની માટે મળતો નથી.

જે રીતે દેશમાં સર્વસંમતિ માટેની આઝાદી છે તેવી આઝાદી પવિત્ર ઘર માટે પણ છે. બાઈબલ શીખવે છે કે પતિ તે કુટુંબનો શિરપતિ છે. પરંતુ જ્યાં સર્વસંમતિ જોખમમાં હોય, જ્યાં સિધ્ધાંત એ પ્રશ્ન બનતો હોય, જ્યાં ચારિત્રને નુકસાન થતું હોય તેવા સંજોગોમાં પત્નીઓને પોતાના નિર્ધાર (નિર્ણય) પ્રમાણે વર્તવાની છૂટ મળવી જોઈએ. યોગ્ય રીતે વિચારનાર પતિ એથી ઊલટી રીતે વર્તવાનું કહેશે નહિ.તેથી અહીં હું પતિ-પત્નીના સંબંધોને પવિત્રશાસ્ત્ર બાઈબલના સંદર્ભમાં જોવા માગું છું.

આ મુદ્દાને વધુ સ્પષ્ટ કરવા દો. આત્મિક રીતે અનંતકાળની બાબતમાં સ્ત્રીને પણ પુરુષ જેટલું જ સરખું સ્થાન મળ્યું છે. ઈશ્વરની દૃષ્ટિમાં પુરુષની જે કિંમત છે, તેટલી જ કિંમત સ્ત્રીની આંકવામાં આવી છે. પરંતુ જ્યારે તમે આ વાતનું સમતોલપણું જાળવો છો ત્યારે તમારે એ વાત યાદ રાખવી જોઈએ કે આ પૃથ્વી પર તેને પુરુષની સહાયકારી બનાવી છે. હવે સ્ત્રી ખરેખર શું છે અને સ્વર્ગમાં શું હશે, આ બાબત

પૃથ્વી પરના તેના સ્થાન કરતાં જુદી છે. પ્રભુની દૃષ્ટિમાં તેનું અનંતકાળનું જે મૂલ્ય છે, તે કોઈ લઈ લેશે નહિ, પરંતુ તે બની શકે કે પુરુષના સ્થાન (મોભા) કરતાં તેનું સ્થાન (મોભો) આ પૃથ્વી પર જુદો હોઈ શકે. અત્યારે આધુનિક જગતમાં આખા વિશ્વમાં સ્ત્રીઓને માટે આ સ્વીકારવું અઘરું છે. જો સ્ત્રીને પુરુષની સહાયકારી તરીકે બનાવી હોય તો તેનું કારણ એ છે કે પુરુષને તેના કરતાં પહેલાં બનાવવામાં આવ્યો હતો. પરંતુ એ વાત યાદ રાખો કે માણસ (પુરુષ) એ ખ્રિસ્ત કરતાં ઊંચો નથી. "દરેક પુરુષનું શિર એ ખ્રિસ્ત છે." આ સત્ય બાઇબલ શીખવે છે. કદાચ કોઈ એવું કહે કે એ જુદી વાત છે. કારણ કે ખ્રિસ્ત ઈશ્વર છે અને માણસ તે પાપી છે.પરંતુ આ ઉદાહરણને ધ્યાનમાં લો કે, ઈશ્વરપિતા એ ઈસુ ખ્રિસ્તનું શિર છે. પિતા અને પુત્ર એ સમાન છે, પરંતુ ઈશ્વરની ઇચ્છા એ હતી કે પુત્ર તેના પિતાને સ્વીકારી આધીનતાની સ્થિતિ સ્વીકારે. (આ શિક્ષણ ઉત્પ. ૨: ૧૮-૨૫, ૧ તિમોથી ૨:૧૧-૧૫ અને ૧ પિતર ૩:૧-૭માં મળે છે.)

ગલા. ૩:૨૮માં પાઉલ પુરુષ અને સ્ત્રીની સમાનતાની વાત જણાવે છે. "તેમાં નથી યહૂદી કે ગ્રીક, નથી ગુલામ કે સ્વતંત્ર, તેમાં નથી પુરુષ કે સ્ત્રી, પરંતુ ઈસુ ખ્રિસ્તમાં બધાં એક જ છે." સ્ત્રી તે ઊતરતી કક્ષાની નથી. પોતાનાં પાપને લીધે તે સૃષ્ટિસર્જનમાં પૂરક અને આધીન બનાવી છે. પરંતુ ઈશ્વરે પાપ પ્રત્યે પોતાની પ્રતિક્રિયા આપી છે. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા આપણે નવસર્જનમાં પ્રવેશીશું. જ્યાં પુરુષો સ્ત્રીઓથી પહેલાં નહિ હોય. આ બાબતનો ક્રમ શાસ્ત્રમાં આપવામાં આવ્યો છે. ઈશ્વરની દૃષ્ટિમાં સ્ત્રીને પણ પુરુષ જેટલો જ અધિકાર છે. પરંતુ ખ્રિસ્તની મંડળીમાં અને રાજ્યમાં તેની સેવા માટેનું સ્થાન પુરુષ કરતાં જુદુ છે, એ ફક્ત જુદું છે, પરંતુ ઊતરતું નથી. કાર્યની નોંધ લો.

હું ફરીથી વાશ્તીની વાત તરફ આવું છું. રાજા કે જે તેનો પતિ છે તેની માંગણીને નકારવી (અવરોધવી) તેમાં સ્ત્રીના સ્થાનની વિરુધ્ધનું કશું નથી. જ્યારે રાજાએ તેણીના સ્વરૂપને અતિ કિંમતી ખજાના તરીકે

રજૂ કરવાનો આગ્રહ રાખ્યો ત્યારે આ પ્રકારની માંગણી એ કોઈપણ સ્ત્રીને માટે અવ્યવહારુ કહી શકાય. તે તેની પત્નીને એક વ્યક્તિ કરતાં પણ નીચે ગણી રહ્યા હતા. તે પોતાની જાતીયતાની ઈચ્છાને ઉપસાવી રહ્યા હતા. યોગ્ય વાતાવરણમાં આધીનતા એ આજ્ઞા પાળવા યોગ્ય છે. આ પ્રકારના વ્યવહાર દ્વારા આવી રમત રમવાની બાબત તે રાણી સાથે કે કોઈપણ પત્ની સાથે ન થવી જોઈએ.

વાશ્તીના આ વલણને રાજદરબારમાં લોકોએ તિરસ્કાર્યું હોય અથવા ધિક્કાર્યું હોય. પોતાના સ્થાન (મોભા)ને આ રીતે વેડફી દેવાથી ઘણાએ તેને મૂર્ખ પણ ગણી હોઈ. આ પ્રમાણે કરવાથી તેણીએ પોતાની સર્વસંપતિ, સલામતી અને ઘણું કરીને પોતાનું જીવન પણ ગુમાવવું પડે, પરંતુ આ તો તેના ખરા ચારિત્ર્યની કસોટી હતી. પોતાના સ્થાન, સત્તા અને મોભાના કરતાં એ સિધ્ધાંતને માટે ઊભી રહી. જીવનમાં સ્થાન, સંપતિ અને સલામતી કરતાં બીજું ઘણું મહત્ત્વનું હોય છે. ઈશ્વરની આગળ શુધ્ધ મન એ તેમાંની પ્રથમ બાબત છે. તે રાત્રે તેણી શાંતિથી ઊંઘી શકી હશે. જે કંઈ સત્ય અને ઉમદા હતું, જે પોતે માનતી હતી તે માટે તે રાજા આગળ ઊભી રહી શકી હતી.

કદાચ તમારા જીવનમાં કસોટી આવે અને કદાચ આવી કસોટી ઑફિસમાં, ફેકટરીમાં, શાળામાં, કોલેજમાં અથવા ઘરમાં આવે તો શું તમે જે કંઈ સત્ય અને યોગ્ય છે તેની ખાતર ઊભા રહેવા તૈયાર છો? તમારી ઑફિસમાં કે ધંધામાં તમારા ધોરણને લાગુ કરતાં કે જે ખ્રિસ્તી સિધ્ધાંતો અને ઈશ્વરનાં વચનો પર આધારિત છે અને જો કોઈ વિરોધાભાસનો સામનો કરવો પડે તો તમે શું કરશો? દાખલા તરીકે, લાંચ લેવી એ એક ટેવ છે, અથવા કાળું નાણું જમા સામેલ છે, તો શું તમે જે વ્યવહાર છે તેની સાથે સહમત થશો અથવા તમે ધંધાના સંદર્ભમાં જે વ્યવહાર છે તેમાં પ્રમાણિકપણાને વળગી રહેશો? થોડા રૂપિયા માટે અથવા હજારો રૂપિયા માટે તમારા આત્માને વેચી રહ્યા છો? કદાચ તમે કહો "દરેક જણ આ પ્રમાણે કરે છે. આજના વેપાર ધંધાની આ જ રીત

છે." હું તમને પૂછું છું, શું તેઓ સાચું કરી રહ્યા છે? આવા પ્રકારના વ્યવહારથી શું પ્રભુ ખુશ છે?

આજના જે જગતના ધોરણને આપણે માન્યતા આપીને સ્વીકારીએ તે માટે આપણને સતત પડકાર મળતો રહે છે. મનોરંજનના જગત વિશે વિચારો! વર્તણૂકની પધ્ધતિઓ વિશે વિચારો! જુવાનો તેમની આસપાસના લોકો કરતાં અલગ પડવા માગતા નથી. આપણને કોઈને ટીકા, મજાક, મશ્કરી અથવા અપમાનિત સ્થિતિ ગમતી નથી. જે "જૂની ફેશન" છે તે અથવા ન ગમે તેવા વિચારોને નજર અંદાજ કરીએ છીએ. ખાનગી રીતે જો જોઈએ તો આપણે સમૂહ(ટોળા) સાથે જ ચાલવા માગીએ છીએ. જે આપણે સાચું માનીએ છીએ. તેના લીધે કોઈ આપણા પર હુમલો કરશે તેવો ભય રહે છે. આવા સંજોગોમાં આપણે આપણા અંતરઆત્માને દબાવીએ છીએ અને પોતાની સાથે દલીલ કરતાં એવું પોતાને કહીએ છીએ, આ તો સ્વીકાર્ય છે. આ બાબત આપણને આપણાં ખ્રિસ્તી સિધ્ધાંતો તે નજરઅંદાજ કરવા તરફ દોરે છે, પરિણામે તે બાબત આપણને દુષ્ટ બાબતો સાથે સમાધાન કરવા તરફ દોરે છે. મિત્રો, "તમારી આસપાસના જગતને તેના ઢાંચા પ્રમાણે તમે ઢાળવા ન દેશો, પરંતુ તમારા આંતરિક જીવનનું નવસર્જન ઈશ્વરને કરવા દો, કે જેથી તમે એ સાબિત કરી શકો કે તમારા માટેની ઈશ્વરની યોજના સારી છે, કે જેમાં તમારી તમામ જરૂરિયાતો સંતોષાય છે કે જે તમને સાચી પરિપક્વતા તરફ દોરી જાય છે. (રૂમી ૧૨:૨-૩) ઈશ્વર એવા ભાઈઓ અને બહેનોને શોધે છે કે જેઓ સત્યને, એકતાને, ન્યાયપણાને, સુઘડતાને, શુધ્ધતાને માટે જેવી રીતે વાશ્તી રાણી ઊભી રહી તેવી રીતે ઊભા રહે. પછી ભલે તેમ કરતાં દુઃખસહન કરવાનું આવે કે કશું ગુમાવવું પડે છતાં ઊભાં રહે.

### ૩. સામાન્ય પ્રસંગોમાં સામર્થ્યવાન પ્રભુનો હેતુઃ

વાશ્તીને તેના સ્થાનેથી ખસેડવામાં આવી એ ખરેખર દુઃખદ વાત છે કે પોતના અણિશુધ્ધ ચારિત્ર્યને કારણે તેણીએ લોકોની આગળ

પોતાનું પ્રદર્શન કરવાનું નકાર્યું. આના પરિણામે શાંતિનો તેનો દરજ્જો તેણીએ ગુમાવ્યો. પરંતુ તેણીએ આશ્ચર્યકર્મ કરનાર તેવા પ્રભુને કે જે પોતાના હેતુઓ અને કરારોને ખાસ કરીને તેની મંડળી અને લોકો સાથે સંબંધોના સંદર્ભમાં પરિપૂર્ણ કરે છે તેવા પ્રભુને ન તરછોડ્યા. વાશ્તીના છૂટાછેડાએ એસ્તેર કે જે યહૂદી છે અને જે રાણી બની તેને માન મળે તે માટે માર્ગ તૈયાર કર્યો. આ પ્રમાણે થવાથી એસ્તેર તેની મારફતે ખ્રિસ્તના આવવાનો માર્ગ તૈયાર કરે છે. તેને એવા સમયે રાણીનું સ્થાન મળ્યું કે જ્યારે તે રાજા પર અસર પાડી શકે.

પ્રભુની પોતાની યોજનાઓ પોતાના લોકોને માટે આગળ ધપાવવાના બદલે આ સમયે આપણે ઈશ્વરના સામર્થ્યવાન હાથને આ પ્રસંગોમાં આદેશ આપતા જોઈએ છીએ. જો આહાશ્વેરોશે ખાણાનું આયોજન ન કર્યું હોત, જ્યારે તે જાણે કે દારૂ સાથે પરણ્યો હતો. (દારૂમાં જ વ્યસ્ત રહેતો હતો) ત્યારે તેના મગજમાં એ વિચાર ન આવ્યો હોત, જો તેણે આ અભદ્ર પ્રસ્તાવ ન કર્યો હોત. જો આહાશ્વેરાશ ઓછો કિંમતી અને ઓછો અભિમાની હોત, જો વાશ્તી નબળા મનની હોત, જો માદીઓ અને ઈરાનીઓના કાયદાઓ બદલી ન શકાય અથવા રદબાતલ ન થઈ શકે તેવા હોત તો જરા વિચારો: તો પછી વાશ્તી તેનું સ્થાન જાળવી રાખી શકી હોત અને તો પછી એસ્તેર અંધકારમાં જ જીવતી હોત. તો પછી યહૂદી રાષ્ટ્રને ખલાસ કરી નાખવાનો જે આખો તખતો હામાને ગોઠવ્યો હતો તેને કોઈ રોકી શક્યું ન હોત. જો એમ થયું હોત તો એ મોટો વિનાશ હોત! પરંતુ સર્વ પરિસ્થિતિમાં પ્રભુ રાજ કરે છે! ઈશ્વર પોતાના રાજ સિંહાસન પર બેઠેલા છે.

જેઓના અંતઃકરણ પ્રભુ ઈસુ પ્રત્યે સાચાં છે તેઓને શેતાન કેવા ધિક્કારે છે, કારણ કે શેતાન પ્રભુ ઈસુને ધિક્કારે છે! પરંતુ શેતાન જ્યારે ઈશ્વર (માણસ)ના દીકરાની એડી છૂંદશે. (ઉત્પ. ૩:૧૫), ત્યારે તેનું પોતાનું શિર પણ છુંદાશે. આ વાતને બીજી રીતે મૂકો. શેતાન તેની દુષ્ટ બાબત પ્રભુના લોકો સામે વાપરશે, ત્યારે પ્રભુ તે બધી બાબતોને તેઓના

ભલાઈના પરિણામ વિશે ઉપયોગ કરશે. જ્યારે શેતાન યહૂદીઓનો વિનાશ કરવા ચાહતો હતો તેવા સંજોગોમાં પ્રભુની પાસે તેઓને માટે હેતુ હતો. એસ્તેર અને મોર્દેખાયને પ્રભુ આ સંજોગોમાં આગળ લાવ્યા, અને હામાન કે જે પ્રભુના લોકોનો વિરોધી હતો, તેને ટાંગી દેવામાં આવ્યો. આ રીતે પ્રભુ ઈસુના આવતા સુધી યહૂદી લોકોને બચાવી લેવામાં આવ્યા. આ તો પ્રભુની રીત (પધ્ધતિ) છે. પ્રભુની પાસે હેતુ છે કે જેથી આપણે ઝાંખું જોઈએ, તે શેતાનને (દુષ્ટને) તેના મહિમા માટે વાપરે છે. આ તો આપણી જવાબદારી છે કે આપણે તેમને વિશ્વાસુ રહીએ. તેમની ઈચ્છાને શોધીએ, તેમના હેતુઓને અનુસરીએ અને આપણી વિરુધ્ધની દરેક બાબતનો પુનરુત્થાન પામેલા અને વિજયી પ્રભુ ઈસુના સામર્થ્યમાં સામનો કરીએ. પ્રિય ખ્રિસ્તી મિત્રો, તમારાં હ્રદયોને ભંગિત થવા દેશો નહિ. ગભરાશો નહિ અને નિરાશ પણ થશો નહિ. જો ઈશ્વર તમને તેની તરફ દોરી રહ્યા છે, તો પછી તે શેતાન અને તેના તમામ અપદૂતોની એ જ ચિંતા કરશે. પ્રભુને તમારાં જીવનોને દિશા આપવા દો, તમારાં જીવનો તેમને આધીન કરો, અને તમે કદી કલ્પના ન કરી હોય તેના કરતાં તમારા જીવનો વધારે સમૃધ્ધ અને સંતોષકારક બની શકશે.

# ૨ એસ્તેરની રાણી તરીકેની પસંદગી

## (એસ્તેર-૨)

જ્યારે વાશ્તીએ રાજાની વિનંતીને ઠુકરાવી, ત્યારે રાજાએ તેના સલાહકારો સાથે પરામર્શ કર્યો અને એવો નિર્ણય કરવામાં આવ્યો કે તેણીને રાણીના પદેથી પદભ્રષ્ટ કરવામાં આવે. પહેલા અધ્યાયની ઘટના રાજાના રાજ્યકાળના ત્રીજા વર્ષે બની (ક.૩).પરંતુ ૨:૧૬માં દષ્ટિ કરીએ તો જણાય છે કે સાતમા વર્ષે નવી રાણીની પસંદગી કરવામાં ન આવી ત્યાં સુધી તે પ્રમાણે બન્યું ન હતું. જે વિલંબ થયો તેની આપણે ગણતરી કેવી રીતે કરી શકીએ? આ વચગાળાના સમયમાં શું બન્યું? રાજા શું કરતા હતા? આપણે એવી અપેક્ષા રાખી ન શકીએ કે રાજા આટલો લાંબો સમય રાહ જોતા હતા! શું તમે એવું માનો છો? આખરે તે મોટું સામર્થ્ય(તાકાત) અને અધિકાર ધરાવનાર વ્યક્તિ છે.પરંતુ આપણે એ શોધી કાઢ્યું કે બીજી એવી બાબતો હતી કે જેની તેમને કાળજી લેવાની હતી.

ફરીથી આ બાબતને સમજવા માટે શાસ્ત્રના પ્રમાણમાંથી જગતના ઈતિહાસ તરફ જવું પડે. જો આપણે આહાશ્વેરોશ તે જ ઝેરઝેસ (Xerxes) છે તેનું સ્વીકારીએ તો પછી આપણને વિલંબ થયો હોય તેમ લાગે. જગતનો ઈતિહાસ જણાવે છે કે, આ વર્ષો દરમિયાન ઝેરઝેસ ગ્રીક સામેના વિનાશક પ્રયત્નોમાં પોતે વ્યસ્ત હતો. એ સર્વ વિદિત બાબત છે કે તે તેના ચોથા વર્ષે એશિયા માઈનોરના સાર્દિશ ગયો હતો અને તે પછીના વર્પની વર્ષાઋતુમાં તેણે યુરોપ તરફ પ્રયાણ કર્યું હતું. થર્મોપાઈલેઈની લડાઈ ઉનાળામાં થઈ હતી. જ્યારે તેનું સલામીસ(Salamis)નું દરિયાઈ યુધ્ધ પાનખરમાં ઘણાં બધાં દરિયાઈ જહાજો હોવા છતાં હારી ગયો. તે વર્ષ પછીના વર્ષ (તેના છઠ્ઠા વર્ષે) પ્લાટાઈઆ (Plataea) અને માયકાલે (Mycale)ની લડાઈઓ થઈ.

ત્યારબાદ ઝેરઝેસ સાર્દિશ પાછો ફર્યો, ત્યાં થોડો સમય રહ્યા બાદ તે સૂસા (Susa) પાછો ફર્યો. આ બધી બાબત ઝેરઝેસને માટે વિનાશક પ્રતિયોગિતા બની રહી. આનાથી તેનું પ્રભુત્વ સાબિત કરી ન શક્યો. પરંતુ તે નિષ્ફળ ગયો. પોતાનું સામ્રાજ્ય ટકાવી રાખવા માટે પરદેશમાં જેટલો તેનો પરાજય (નિષ્ફળ) થયો તેનાથી વધારે સફળતા ઘરઆંગણે મેળવવી જોઈતી હતી.

## ૧. આહાશ્વેરોશને અપાયેલ વહીવટદારોનું મંડળ (૨:૧-૪)

અધ્યાય૧-૪માં રાજાને જે સલાહ આપવામાં આવી હતી તે ખરાબ સલાહ હતી. સુસંસ્કૃત, તત્વજ્ઞાન અન્યાયી વહીવટદાર (રાજકર્તા)ને ઉત્તેજન આપે છે. અથવા સરમુખત્યારને પોતાના આનંદપ્રમોદ તરફ દોરી જાય છે, પરંતુ આહાશ્વેરોશ રાજાને અપાયેલ વહીવટદારોના મંડળે તમામ પ્રકારની છૂટ આપતા પ્રસ્તાવને મંજૂરી આપી. રાજાને માટે ખરાબ બાબત એ હતી કે તે પોતે પોતાની સફળતાના વિચારોમાં વ્યસ્ત રહેતો હતો. તેને પોતાને પોતાના દેશના પ્રશ્નો માટે વધારે કાળજી (લાગણી) હોવી જોઈએ. જુવાન સ્ત્રીઓને માટે તે ખરાબ હતું. કારણ કે તેઓ પોતાને રાજવી ઘરાનાના આનંદપ્રમોદ માટેનાં સાધનો તરીકે પોતાને ગણવા ઉત્તેજન આપતા હતા. વિસ્તૃત રીતે વાત કરીએ તો તે આખી પ્રજાને માટે ખરાબ હતું. તમે જે વાત ગ્રહણ કરો તે આ છે. જો કે આ દુષ્ટ અને ખરાબ સલાહ છે. જો કે ભલાને માટે ઈશ્વરે તેના પર વિજય મેળવ્યો છે. યુવતીઓમાંથી જે યુવતીને રાજા સમક્ષ લઈ જવામાં આવી હતી તે તો એસ્તેર હતી. એસ્તેર તે મોર્દખાયની પિત્રાઈ હતી. એક સુંદર યહૂદી યુવતી હતી. જોગાનુજોગ એસ્તેરની નવી રાણી તરીકે પસંદગી થઈ હતી. કલ્પના કરો કે એક ખૂબસૂરત યુવતીને તેના સામાન્ય ઘરમાંથી ઊંચી પદવી સાથે વૈભવી રાજમહેલમાં રહેવાની તક મળી હતી.

જોકે આ પદ માટે ઘણા ઉમેદવારો હતા પરતું તેને માટે એક જ મુકકર થઈ.એસ્તેરની પસંદગી શા માટે અને કયા હેતુસર થઈ હતી?

ઈશ્વર ફક્ત એસ્તેરની આબાદીને માટે અને તેની ખુશીને માટે જ વિચારતા ન હતા, તેના પિત્રાઈ મોર્દેખાયને માટે પણ નહિ. તેના બદલે સામર્થ્યવાન પ્રભુનું આ કાર્ય તેના સ્વર્ગમાંના વિકાસને માટેનું હતું. ઈશ્વરનું આ કાર્ય સમગ્ર રાષ્ટ્રના સંદર્ભમાં હતું. પ્રભુ ઈસ્રાએલના લોકને બચાવવાને માટે પગલાં ભરી રહ્યા હતા. આ બધાને પરિણામે એ રાજવી હારમાળામાં આવેલા મહાન દાઉદના મહાન પુત્ર ઈસુ ખ્રિસ્તનું આગમન થનાર હતું તે થવું જોઈએ તે પ્રભુનો હેતુ હતો.

હા, સદીઓનો જે હેતુ હતો તે એસ્તેર સાથે બંધાવો જોઈએ. તેથી પોતાના મહિમાને (આનંદને) માટે નહિ, પરંતુ પ્રભુની યોજનામાં તેને રાજમુગટ પહેરાવવામાં આવ્યો. તેને મળેલું આ પદ રાજાના માટે પણ ન હોતું મળ્યું. આ પદ મળવાનો હેતુ એ હતો કે તેની અસર તે પાડી શકે અને પ્રભુના લોક યહૂદી પ્રજા વતી પોતાની સત્તાનો ઉપયોગ કરે, આટલા માટે જ તેની પસંદગી થઈ હતી માટે તેને રાજ મુગટ પહેરાવવામાં આવ્યો હતો.

આપણે જોઈ શકીએ કે આ દુષ્ટ પ્રયાસ આડકતરી રીતે પ્રભુના લોકના છુટકારાને માટે કારગત સાબિત થયો. વાશ્તીને રાણી પદેથી ઉતારી મૂકવામાં આવી, જ્યારે એસ્તેરને નવી રાણી તરીકેનું સ્થાન મળ્યું. મોર્દેખાય એસ્તેરના રાણીપદના માધ્યમ દ્વારા પોતાની વાત રજૂ કરી શકે છે. હામાન કે જે યહૂદીઓનો શત્રુ હતો તેનો પરાજય અને નાશ થયો. આખરે યહૂદીઓનો તો તેમના દુશ્મનોના હાથમાંથી છુટકારો થયો. આ બધી બાબતો ઈશ્વરની યોજનાની સાંકળરૂપ હતી.

સારી બાબતો બનવાની છે તેની આશામાં આપણને દુષ્ટ સલાહ આપવાનો કોઈ અધિકાર નથી. આપણે કદી "દુષ્ટ કૃત્ય ન કરવું જોઈએ કે જેથી સારી બાબતો પણ બને" એવું ઘણી વાર કહેવામાં આવ્યું છે, "the end justifies the means" અંતે હેતુઓ સફળ થાય છે.

પરંતુ સારું પરિણામ લાવવાના હેતુથી દુષ્ટ કૃત્ય આપણે કરી શકતા નથી. ના, ના! પ્રભુ ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે તેવી રીતે

વર્તવું એ રીત નથી જ્યારે ખુશામતિયા અને પ્રપંચીને તેઓના માર્ગમાં જોઈએ ત્યારે નિરાશ થવાની જરૂર નથી. જ્યારે તમે દુષ્ટ વ્યક્તિઓને જુદા દેશોમાં સત્તાસ્થાને આગળ વધતા જુઓ ત્યારે તમને કદાચ આશ્ચર્ય થાય કે શું સઘળું ઈશ્વરના કાબૂમાં છે. હા મારા મિત્રો, ઈશ્વર રાજ કરે છે. પોતાની યોજના (હેતુઓ)ને પરિપૂર્ણ કરવા ઈશ્વરની પાસે હજારો રીતો (રસ્તાઓ) છે. યહોવા વિદેશીઓની મસલત વ્યર્થ કરે છે, તે પ્રજાઓની ધારણા નિરર્થક કરે છે. (ગીતશાસ્ત્ર ૩૩:૧૦).

આપણે દરેક સમયે ઈશ્વર પર ભરોસો રાખવો જોઈએ અને આશા રાખવી જોઈએ. ભારતમાં તમને મોટી તકો(લહાવો) છે. ભારત વિશ્વમાં સૌથી મોટો લોકશાહી દેશ છે. ભારત જેટલો મોટો બીજો કોઈ લોકશાહી દેશ નથી. યાદ રાખો કે ઈશ્વર રાજ કરે છે. જ્યારે આપણે તેના તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે આ દેશમાં તે તેના હેતુઓ માટે કાર્ય કરશે. ગીતકર્તા કહે છે કે જેઓ ઈશ્વર પર ભરોસો રાખે છે તેઓને ખસેડનાર કોઈ નથી (shall not be moved) (ગીતશાસ્ત્ર ૧૬:૮) યાદ રાખો, કાયાફાસની દુષ્ટ ટોળકી, યહૂદા ઈસ્કારીઓતની લોભી આકાંક્ષા, પિલાતની નબળાઈ અને યહૂદીઓનો ગુસ્સો આ બધી બાબતોએ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે ભૂંડાઈ આચરી પરંતુ આ બધી પરિસ્થિતિની વચ્ચે જગતના અને માનવજાતના ઉધ્ધાર માટે ઈશ્વરે સર્વે ઉપર વિજય પ્રાપ્ત કર્યો. અહીં આવી પરિસ્થિતિમાં દુષ્ટ સલાહ આપવામાં આવી હતી. સ્ત્રીઓને રહેવાની જગ્યા વિશેની સલાહ સાથે અને જે સ્ત્રીઓને રાજા પાસે લાવવામાં આવી તેવી બાબતો સાથે આપણે સહમત ન થઈએ, પરંતુ આ બાબતમાં જે મુદ્દો હું કહેવા માગું છું તે એ કે પ્રભુએ તેના હેતુઓને પૂર્ણ કરવા માટે અને તેના લોકનો ઉધ્ધાર કરવા માટે પરિસ્થિતિ પર કબજો મેળવ્યો.

## ૨. મોર્દખાયનું પાત્ર (૨:૫-૧૧)

અધ્યાય ૨:૫-૧૧માં મોર્દખાય વિશે વાંચીએ છીએ. તેના વિશે જે કહેવામાં આવ્યું તે આ પ્રમાણે છે. "મોર્દખાય નામનો એક યહૂદી

સૂબો મહેલમાં હતો, તે બિન્યામીની હતો." તેને બાબેલના રાજા નબૂદખાદનેસાર ગુલામીમાં યરૂશાલેમથી લઈ ગયા હતા. સાથે સાથે, "તેણે પણ કાકાની દીકરી હદાસ્સાહ, એટલે એસ્તેરને ઉછેરીને મોટી કરી હતી કેમ કે તેને માબાપ નહોતાં, તે કુમારિકા સુંદર કાંતિની તથા ફૂટડી હતી, અને તેના માબાપના મૂઆ પછી મોર્દખાયે તેને પોતાની દીકરી કરી લીધી હતી." (૨:૭) આ વ્યક્તિ વિશે એક પળ વિચારીએ.

સૌથી પ્રથમ તેનો (Persia)માં રહેવાનો નિર્ણય. જ્યારે રાજાએ યહૂદી પ્રજાને પોતાના દેશમાં પાછા જવાની અને યરૂશાલેમનો કોટ બાંધવાની પરવાનગી આપી ત્યારે આખરે યહૂદી પ્રજા પોતાના દેશમાં સ્વેચ્છાએ પાછી ફરી. પરંતુ તે બધામાં મોર્દખાયે ત્યાં રહેવાનું પસંદ કર્યું. તેના આ નિર્ણય માટે કઈ બાબતોએ તેના પર અસર કરી હશે તે આપણે જાણતા નથી.પરંતુ ભવિષ્યના પ્રકાશમાં જોતાં એવું લાગે છે કે આ પ્રભુની ઈચ્છા હતી! કોઈ કદાચ પોતાના વતનમાં પાછા નહિ ફરવાની તેની બાબતને તેનામાં દેશભક્તિ નથી તેવી રીતે દોષારોપણ કરે. તે શક્તિશાળી અને કાર્યક્ષમતાવાળો વ્યક્તિ હતો. જે બધાને ગુલામીમાંથી મુક્ત કરવામાં આવ્યા તે બધાની સાથે યરૂશાલેમ કેમ પાછો ન ફર્યો? આપણે જોઈ શકીએ છીએ કે તેણે યોગ્ય નિર્ણય કર્યો હતો.

ખાસ ધ્યાન આપો. બીજી બાબત, તેની ભક્તિ (devotion). આપણે પરિસ્થિતિને વધુ સ્પષ્ટ જોઈ શકતા નથી. ત્યાં એવું દેખાય છે કે એસ્તેર ખૂબ નાની હતી ત્યારથી અનાથ હતી. મોર્દખાય તેનાથી મોટો પિત્રાઈ હતો. તેણે એસ્તેરને પોતાની દીકરી તરીકે સ્વીકારી લીધી હતી અને તેનો ઉછેર કર્યો હતો. હવે આ પ્રકારનો રિવાજ ભારતનાં કુટુંબોમાં જોવા મળે છે અને જ્યારે આ પ્રમાણે બને છે ત્યારે તે અદ્‌ભુત હોય છે. પરંતુ આ પરિસ્થિતિ પરથી આપણે એવું અનુમાન કરી શકીએ કે મોર્દખાય એક ધાર્મિક વ્યક્તિ હતો કે જે પોતાના કુટુંબને વ્યવસ્થિત રીતે શિક્ષણ આપીને તેમનો વિકાસ કરી રહ્યો હતો. તે ઈશ્વરભક્ત, દેશભક્ત અને નમ્ર વ્યક્તિ હતો. એસ્તેર જે રીતે તેને પિતા અથવા પાલક પિતા તરીકેનો દરજ્જો આપે છે તેના ઉપરથી શીખી શકીએ છીએ.

પરંતુ તેથી આગળ, મોર્દખાય ડાહ્યો અને હિંમતથી ભરપૂર હતો. તેની સ્વતંત્ર નિર્ણય શક્તિને તપાસો. તે જ્ઞાનથી અને હિંમતથી ભરપૂર હતો. એસ્તેર જ્યારે પોતાનું ઘર છોડીને રાજમહેલમાં જઈ રહી હતી ત્યારની તેની સલાહને તપાસો. (નિરીક્ષણ કરો). મોર્દખાયે તેણીને કહ્યું કે, તારી ઓળખ કોઈને આપીશ નહિ. તેણીએ એ વાત સાંભળી અને આધીન થઈ. તેણી આ વાતને બરાબર સમજી શકી હતી જે આજે ઘણા બધા નથી સમજી(શીખી) શક્યા. મોર્દખાયનો તેના પર જે અધિકાર હતો તેને એ આદરમાન આપી શકી હતી, તેણી મોર્દખાયને આધીન રહી.

### ૩. એસ્તેરની પસંદગી (૨:૧૨-૧૮)

હવેની વાત એસ્તેર પર ધ્યાન દોરે છે. કલમ ૧૨-૧૮માં આપણે વાંચીએ છીએ કે એસ્તેરની પસંદગી કેવી રીતે થઈ હતી. ક.૧૫માં તેનું વલણ જુઓ, "એસ્તેરને માટે માંહે જવાનો વારો આવ્યો ત્યારે... સ્ત્રી રક્ષક હેગેએ જે નીમ્યું હતું તે સિવાય તેણે બીજું કંઈ માગ્યું નહિ, જેની પાસે સ્ત્રીઓનો હવાલો હતો, તેણે સલાહ આપી. જે સર્વએ એસ્તેરને જોઈ તે સર્વએ તેની તરફદારી કરી. અહીં બીજાની સલાહ સ્વીકારવાની તૈયારી વાળું વલણ જોઈએ છીએ. પોતે વધુ આકર્ષક બની શકે તેવા પ્રકારની કોઈ બાબતની માગણી કરી નહિ. આ વ્યક્તિ કે જેના હાથમાં તેનો હવાલો હતો તેની સલાહ પર ભરોસો રાખ્યો હતો.

ત્યાર પછીની પ્રતિક્રિયાને નિહાળો. જે સર્વએ એસ્તેરને નિહાળી તે સર્વની દૃષ્ટિમાં તે કૃપા પામી. સાથે સાથે કલમ ૧૭માં પણ કહે છે બધી સ્ત્રીઓમાં રાજા તેના પર વધુ પ્રીતિ કરતો હતો અને બધી કુમારિકાઓ કરતાં કૃપા અને મહેરબાની રાખી. તેણી સાદી, નમ્ર અને તેના ગુણોમાં શ્રેષ્ઠ હતી. તેના કાર્ય દ્વારા તેનું આ ચારિત્ર્ય પ્રગટ થયું હતું. તેની પસંદગી કે તેના પર વધુ કૃપા થાય તે માટે તેણે વિશિષ્ટ પ્રયાસ કર્યા ન હતા. જો તમે કલમ ૨૦ના અંત ભાગમાં જુઓ, તો તમને જણાશે કે, વાશ્તીનું સ્થાન તેને મળ્યું હોવા છતાં મોર્દખાય પ્રત્યેના

તેના લગાવમાં અને તેના પ્રત્યેના જ્ઞાનમાં કોઈ ફેરફાર પડ્યો નથી. જો કે હવે તો તે ઉચ્ચસ્થાન પામી ચૂકી હતી, એવું લખાયેલું છે કે, જ્યારે એસ્તેર મોર્દખાયની સંભાળ નીચે હતી અને જે પ્રમાણે વર્તતી હતી તે પ્રમાણે જ મોર્દખાય તેને કહેતો તે પ્રમાણે તે કરતી હતી.

હવે મારા મિત્રો, હું એવું માનું છું કે તે ઘણું જ અગત્યનું છે. તમારામાંથી ઘણા જુવાનો છે અને હજુ સુધી તમે તમારા માતપિતાના ઘરમાં જ અને કુટુંબમાં રહો છો. તમારા દાદા દાદી અને માતપિતાને મળેલી તકો કરતાં તમને વધુ તકો મળેલી છે. તમારી પાસે સારી નોકરી હોય અને સારી સ્થિતિ હોય અને ઘણું બધું કમાતા હો. એવું કશું ન કરતા કે જેથી તમારા માતપિતાને લાંછન લાગે. એસ્તેરને ખૂબ ઉચ્ચસ્થાન પ્રાપ્ત થયું હતું. છતાં અગાઉ જેમ મોર્દખાયનું આદરમાન કરતી હતી તે જ રીતે ત્યારપછી પણ કરે છે. શું તેણી પોતાના સૌંદર્ય પર વિશ્વાસ કરતી હતી? કે શું તે ઈશ્વર પર વિશ્વાસ કરતી હતી?

હું માનું છું કે તે ઈશ્વર પર ભરોસો રાખતી હતી. ગીતશાસ્ત્ર ૩૭:૫માં ગીતકર્તા કહે છે તેમ તેણે તેના માર્ગો ઈશ્વરને સોંપ્યા હશે. "તારા માર્ગો યહોવાને સોંપ, તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે. (shall bring it to pass) તેની વર્તણૂક અને તેનું માનસ એ વાતની સાબિતી આપે છે કે તેને બાહ્ય બાબતો પર વિશ્વાસ ન હતો. ફક્ત પ્રભુ પર તેને વિશ્વાસ હતો.

તેથી, તેની વર્તણૂક ઉપર છલ્લી નહતી પરંતુ તેના અભ્યંતરમાંથી હતી પોતાના ઘરમાં રાખીને જે મોર્દખાયે આ જુવાન સ્ત્રીને ઉછેરી તે મોર્દખાય પાસેથી શું શીખી શકી હતી તે આ છે, હું માનું છું કે, કાયદાની પરિભાષા જ નહિ, પરંતુ ઈશ્વર તરફથી જ્ઞાન (ડહાપણ) અને કૃપા તે પામી હતી. તમે જૂના કરારમાંની સુવાર્તાનો ઉપદેશ આપી શકો. જૂના કરારના પ્રબોધકોનો તમે જો વિચાર કરો તો જૂનો કરાર જ તેમનું બાઇબલ હતું. છતાં તેઓ જૂના કરારનાં વચનો દ્વારા સુવાર્તાનો ઉપદેશ આપી શક્યા હતા.

જો તમે પ્રેરિતોનાં કૃત્યોમાં આપેલા પિતર અને પાઉલનાં વક્તવ્યને તપાસો તો જણાશે કે તેઓના વક્તવ્યનો આધાર જૂના કરારના ઈશ્વરનાં વચનો પર વિશેષ હતો. આ જૂનો કરાર ત્યારબાદ પ્રભુ ઈસુમાં પૂર્ણ થયો છે. જૂના કરારમાં અને સાથે સાથે નવા કરારમાં સુવાર્તા છે. એસ્તેર મોર્દખાય મારફતે ઈશ્વરનું ડહાપણ (જ્ઞાન) અને કૃપા પ્રાપ્ત કરી શકી હતી. આનું કારણ એ હતું કે, મોર્દખાય કે જે ધાર્મિક યહૂદી હતો તેના કારણે પ્રકાશમાં ચાલનાર બની શકી હતી.

માતપિતાઓને માટે અહીં ખૂબ અગત્યનો પાઠ છે. એસ્તેર શિસ્તપાલન અને તાલીમ એ ધાર્મિક ઘરમાં પામી શકી હતી. ઉપરાંત ઈશ્વરનું જ્ઞાન પામી શકી હતી જેણે તેને સુંદર બનાવી હતી. ફક્ત બાહ્ય રીતે જ નહિ, પરંતુ આધ્યાત્મિક રીતે અને નૈતિક રીતે પણ કે જે તેની વર્તણૂકમાં જોઈ શકાય છે. તેના જીવનની શરૂઆત ઈશ્વરની કૃપા અને ઈશ્વરના સદ્‌ગુણો, શુધ્ધતા, નમ્રતા અને આજ્ઞાધીનતા રોપવામાં આવ્યા હતા, પાણી પાવામાં આવ્યું હતું અને તેથી યોગ્ય વૃધ્ધિ પામ્યા હતા. આ પ્રકારની શિસ્ત અને શિક્ષણની કિંમત ખૂબ ઊંચી છે. જ્યારે એસ્તેરના માતપિતા, મૃત્યુ પામ્યા ત્યારે તે પરિસ્થિતિ તેને માટે કેટલી દુઃખદ હતી જે તેના જીવનમાં જોઈ શકાય છે. પરંતુ ઈશ્વર એસ્તેરના જીવનનું શરૂઆતનું વાતાવરણ અને પરિસ્થિતિને પસંદ કરે છે. ઈશ્વર તેને માટે પાલક માતપિતા અને શિક્ષક પસંદ કરે છે. કોઈકવાર તેણે વિચાર્યું હશે કે તેનું જીવન શુષ્ક અને મુશ્કેલ છે અને આપણે જેમ ઘણીવાર કરીએ છીએ તેમ તેણે બળવો કર્યો હોય, પરંતુ ઈશ્વર ભૂલ કરતા નથી.

જો માતપિતા છો, તો સૌથી મહત્ત્વનું શું છે જે તમે તમારાં બાળકોને આપી શકો છો? ઉત્તમ શિક્ષણ? સારી નોકરી? તેમને માટે સારી પત્ની કે સારો પતિ? આ બધુ તેમને માટે મહત્ત્વના વાનાંઓ છે. પરંતુ સૌથી મહત્ત્વની બાબત તમે આપી શકો છો તે તો શિસ્ત અને શિક્ષણ. જે રીતે બાળકો, છોકરો અથવા છોકરી મોટાં થાય છે તેમાં તેમનાં જીવનોને દોરવણી આપતા (મારા ભારતના પાછલા અનુભવોને

આધારે) આ કહેવા માગું છું, જો કે એવું જોયું છે કે ઘણા ખ્રિસ્તી માબાપો પોતાનાં બાળકોના અભ્યાસ માટે ખૂબ ચિંતિત હોય છ. કાળજી લેનારાં હોય છે. આ બાબતોને કારણે તેઓ તેમનાં જીવનો પર આધિપત્ય લે છે. આ એક એવો લપસણો ફાંદો છે કે જેમાં આપણે સહેલાઈથી પડીએ છીએ. હું એ સમજી શક્યો છું કે જેમ મારા દેશમાં તેમ આ દેશમાં શિક્ષણ ખૂબ મહત્ત્વનું છે.

પરંતુ મિત્રો આપણાં ઘરોમાં (કુટુંબોમાં) જે પ્રથમ બાબત છે તેને પ્રથમ સ્થાને જ મૂકીએ. બાળકોને શિક્ષણ આપીએ અને આધ્યાત્મિકતાનો પાયો નાખીએ, એ પાયો કે જે જીવનમાં ખૂબ અગત્યની બાબતો છે તેઓને તૈયાર કરશે.

આહાશ્વેરોશ રાજાને એસ્તેરે વિનંતી કરી તે શું છે? તેનો સુંદર ચહેરો અથવા સુઘડતા, સપ્રમાણ શરીર તેનો અર્થ શો છે? રાજા તરીકે આ વ્યક્તિએ ઘણાં ઘણાં ચહેરાઓ અને સપ્રમાણ શરીરો જોયા હશે, પરંતુ એસ્તેર જેવી વ્યક્તિ આ પહેલાં કદી જોઈ નહોતી, શું એકદમ વિશિષ્ટ પ્રકારની ત્વચા હતી અથવા અલગ પ્રકારની સુંદરતા ધરાવતી હતી? આ તો ઈશ્વરના આત્માની મળેલી સુંદરતા હતી. (પત્નીઓ) "તમારો શણગાર બહારનો ન હોય, એટલે ગૂંથેલી વેણીનો તથા સોનાનાં ઘરેણાંનો અથવા (જાતજાતનાં) વસ્ત્રો પહેરવાનો એવો ન હોય, પણ અંતઃકરણમાં રહેલા ગુપ્ત મનુષ્યત્વનો, એટલે દીન તથા નમ્ર આત્માનો, જે દેવની નજરમાં બહુ મૂલ્યવાન છે. તેના અવિનાશી અલંકારનો થાય. (૧ પિતર ૩ઃ૩-૪)

આપણે પુરુષ હોઈએ કે સ્ત્રી હોઈએ, પરંતુ એવી બાબતોની ઝંખના રાખવી જોઈએ. તમે જુવાનો કે જેઓ લગ્ન કરવા ઉત્સુક છો, સાવચેત રહેજો તમારા ભાવિ જીવનસાથીમાં દેવના આત્માની છાપવાળું ચારિત્ર્ય હોય. આ જ સુવાર્તા છે. ઈશ્વરની કૃપા અને સામર્થ્ય તમને અને મને યોગ્ય વ્યક્તિઓ બનાવે છે. સુવાર્તાનો હાર્દ એ છે કે તે તમને સારા પુરુષ, યોગ્ય પિતા અથવા યોગ્ય દીકરા અથવા યોગ્ય પતિ બનાવે.

એ જ રીતે તે તમને સારી સ્ત્રીઓ અથવા યોગ્ય દીકરીઓ અથવા યોગ્ય પત્નીઓ બનાવે. જો સુવાર્તા આ પ્રમાણે આપણા માટે નથી કરી શકતી તો આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે શું આપણને સાચી સુવાર્તા મળી છે કે ભળતી (જુઠ્ઠી) સુવાર્તા મળી છે.

અધ્યાય ૧ અને ૨ના બનાવો વિશે તમે વિચારો છો કે જે એસ્તેરની રાણી તરીકેની પસંદગીના છે. ત્યાર બાદ એસ્તેરના બાકીના પુસ્તકમાં દૈવી વ્યવસ્થા વિશેની વાત તમે વાંચો છો. હું જાણતો નથી કે તમને ચેસ (એક પ્રકારની રમત)માં રસ છે કે કેમ! થોડાં વર્ષો પહેલાં ભારત દેશના વિશ્વનાથ આનંદે ચેસના વિશ્વ ચેમ્પિયન ગેરી કારપરોપની સામે પડકાર ઊભો કર્યો. હું એ કબૂલ કરું છું કે ચેસ વિશે હું કશું જાણતો નથી. છતાં ચેસની રમતના સિધ્ધાંતો હું સમજી શકું છું. શું તમે કદી જીવન એ ચેસના બૉર્ડ જેવું છે તેવું વિચાર્યું છે? દરેક ખેલાડી ચેસની કુકીને એક સ્થાનેથી બીજા સ્થાને ખસડે છે. એક ખેલાડી ક્વીનને ખસેડશે, રૂકસને ખસેડશે અથવા કનાઈટને ખસેડશે જ્યારે સામેનો બીજો ખેલાડી આના સંદર્ભમાં યોગ્ય ચાલ ચાલતાં સારી સ્થિતિ મેળવવા પ્રયત્ન કરશે. એસ્તેરના ૧ અને ૨ અધ્યાય તપાસો.

પગથિયું ૧. રાજાની વિનંતીને માન આપવાનો વાશ્તીનો ઈનકાર.
૨. ડાહ્યા માણસોની સલાહ કે, વાશ્તી રાણીને તેના સ્થાનેથી દૂર કરો.
૩. રાજા વાશ્તીને યાદ કરે છે, કદાચ તેના મનમાં બીજા વિચારો હોય.
૪. સેવકોએ એવી સલાહ આપી કે કુંવારિકાઓને જમાતખાનામાં લાવવી અને નવી રાણીની નિમણૂક કરવી.
૫. એસ્તેરનો પ્રવેશ.

મિત્રો, એ ઈશ્વરની વ્યવસ્થા હતી, ઈશ્વર માનવીના તમામ નિર્ણયો પર પોતાનો નિર્ણય જાહેર કરે છે. તમને આશિષ આપવા અને

તમારો બચાવ કરવા એવી કોઈ બાબત નથી કે જેનો ઈશ્વર ઉપયોગ ન કરી શકે.વાશ્તી વિદેશી હતી, અવિશ્વાસી હતી અને કુનેહબાજ સ્ત્રી હતી. એ મહત્ત્વની બાબત ન હતી. શું તમે એવું માનો છો કે ઈશ્વર પોતાની યોજનાઓને પરિપૂર્ણ કરવા માટે અવિશ્વાસીઓનો ઉપયોગ ન કરી શકે? યશાયા કહે છે કે, ઈશ્વરે વિદેશી રાજા કે જેનું નામ કોરેશ તેને પસંદ કર્યો અને તેને પોતાનો અભિષિક્ત છે એવું જાહેર કર્યું. (યશાયા ૪૫:૧) ઈશ્વર કોરેશ વિશે કહે છ કે, "તું મારા લોકનો ઘેટાપાળક છે.તું મારા મનની બધી ઈચ્છાઓ પૂરી કરશે." (યશાયા ૪૦:૨૮). ઈશ્વરે કોરેશનો પોતાના હેતુઓના માટે, યહૂદી સમાજને માટે ઉપયોગ કર્યો (યશાયા ૪૫:૧-૭). તેથી આપણે ઈશ્વરની યોજનાઓને દઢ પણે માનીએ.

## ૪. મહેલમાં ઉત્પન્ન થયેલ ભેદ (રહસ્ય) (૨:૧૯-૨૩)

એસ્તેર ૨:૧૯-૨૩ વાંચીએ. મોર્દખાય અને એસ્તેરને બંધારણીય વ્યવસ્થા પ્રમાણેની જે સત્તા કે સરકાર છે તેના પ્રત્યે પૂરા આદરમાન છે. આ જ સત્તાએ યહૂદીઓને ગુલામ બનાવ્યા હતા. જો કે જેલમાં તેઓને પૂરવામાં આવ્યા ન હતા. પોતાના વતનના દેશમાં પાછા જવાની તક હતી. જો આ શબ્દોનો કાળજીપૂર્વક અભ્યાસ કરીએ, વાંચીએ તો એવું જણાય છે કે (Persia)માં યહૂદીઓ વિરુધ્ધની લાગણી પ્રવર્તતી જણાય છે. છતાં ખાસ ધ્યાન આપો કે, મોર્દખાય અને એસ્તેર બંનેને ફક્ત રાજા તરફથી જ સન્માન મળ્યું હતું એમ નહિ, પરંતુ ત્યાંના કાયદાઓએ પણ તેઓને માન આપ્યું હતું.

આમાં આપણા માટે પાઠ સમાયેલો છે. આપણા પર શાસન ચલાવતા લોકોના કાયદાઓને માન આપવું જોઈએ. કેટલીકવાર આપણે તેમની સાથે અસહમત થઈએ છીએ. હું જ્યારે યુનાઈટેડ કિંગ્ડમમાં હોઉં તો હું પણ આ પ્રમાણે જ કહું. બ્રિટીશ સરકારના કેટલાક કાયદાઓ પ્રત્યે હું સહમત ના થાઉં. બ્રિટિશ સરકારે મૃત્યું દંડની શિક્ષાને નાબૂદ કરી છે.જો કે હું તેઓના કાયદા સાથે સહમત નથી અને તેઓના વલણ સાથે

સહમત નથી છતાં મારે તેઓના અધિકાર નીચે જીવવાનું છે. ૧૯થી ૨૩ કલમો માટે આ પશ્ચાદભૂમિકા સમજવા મદદરૂપ થશે. આ બાબત રાજવી મહેલમાં ભેદ(રહસ્ય) ઊભો થયો તે વિશે જણાવે છે. કારણ કે બે વ્યક્તિઓએ રાજા પર હાથ નાખવાની કોશિશ કરી, પરિણામે તેઓને દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. પરંતુ ભેદ(રહસ્ય)ની જાસૂસી મોર્દખાય દ્વારા કરવામાં આવી હતી અને જે સાચી માલૂમ પડી હતી. આપણે જાણતા નથી કે, આ વાતની જાણકારી તેને કેવી રીતે થઈ, પરંતુ તેને આ વાતની જાણકારી મળી.

એસ્તેર રાજાની પાસે મહેલમાં હતી ત્યારે મોર્દખાય રાજાને ચેતવવા માટે સંદેશો મોકલવા સફળ થયો. મળેલી માહિતીની તપાસ કરવામાં આવી, ત્યારે સત્ય બહાર આવ્યું અને બે વ્યક્તિઓને શિક્ષા થઈ અને રાજાનો જીવ બચી ગયો. જોગાનુજોગ રાજાના મહેલમાં રખાતી નોંધમાં આની નોંધ કરવામાં આવી અને મોર્દખાયની નોંધ તેની વફાદારી માટે કરવામાં આવી. કલમ ૨૩નો પાછલો ભાગ જુઓ. "અને રાજા પાસે રખાતા કાળવૃતાંતના પુસ્તકમાં તેની નોંધ લેવાઈ. મોર્દખાયને કદાચ એ વાતનું દુઃખ થયું હોય તેની આ સેવા પ્રત્યે ખૂબ ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે અને તેની નોંધ લેવામાં આવી છે. આખરે તેણે તો ભેદ (રહસ્ય) ખુલ્લો પાડી અને ત્વરિત કરાવ્યો. પરિણામે રાજાનો જીવ બચી ગયો હતો. પરંતુ તેને કોઈ બદલો(ઈનામ) આપવામાં આવ્યો ન હતો. આવું શા માટે બન્યું? કારણ કે ઈશ્વરનો સમય હજુ આવ્યો ન હતો, મોર્દખાયે રાહ જોવી જોઈએ. તમે સરકારી દફતરમાં અથવા કોલેજમાં અથવા ધંધો કરતા હો, જ્યાં તમારા કાર્યને અને સ્થાનને આધારે તમને બઢતી મળે. પરંતુ અહીં તેવું બન્યું નહિ. મોર્દખાય પાસેથી શીખો. જે બાબતો પ્રભુનાં બાળકોને લાગે વળગે છે, તે એ કે બઢતીમાં થતો વિલંબ પણ તેની વ્યવસ્થા મુજબ છે. તેથી આ બાબતોમાં રાહ જોવી એ ફાયદાકારક છે. આખરે જ્યારે મોર્દખાયને બઢતી મળી ત્યારે તેની અપેક્ષાઓથી પર હતી (અપેક્ષા ન હતી ત્યારે બઢતી મળી). રાજાના આ વિલબથી લેવાયેલા નિર્ણય પર ઈશ્વરનો હેતુ હતો.

ઈશ્વરના સંતો તેનું ભય રાખો, ત્યાર બાદ તમારે બીજા કશાથી બીવું નહિ પડે.

તેની સેવા તે તમારો આનંદ બનાવો, તમારી જરૂરિયાતો તે તેની ચિંતા બની રહેશે. યાદ રાખો આપણે અધિકાર (સત્તા) વિષય સંબંધી આશા રાખતા હતા. રૂમી. ૧૩:૧-૭ અને ૧ પિતર ૨:૧૩-૧૭નાં વચનો દરેક ઈશ્વરનું ભય રાખનારા, જે જે દેશોમાં વિશ્વાસી ખ્રિસ્તીઓ વસે છે તેઓને શીખવવામાં આવે કે જ્યાં જ્યાં વ્યવસ્થિત રાજસત્તાઓ છે તેને માન આપો, નીતિમત્તાના તેમનાં જે કોઈ ધોરણો હોય તેને માન આપે. મોર્દખાય અને એસ્તેર તેમની પરિસ્થિતિમાં ઈશ્વર શું કરી રહ્યા હતા તે તેઓ સમજી શક્યા ન હતાં, પરંતુ આપણે તે બધામાં ઈશ્વરની વ્યવસ્થા જોઈએ છીએ.

કદાચ આ માટેનું યોગ્ય ઉદાહરણ યૂસફનું આપી શકાય. પોતાના ભાઈઓથી નાપસંદ થયેલો, તેઓના હાથમાં બે વાર મૃત્યુ પામતા બચી ગયો અને મિસરમાં તેને ગુલામ તરીકે આખરે વેચી દેવામાં આવ્યો. "તે તેનો અને તેના સ્વપ્નોનો અંત હતો." યાકુબના ઘર તરફ જતાં આ નિર્ણય શું તેઓનો હતો. મિસરમાં ગમે તેને ગમે તે ઉપયોગને માટે તેને વેચી દેવામાં આવ્યો હોય, પરંતુ તે પોટીફારના ઘરે જાય છે. પોટીફાર ફારૂનના રક્ષકોનો આગેવાન હતો. ત્યાં યૂસફની કાબેલીયતની નોંધ લેવામાં આવી અને ઝડપથી તેને બઢતી મળી. તેને એવું લાગ્યું કે બધું સારી રીતે ચાલે છે. પરંતુ પરીક્ષણ આવ્યું અને તે કરુણતામાં પરિણમ્યું. બળાત્કારના કેસમાં ખોટી રીતે તેને સજા થઈ (સંડોવણી કરવામાં આવી), પરિસ્થિતિ આધારિત પુરાવા તેની વિરુધ્ધમાં હતા, અને ત્યાં એકપણ વ્યક્તિ એવી ન હતી કે જે તેને માટે બચાવ (દલીલ) કરે, યૂસફે તમામ બાબતો ગુમાવી અને આખરે તેને જેલમાં નાંખવામાં આવ્યો. શા માટે ઈશ્વર? શા માટે.... ફક્ત ઈશ્વર જ જાણતા હતા કે તે નિર્દોષ છે, પરંતુ ઈશ્વરે તેને તે તબક્કે બચાવવા કશું જ કર્યું નહિ, કારણ કે ઈશ્વર યૂસફને માટે મોટું કાર્ય કરવા માગતા હતા.

ત્યારબાદ ફારૂનના રસોઈઆ અને પાત્રવાહકને કેદખાનામાં નાખવામાં આવ્યા. તેઓ બંનેને સ્વપ્ન આવ્યું અને યૂસફે તે સ્વપ્નોનો અર્થ કહી દેખાડ્યો. દરેક બાબતમાં તે ન્યાયી ઠર્યો. યૂસફે ત્યારબાદ રસોઈઆને કહ્યું મારા માટે કંઈક કહેજો, પરંતુ જેવો તેનો છુટકારો થયો કે તે યૂસફ સંબંધી બધું ભૂલી ગયો. તે કેવો કૃતજ્ઞ વ્યક્તિ! પરંતુ ઈશ્વરના નિયંત્રણ હેઠળ સઘળું હતું. આખરે યૂસફ મિસરનો વડાપ્રધાન બન્યો. હવે એ દશ્ય તરફ આવો કે જ્યાં તે પોતાની ઓળખ પોતાના ભાઈઓને આપે છે. (ઉત્પતિ ૪૫:૪-૮). આખા વાર્તાલાપનો અસરકારક ભાગ એ છે કે કડવાશની સંપૂર્ણપણે ગેરહાજરી જીવનના કપરા સમયો કેટલીકવાર વ્યક્તિઓને ઈશ્વર પ્રત્યે કડવા, ઈર્ષાથી ભરેલા, જુદી મનોવૃતિવાળા અને કઠોર બનાવી દે છે. યૂસફના સંદર્ભમાં એવું બન્યું નહિ. આ ઈશ્વરની કૃપા છે! “એ માટે તમે તો નહિ, પણ દેવે મને અહીં મોકલ્યો” (ઉત્પતિ ૪૫:૮) આ વ્યવસ્થા છે!

શું જીવનનો આવો દષ્ટિકોણ તમારી પાસે છે? શું તમે વાસ્તવિક રીતે તમારું જીવન ઈશ્વરના હાથમાં મૂક્યું છે? તમારા હૃદયથી શું તમે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો છો? ફરીથી વાતમાં આગળ વધતા યાકૂબ મૃત્યુ પામે છે. યૂસફના ભાઈઓને હવે એવી બીક લાગવા માંડી કે યૂસફનું મન બદલાશે અને અમારો બદલો લેશે. જ્યારે તેઓ યૂસફ પાસે તેની દયાની માંગણી કરવા ગયા ત્યારે, યૂસફ રડ્યો અને તેના ભાઈઓને કહ્યું, “તમે તો મારું ભૂંડું કરવા ચાહ્યું હતું, પણ દેવે તેમાં તો ભલું કરવાનું ધાર્યું.... (ઉત્પ. ૪૫:૧૫-૨૧) ખાસ કરીને કલમ-૨૦. આ વ્યવસ્થા છે!

# 3 હામાનનો યહૂદીઓ પ્રત્યેનો તિરસ્કાર

## (એસ્તેર-૩)

જો તમે ઇતિહાસનો અભ્યાસ કર્યો હોય અને ખાસ કરીને બીજા વિશ્વયુધ્ધનો, તો તમે જાણતા હશો કે અડોલ્ફ હિટલર દુનિયાને જીતવા માગતા હતા. ૧૯૪૦માં તેમણે મેળવેલા મહાન વિજયના અંતે આ પ્રમાણે કહ્યું: "અમારી લડાઈ ઉપર ઈશ્વરે અત્યાર સુધી મહોર મારી છે... ઇતિહાસમાં ૧૯૪૧ની સાલ મહાન વિજયની પૂર્ણતા કરશે. હિટલરને આ વાતની ખબર ન હતી કે સદીઓ પહેલાં ઈશ્વરે ઈબ્રાહિમને કહ્યું, "હું તારાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ, ને તને આશીર્વાદ દઈશ, ને તારું નામ મોટું કરીશ, અને તું આશીર્વાદરૂપ થશે અને જેઓ તને આશીર્વાદ દે તેઓને હું આશીર્વાદ દઈશ, અને તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે." (ઉત્પ. ૧૨:૨,૩)

હિટલરે તો યહૂદી સમાજનો નાશ કરવાનો મનસૂબો કર્યો હતો, પરંતુ ઈશ્વર યહૂદી રાષ્ટ્રને યાદ કરે છે. યહૂદી સમાજનો નાશ કરવાને કારણે હિટલરે પોતે પોતાને ઈશ્વરના ન્યાયાશાસન અને શાપ નીચે લાવીને મૂકી દીધો. બીજા વિશ્વયુધ્ધની હકીકત આપણે બધા જાણીએ છીએ. હિટલર અને તેના સૈન્યનો કરુણ રીતે પરાજય થયો. પ્રકરણ ૩માં આવીએ છીએ ત્યારે આ બાબતને તમારા મનમાં રાખશો.

પ્રકરણ ૧ અને ૨માં આપણે ઈશ્વરના સામર્થ્યવાન હાથને કાર્ય કરતો જોયો. હવે પ્રકરણ ૩માં આપણે ઈશ્વરના સર્વશક્તિમાનપણાને દુશ્મન દ્વારા પડકારવામાં આવ્યું હોય તેવું જોઈએ છીએ. અત્યાર સુધી પોતાના લોકની સલામતીના હેતુસર ઈશ્વરને ખુલ્લી રીતે કાર્ય કરતા જોઈએ છીએ. બાહ્ય રીતે બધું જ ઈશ્વરની યોજનાવાળું અને કોઈપણ અવરોધ વગરનું બનતું જોઈએ છીએ. તખતો ગોઠવાઈ ગયો છે, તમામ પાત્રો પોતપોતાનાં સ્થાને ગોઠવાયેલાં છે, ઇતિહાસનું પ્રકરણ ગુપ્ત છે.

## ૧. હામાનની બઢતી (૩:૧થી ૬)

હવે આપણે બીજા એક વધુ પ્રકરણનો અભ્યાસ કરીશું. અગાઉથી જાણકારી આપ્યા વગર એકાએક, હામાનને રજૂ કરવામાં આવ્યો ૩:૧ પ્રમાણે તેને ઊંચી પદવીએ ચઢાવ્યો, "તે પછી આહાશ્વેરોશ રાજાએ હામ્મદાથાના પુત્ર હામાનને ઊંચી પદવીએ ચઢાવ્યો, તેણે તેની બેઠક તેની સાથેના સર્વ સરદારોથી ચઢતી રાખી."

ઈતિહાસમાં દુષ્ટ વ્યક્તિની આર્થિક સમૃધ્ધિ અને કામચલાઉ સત્તા (અધિકાર) જોઈને હું હંમેશા આશ્ચર્ય પામું છું. હું એ જાણું છું કે આ વાત ભારતમાં સાચી છે. ભારતમાં લોકો આર્થિક રીતે ખૂબ સમૃધ્ધ થયા છે. તેઓમાંના ઘણા દુષ્ટ અને ભ્રષ્ટ હોય છે. આનો અર્થ એ થાય છે કે જેઓ આવા દુષ્ટ અને ભ્રષ્ટ લોકો છે તેઓને આશિષ આપે કે જેઓ તેમની આર્થિક સમૃધ્ધિ માટે અને હંગામી સત્તાના સંદર્ભમાં મદદ કરે. સામાન્ય રીતે વાત કરીએ તો, યુગોથી એક રાષ્ટ્રથી બીજા રાષ્ટ્ર સુધી સારા લોકોને નીચા (દબાવેલા) રાખવામાં આવે છે. બીજી તરફ દુષ્ટ કે ભ્રષ્ટ લોકો ખૂબ પ્રગતિ કરતા દેખાય છે.

હામાન આ માટેનું સચોટ ઉદાહરણ છે. એક પછી એક બઢતી પછી સત્તાના સંદર્ભમાં તેને સર્વોચ્ચ સ્થાને બેસાડવામાં આવ્યો. રાજયમાં તેના અધિકાર નીચે સઘળું આવી જતું, તેને રાજા આહાશ્વેરોશ પછીના બીજા નંબરે મૂકવામાં આવ્યો. નગરના દરવાજામાંથી પસાર થતો ત્યારે સરકારી અધિકારીઓ અને તમામ નગરજનો તેની આગળ નમી જતાં અને તેને એક મહાન વ્યક્તિ તરીકે સ્વીકારતા હતા.તમે જાણો છો કે ભારતમાં પણ આવું બને છે. ઉચ્ચસ્થાનો પર બેઠેલા કે જેઓ પોતાની સત્તાને લીધે લોકો પર કાબૂ ધરાવે છે તેવા અધિકારીઓ પાસે લોકો આવે છે અને તેમની આગળ નમન કરે છે અને તેમના સ્થાનને સ્વીકારે છે.

મોર્દખાય દ્વારા નમન કરવાનો ઈનકાર

હામાનના માટે 'એક માખી તેલમાં પડેલ' હતી. આ માખી તો

મોર્દખાય હતો કે જેણે નમન કરવાની મના કરી હતી. મોર્દખાયના મિત્રોએ તેને નમન કરવા સમજાવ્યો અને કહ્યું મોર્દખાય, હામાનની સામે પડવાથી કશો લાભ થવાનો નથી. તારે બધું ગુમાવવાનો વારો આવશે. પરંતુ મોર્દખાયે સંમતિ આપી નહિ. આપણી ભલે નોંધ લેવાય છતાં આપણા નિર્ણયમાં અડગ ઊભા રહેવું જોઈએ. શાસ્ત્રમાં શું તમે તે વાતની નોંધ લીધી કે કેટલા દેવના સેવકો રાજાની સાથે સાથે ઊભા રહ્યા? જો કે તેમને ભારે ચેતવણી મળી છતાં તેઓ પોતાના નિર્ણયમાં અડગ ઊભા રહ્યા એ વાતની નોંધ લો. આ પણ પૂરતો લેવાયેલો નિર્ણય ન હતો. પરંતુ આ તો સમગ્ર જીવન દરમિયાન લેવાયેલો નિર્ણય હતો. ભારતના ખ્રિસ્તીઓ જે જીવન જીવે છે તે સહેલું નથી. જો તમે વેપાર ધંધામાં છો, ફેકટરી કે દવાખાનામાં છો, અથવા ઓફિસમાં અથવા દુકાનમાં છો ત્યારે જો તમે ખ્રિસ્તના સાચા અનુયાયી તરીકે ઊભા રહો છો તો તમે ચોક્કસ દબાણ હેઠળ રહો છો.

આજ વાત મારા પોતાના દેશ માટે પણ એટલી જ સાચી છે. દાખલા તરીકે મારી દીકરી વૈદકીય ક્ષેત્રે ડૉકટર તરીકે સેવા આપે છે. વૈદકીય ક્ષેત્રે સેવા આપતા લોકો માટે ખાસ પ્રકારનું દબાણ હોય છે, ખાસ કરીને જો તેઓ પ્રસૂતિ વિભાગમાં કામ કરતા હોય તો આ પ્રકારનું દબાણ હોય છે. શું તમે ગર્ભપાતની મંજૂરી આપવા તૈયાર છો? કાયદો એવું કહે છે કે માન્ય છે. એક ખ્રિસ્તી મેગેઝીનમાં એવું વાંચ્યું કે ઈ.સ.૧૯૬૮માં કાયદો લાવ્યો ત્યારથી યુનાઈટેડ કિંગડમમાં ૪૦ લાખ ગર્ભપાતના બનાવ બન્યા છે.

એક ખ્રિસ્તી ડૉકટર માનવ જીવનની પવિત્રતાના મુદ્દા પર અડગ રહે છે તો તે ડૉકટર પુરુષ/સ્ત્રીએ પોતાની નોકરી ગુમાવવી પડે છે. આ વાસ્તવિક મુદ્દાઓ (પ્રશ્નો) છે. પાઉલ ૨ તિમોથી ૩:૧૨માં આ પ્રમાણે લખે છે, "જેઓ ખ્રિસ્ત ઈસુમાં ભક્તિભાવથી ચાલવા ઈચ્છે છે તેઓ સઘળા પર સતાવણી થશે જ."

અધ્યાયમાં એ વાતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે જગતના

વિરોધીઓ બે સામાન્ય વ્યક્તિઓ છે. આ પ્રશ્નની અંદર આ બધાની પાછળ બે મહાન દૈવી શક્તિ સંકળાયેલ હતી. હામાન અને મોર્દખાય વચ્ચેની આ અંગત બાબત ન હતી. આ પ્રશ્ન ઘણો ગહન છે. આધ્યાત્મિક શક્તિને નકારવા સામેનું યુધ્ધ હતું. ખ્રિસ્તી યુધ્ધના સંદર્ભમાં પાઉલે એક મહાન અધ્યાય એફેસી ૬ લખ્યો છે. પાઉલ એવું કહે છે કે "કેમ કે આપણું આ યુધ્ધ રક્ત તથા માંસની સામે નથી. પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક લશ્કરોની સામે છે." (એફેસી ૬:૧૨). બે ઈચ્છાશક્તિઓની સામેનો ટકરાવ છે. શેતાનને સર્વોચ્ચપણું સ્થાપવાનો અને અધિકાર મેળવવાનો પ્રયત્ન છે. ઈશ્વરનું યુધ્ધ તેના લોકોને સાચવી રાખવા માટેનું છે. મોર્દખાય એ દેવનું સાધન છે, હામાનનો ઉપયોગ શેતાનના દુષ્ટ હેતુ માટે કરવામાં આવ્યો છે.

દૈવી હેતુને પરિપૂર્ણ કરવા માટે મોર્દખાય એ ચાવીરૂપ સાધન તરીકે પોતાની બહેન (દીકરી સમાન ૨:૧૫)નો ઉપયોગ કર્યો. વહેલા કે મોડા દેવના તમામ સેવકોની કસોટી થવાની હતી. જ્યારે પ્રભુ ઈસુનું યોહાન બાપ્તિસ્મી દ્વારા બાપ્તિસ્મા થયું ત્યારે દેવનો આત્મા પ્રભુ ઈસુ પર ઊતર્યો અને દેવપિતાએ પોતાના પુત્ર પ્રત્યે પ્રસન્નતા દર્શાવી. ત્યાર પછી તરત ઈસુનું પરીક્ષણ શેતાનથી થાય માટે આત્મા તેને રાનમાં દોરી ગયો (માથ્થી ૩:૧૬, ૪:૧). યરદન નદીના કાંઠા આગળ દેવની વાણી સંભળાઈ અને તરત રાનમાં શેતાનની વાણી સંભળાઈ. પ્રભુ ઈસુને તેમના બાપ્તિસ્મા પછી તેમનું પરીક્ષણ કરવા શેતાન ખૂબ ઉતાવળો દેખાય છે. જ્યારે નવા પુલનું બાંધકામ થાય છે અથવા બીજાં કોઈ કામ કરવામાં આવે ત્યારે તેમાં વાપરવાની દરેક વસ્તુની ભારે તપાસ (કસોટી) થાય છે. જો આપણે દેવના સાધનો હોઈએ, જો ઈશ્વરની દૃષ્ટિમાં મૂલ્યવાન હોઈએ, તો આપણી તપાસ (કસોટી) થશે.

મોર્દખાયનો પ્રશ્ન શો હતો? તેને મૂર્તિપૂજા કરવાનું કહેવામાં આવ્યું. દાનિયેલ ૧-૩ અધ્યાયમાં આ જ બાબતોનો સામનો શાદ્રાખ,

મેશાખ અને અબેદનગો કરે છે. નબૂખાદનેસ્સારની મૂર્તિને નમન કરવાનો તેઓ નકાર કરે છે. મોર્દખાયને પૂછવામાં આવ્યું કે, "તું રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરે છે? (એસ્તેર ૩:૩) તેણે જવાબ આપ્યો કે, "હું યહૂદી છું." (ક.૪)

ભક્તિમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ સમાયેલ છે. એક સમર્પિત યહૂદી તરીકે મોર્દખાય આ પ્રમાણે કરી શકે નહિ. "કેમ કે તારે કોઈ અન્ય દેવની પૂજા કરવી નહિ. કેમ કે હું યહોવા છું, ને મારું માન કોઈ બીજાને આપવા ન દઉં એવો દેવ છું. (નિર્ગમન ૩૪:૧૪). કારણ કે યહૂદીઓએ જ્યારે જ્યારે બીજા દેવોની પૂજા (ભક્તિ) કરી હતી ત્યારે ત્યારે તેનાં પરિણામે તેઓને બંદીવાસમાં જવું પડ્યું હતું. તેથી મોર્દખાયના એ સિધ્ધાંતો અને ધાર્મિક બાબતો પર આધારિત હતી. જ્યારે બીજાઓએ હામાન સમક્ષ માથાં નમાવ્યાં અને આરાધના કરી, જ્યારે મોર્દખાય પોતાના નિર્ણયમાં અડગ રહીને, દૃઢ નિર્ધાર સાથે જીવંત ઈશ્વરના પક્ષે રહ્યો. અહીં એ બાબતની નોંધ લો કે તેને આટલું જ કરવાનું કહેવામાં આવ્યું ન હતું. તેણે તો લાંબી યાતનાનો ભોગ બનવું પડ્યું હતું. તેણે ઘણા દિવસ સુધી સહન કર્યું. "તેઓ દરરોજ તેને એમ કહેતા" (ક.૪). તમારામાંના ઘણાં પ્રભુ ઈસુ પરના વિશ્વાસને કારણે ઘણી યાતનાઓમાંથી પસાર થયા હશો. તમારા કુટુંબનો વિરોધ, નોકરીના સ્થળે વિરોધ, સમાજમાં વિરોધ, ધમકાવવામાં આવ્યા હોય, સતત ભૂલો શોધવામાં આવતી હોય, આપણને તે વાત મનાવવા દબાણ કરવામાં આવે, સતાવણી કરવામાં આવે. ઈશ્વર પ્રત્યેની આધીનતામાં અને વિશ્વાસુપણાના સંદર્ભમાં દરરોજ દબાણ કરવામાં આવે, આત્મિક બાબતોના સંદર્ભમાં આપણે સ્પષ્ટ (સાચું) વલણ અખત્યાર કરીને આધીન થઈ જઈએ તે દિશામાં દોરી જાય. પરંતુ મોર્દખાય હોય કે ગમે તે હોય, આ બધી ખરેખરી કસોટી છે. કેટલી બધી વાર એવું બને છે કે, આપણા જીવનમાં બીજી બાબતો સ્થાન લે, નબળા પાડે, હિંમત તોડી નાખે, આધીન થઈ જઈએ તે દિશામાં આપણને દોરી જાય. પરંતુ મોર્દખાય અડગ ઊભો રહ્યો અને પરિણામ શું આવ્યું?

## હામાનની પ્રતિક્રિયા

આપણને એવું કહેવામાં આવ્યું છે કે, હામાન ગુસ્સાથી અને ધિક્કારથી ભરેલો હતો. તેનો મોર્દખાય પ્રત્યેનો ગુસ્સો તેની પરાકાષ્ટાએ હતો. હવે મોર્દખાયને વ્યક્તિગત રીતે છોડી દેવા હામાનને માટે સહેલું થઈ ગયું હોત. પરંતુ આ દુષ્ટ માણસે એવું નક્કી કર્યું કે તે આગળ વધશે. તે તમામ યહૂદીઓનો સંહાર કરશે. તેણે એવો વિચાર કર્યો કે, "શા માટે આખી યહૂદી પ્રજાનો સંહાર ન કરવો?" અને જેમ તે સંબંધી વધારે વિચાર કરતો તેમ વધુ આનંદ અનુભવતો હતો "પણ એકલા મોર્દખાય ઉપર હાથ નાખવો એ તેને હલકું લાગ્યું, કેમ કે મોર્દખાય કઈ જાતનો છે તે તેઓએ તેને જણાવ્યું હતું. તે માટે હામાને આહાશ્વેરોશના આખા રાજ્યમાં સર્વ યહૂદીઓનો એટલે મોર્દખાયની આખી કોમનો, વિનાશ કરવાની કોશિશ કરી." (૩:૬). મોર્દખાય એકલો જ હામાન પ્રત્યે બદલો કે વેર વાળવામાં સંકળાયેલો ન હતો, પરંતુ મોર્દખાયના વ્યક્તિગત સંબંધો યહૂદી પ્રજા સાથેના છે તે જાહેર થયા હતા. તેથી કરીને આખી યહૂદી પ્રજાએ દુશ્મનના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો.

અહીં પીડાકારક પાઠ શીખવા મળે છે. ઘણી બધી વાર પ્રભુનાં બાળકો જે પ્રભુને વફાદાર હોય છે. તેમનાં વહાલાંઓ તેમની સાથે સંકળાયેલા છે. જેવા કે કુટુંબો, મિત્રો, સહકર્મચારીઓ તેઓને પણ આનાં પરિણામો ભોગવવાં પડે છે. કેવાં પ્રકારનાં દુઃખો અને વેદના લાવી શકે છે. દુષ્ટ શેતાને કેવી રીતે મોર્દખાયને માનસિક અને શારીરિક વેદના (ત્રાસ) આપ્યાં હશે! કારણ કે તે પોતાના દેવના પક્ષે વિશ્વાસુપણે ઊભો રહ્યો હતો. આખી યહૂદી પ્રજા નાશ પામવાના ભય નીચે આવી પડી હતી. આ બધામાં હામાને એકાએક કેવી રીતે દેખા દીધી? તેનો ઉદય અસામાન્ય હતો? તે યહૂદીઓને આટલી હદે શા માટે ધિક્કારે છે.

સદીઓથી યહૂદીઓને ધિક્કારને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. નાઝીઓએ યહૂદીઓનો ધિક્કાર કેમ કર્યો? શા માટે રશિયાના તસારસ (Tsaras) યહૂદીઓને ધિક્કારે છે? મધ્યયુગ તરફ

ફરીએ, લોકોની રોમન કેથોલિકોએ સ્પેનીશ ધિક્કાર ભરેલી ઝીણવટભરી તપાસ અને સતાવણી અને યહૂદીઓમાં વિનાશની પ્રવૃત્તિ (કૃત્ય) શા માટે કર્યું? ઉપર છલ્લું વિચારતા જે કારણ મળે છે તે યહૂદીઓ પ્રત્યેનો માનવીનો ધિક્કાર. છેલ્લાં બે હજાર વર્ષથી યહૂદીઓની સતાવણી કરવામાં આવે છે અને ઘાતકી રીતે તેઓને મારી નાંખવામાં આવે છે.

આ ધિક્કારની પાછળ બીજો એક ધિક્કાર સંકળાયેલ છે. શેતાનનો યહૂદીઓ પ્રત્યેનો ધિક્કાર જે આખરે શેતાનનો ધિક્કાર ઈસુ ખ્રિસ્ત પ્રત્યે છે. શેતાનનો ધિક્કાર જે દેવના દીકરાને અને ઈસુ ખ્રિસ્તના કાર્યને સ્વીકારવાની ના પાડે છે. જે કોઈ આજે ઈસુ ખ્રિસ્તને માટે ઊભો રહે છે તેનો દુષ્ટતાપૂર્વક ધિક્કાર કરવામાં આવે છે. આ હું ખાતરીપૂર્વક કહું છું. જો તમે ઈસુને અનુસરવા માગો છો તો, તમે મુદ્રાંકિત કરાયેલા ભાઈ કે બહેન કે જુવાન વ્યક્તિ છો. આ બધી બાબતોમાં સંકડાવવું તેનો અર્થ એ થાય કે ઈસુ ખ્રિસ્તને માટે શેતાનનો ધિક્કાર સહન કરવો. તેથી આ દુષ્ટ માણસ હામાન, કે જે શેતાનથી પ્રેરિત થયેલો એકાએક મહત્ત્વના સ્થાને પહોંચે છે. તે શેતાનનો પ્રતિનિધિ છે. અહીં પ્રભુના પસંદ થયેલા યહૂદીઓનો નાશ કરવાનો બીજો પ્રયત્ન છે.

આ વાત આપણને યાકૂબ અને એસાવ તરફ લઈ જાય છે. ઉત્પતિ ૩૬:૧૨ અને ૧ કાળ. ૧:૩૪-૩૬ બંને શાસ્ત્રવચનમાં એવું કહેવામાં આવ્યું છે કે, અમાલેક એસાવનો પૌત્ર હતો. ઈસ્રાએલ પ્રજા જ્યારે અરણ્યમાં હતી ત્યારે તેમના પર જે લોકોએ હુમલો કર્યો તેઓ અમાલેકીઓ હતા. આ સ્પષ્ટ ચિત્ર આપણી આગળ નિર્ગમન ૧૭:૭-૧૩માં આપવામાં આવ્યું છે. જ્યારે તે પોતાના હાથ ઊંચા કરીને પ્રાર્થના કરતો ત્યારે, ઈસ્રાએલીઓ વિજય પ્રાપ્ત કરતા. જ્યારે મૂસા પ્રાર્થના કરતો ત્યારે ઈશ્વર ઈસ્રાએલ પ્રજાને વિજય આપતો. જ્યારે મૂસાના હાથ થાકી જતા અને નીચા પડતા ત્યારે અમાલેકીઓ વિજય પામતા. જ્યારે હારુન અને હૂર તેના હાથ ઊંચા કરીને તેને ટેકો આપતા ત્યારે મહાન વિજય પ્રાપ્ત કરતા. શાસ્ત્રભાગના એ વચનો પ્રત્યે આપણું ખાસ ધ્યાન જવું જોઈએ.

અહીં વિજયી પ્રાર્થનાનું ચિત્ર જોવા મળે છે. મંડળીના સભ્યોની આધ્યાત્મિક સંગત આ પ્રાર્થના પર વિશેષ ભાર મૂકે છે. હું એવું માનું છું કે ઈશ્વર આ સેવાકાર્યને આશિષ આપવાનું ચાલુ રાખે છે. તેના ઘણાં કારણોમાંનું આ એક કારણ છે. આપણે ફરી અને ફરીને પ્રાર્થનામાં લાગુ રહેવું જોઈએ. સેવામાં જૂના આગેવાનોના વિજય અને જેઓ યુધ્ધમાં પ્રવીણ છે તેઓ પર આધાર રાખીને પ્રાર્થના કરવાનું બંધ ન કરી શકીએ. જો તમારે કોઈપણ મંડળી કે સંસ્થાનું રહસ્ય જાણવું છે તો શોધી કાઢો કે તેઓ ક્યાં પ્રાર્થના કરે છે. સામર્થ્યનું મથક (પ્રાર્થનાના સંદર્ભમાં) શોધી કાઢો. જો સામર્થ્યનું મથક (Power House) ત્યાં નથી તો, એ બાબતનો પણ ખુલાસો આપશે કે મંડળી શા માટે બિનઅસરકારક છે.

મૂસા પ્રાર્થના કરતો અને ઈસ્રાએલ પ્રજા અમાલેક અને તેના લોકો પર વિજય પ્રાપ્ત કરતા. જ્યારે મૂસા પોતાના હાથ પ્રાર્થનામાં ઊંચા કરતા ત્યારે ઈશ્વર ઈસ્રાએલ પ્રજાને દુશ્મનો પર વિજય અપાવતા. આ પ્રસંગનો ઉલ્લેખ પુન.૨૫:૧૭-૧૯માં કરવામાં આવ્યો છે. ત્યાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે અમાલેકીઓ ઈસ્રાએલની પાછળ રહેતા, જે અબળ હતા તે સર્વને તેમણે માર્યા. માટે જ્યારે તમે મિસરની ગુલામીમાંથી બહાર આવ્યા ત્યારે અમાલેકીઓએ માર્ગમાં તમને જે કર્યું તે તમે યાદ રાખો. તેઓ તમને કેવી રીતે મળ્યા અને તમારા પર પાછળના ભાગે ચાલનારા અને થાકેલાઓ પર કેવી રીતે હુમલો કર્યો. આ સમયે તમે થાકેલા અને નિર્ગત થઈ ગયેલા હતા અને તેઓએ ઈશ્વરનો ડર રાખ્યો નહિ (ક.૧૭-૧૮) સ્કોટલેન્ડમાં, ઘેટાંપાળકો તેમના કૂતરાઓને ઘેટાંઓની પાછળ પડતા (દોડતા) અને પર્વતોના દુર્ગમ જોખમ રસ્તાઓ પરથી કેવી રીતે તેમને ખેંચી લાવવા તે શીખવે છે. અહીં અમાલેકીઓ પ્રભુના લોકને પર્વત પરથી ખેંચી લઈ જાય છે. ઈસ્રાએલ પ્રજા વચનના દેશની વારસદાર છે, તેઓને આદેશ આપવામાં આવ્યો હતો કે, "આકાશ તળેથી અમાલેકનું નામ ભૂંસી નાખ" (ક.૧૯), કારણ કે અમાલેકીઓ પ્રભુથી ડરતા ન હતા.

૧ શમૂએલ ૧૫માં શમૂએલે શાઉલને આજ્ઞા આપી કે તું અમાલેકનો સંહાર કર. પરંતુ શાઉલ અનઆજ્ઞાંકિત રહ્યો અને તેણે અગાગને માર્યો નહિ. 'અગાગ' એ રાજાનું વ્યક્તિગત નામ નથી. જેવી રીતે 'કાઈસર' અથવા 'ફારુન' ઉપનામ કે શી. ર્ષક છે તેવું તે નામ છે. અમાલેક લોકોમાં ઘણા બધા અગાગીઓ હતા કે જેઓ અમાલેક લોકોના રાજાઓ હતા. હામાન સામાજિક રીતે ઉચ્ચ દરજ્જો ધરાવનાર અગાગી હતો, આ આખી બાબત એ સમજવાને મદદરૂપ થાય છે કે આવા ઉચ્ચપદે કેવી રીતે પહોંચ્યો. કારણ કે અમાલેકે ઈસ્રાએલને મિસરમાંથી નીકળીને અરણ્યમાં જે કર્યું, તેથી ઈશ્વરે તેમનો વિનાશ કરવાનો આદેશ આપ્યો હતો (૧ શમૂએલ ૧૫:૨-૩) ગમે તેમ, આપણે જાણીએ છીએ કે શાઉલ અમાલેકીઓનો નાશ કરવામાં નિષ્ફળ ગયો હતો. ૧ શમૂ, ૧૫નું મહત્ત્વ એટલું છે કે, પોતાના લોક ઈસ્રાએલ પ્રજાનો, આ દુશ્મન પ્રજા નાશ કરે તે પહેલાં ઈશ્વર એવું ઈચ્છે છે કે અમાલેકીઓનો નાશ કરવામાં આવે.

રસપ્રદ વાત તો એ છે કે, મોર્દખાય તે શાઉલની જાતિનો હતો. તે કીશનો પુત્ર હતો. (એસ્તેર ૨:૫) અહીં (પર્સીયા)માં આ બે વ્યક્તિઓ વચ્ચે સંઘર્ષ જોવા મળે છે. પ્રાચીન સમયથી દુશ્મનાવટ અને ધિક્કારની લાગણી મોર્દખાય, યહૂદીઓ અને હામાન અમાલેકીઓ વચ્ચે ચાલતી આવી છે. શેતાને હામાનને એવી રીતે ઉત્તેજિત કર્યો હતો કે, હામાન યહૂદી સમાજને તમામ રીતે ભૂંસી નાખે. જ્યારે આપણે ધિક્કારના હેતુને જોઈએ છીએ ત્યારે, તે ક્યાંથી આવ્યો છે તેનો હેતુ જાણી શકીએ છીએ. શેતાન યહૂદીઓનો પૂરેપૂરો નાશ કરવા માગતો હતો.

## ૨. હામાનનું પાત્ર (૩:૭-૧૫)

હવે પ્રભુના લોકોને માટે ચિત્ર દેખાતું ન હતું. હામાને રાજાની સમક્ષ પોતાની યોજના રજૂ કરી. બીજી યોજનાઓની જેમ, તે પણ જુઠાણાથી ભરેલી હતી. જેઓ યહૂદીઓની વિરુધ્ધ હતા, તેઓની જેમ હામાને પણ સત્યની અવગણના કરી, તેના પર એક પ્રકારનું ભૂત છવાઈ ગયું હતું કે, હું યહૂદીઓનો સંહાર કરું. આ સંબંધી તમામ પાસાંઓનો

પૂરેપૂરો વિચાર કરીને મજબૂત પ્રસ્તાવના સાથે તે રાજાની પાસે આવ્યો. તેણે એવું દોષારોપણ મૂક્યું કે યહૂદી પ્રજા સર્વ પ્રાંતોના લોકોમાં પ્રસરેલી તથા વિખરાયેલી એક પ્રજા છે, તેઓ રાજાના કાયદા પણ પાળતા નથી. જો રાજા આ બાબતમાં કંઈક કરવાની તેને પરવાનગી આપે તો, આખા કાર્યને માટે તે નાણાં પણ આપશે.

પ્રશ્ન નાણાં અંગે નહતો. પોતાની યોજનાને માટે નાણાં આપવા પણ તે તૈયાર હતો. ખેરખર તો આ દ્વારા તે રાજાને લાંચ આપી રહ્યો હતો. કારણ કે રાજાએ તેના યુધ્ધને કારણે ઉદારતાથી નાણાં આપ્યાં હોવાથી કંગાલ થઈ ગયો હતો. હામાન એ પણ જાણતો હતો કે તે ભેટ તરીકે દશ હજાર તાલંત રૂપું આપવા તૈયાર છે. પોતાના સમગ્ર રાજ્યમાંથી જે કર વર્ષ દરમિયાન મળતો હતો તેનો આ બે તૃતિયાંશ ભાગ હતો. લોકોને ક્રૂર ઘાતકી રીતે માર્યા પછી, કોઈપણ જાતનું વળતર ચૂકવ્યા વગર હામાનને લાભ જ થવાનો હતો. તેથી તે આ રકમ રાજાના ભંડારમાં ચૂકવવા તૈયાર હતો. (ક.૯) આ સ્વકેન્દ્રિત અમર્યાદિત સત્તા અધિકાર ધરાવનારે એ દુઃખદ બાબતની તપાસ કરવાની દરકાર પણ ન કરી. તેના બદલે,રાજાએ પોતાની રાજવી મુદ્રિકા કાઢીને હામાનને આપી અને તરત જ આ શેતાની યોજનાને પૂરી કરવાનો પરવાનો આપ્યો. (ક.૧૦).

જ્યારે આ નિર્ણાયક ઘડી-સમય આવ્યો ત્યારે, હામાન આખી યોજનાને જેમ બને તેમ જલદી પૂરી કરવા માગતો હતો. પરંતુ જેવી રીતે ભારતમાં બને છે તેમ જાદુક્રિયા વગેરેમાં માનનારી બાબતે નિર્ણય લેવાની બાબતમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ફક્ત ભારતમાં જ નહિ, પરંતુ બીજા દેશોમાં પણ ખ્રિસ્તીઓ અને બિનખ્રિસ્તીઓમાં શુભ અને અશુભ દિવસોની માન્યતા છે. આ દેશમાં ઘણા બધા એવા લોકો છે કે અમુક કાર્યો અમુક દિવસે કરે છે. એવા પણ દિવસો હોય છે કે, જે દિવસોમાં ખાસ પ્રસંગો અથવા ઉજવણીઓ અથવા લગ્નો નથી કરતાં. ખાસ દિવસોએ તેઓ પોતાના દેવોની ખાસ રીતે પૂજા આરાધના કરે છે.સમયો શંકાશીલ બની ગયા છે.

હામાને યહૂદીઓનો નાશ કરવાનો યોગ્ય સમય શોધી કાઢ્યો. આ દિવસે ચિઠ્ઠીઓ નાંખવામાં આવી, "આહાશ્વેરોશ રાજાના બારમા વર્ષના પહેલા માસમાં એટલે નીસાન માસમાં પ્રતિદિન અને પ્રતિમાસને માટે ચિઠ્ઠીઓ (એટલે પૂર) નાખવામાં આવી. હામાનની હાજરીમાં દિવસ અને મહિનો પસંદ કરવામાં આવ્યા. મોટા ભાગનાએ બારમો મહિનો પસંદ કર્યો, આ મહિનો અદાર (Adar)નો હતો. ઘણી ચિઠ્ઠીઓ નાંખવામાં આવી હતી. પરંતુ બારમા મહિમાનો બારમો દિવસ આવ્યો ત્યાં સુધી ખાસ દિવસ આવ્યો નહિ. હામાન એવું ઈચ્છતો હતો કે આ દિવસ જલદી આવે. પરંતુ તેણે અગિયાર મહિના રાહ જોઈને સંતોષી રહેવું પડે તેમ હતું. નીતિ.૧૬:૩, "ચિઠ્ઠી ખોળામાં નાંખવામાં આવે છે, પણ તે બધાનો નિર્ણય યહોવાના હાથમાં છે."

આ દિવસોમાં મોર્દખાય કેવી રીતે ટકી શક્યો? તેણે જે કર્યું છે તે તેણે સાચું કર્યું છે એવું તેને લાગ્યું? ઈશ્વરને આધીન થયો તે શું તેણે યોગ્ય કર્યું હતું? કારણ કે તેના આ કૃત્યએ હવે આખી ઈસ્રાએલ પ્રજાને સંડોવી છે, આ બધી બાબતો વિશે તેને શું તેના સાથીદારો તરફથી કશું જાણવા મળ્યું હતું? શું યહૂદીઓને એવું લાગ્યું કે તેમનો પ્રભુ તેમને સદંતર વિસરી ગયો છે? અહીં તો એવું લાગતું હતું કે, હામાનની તરફેણમાં બધું જ યોગ્ય રીતે થઈ રહ્યું છે. તે કેવો સંપૂર્ણ રીતે સફળ થયેલો જણાય છે. આ બધામાં ઈશ્વર ક્યાં છે? મિત્રો, ઈશ્વર શેતાનના દુષ્ટતારૂપી દોરડાને આવવા દે છે કે જેના પર તેને જ લટકાવવાનો સમય આવે છે.

હામાને તેની યોજના ઘડી હતી. પોતાની તમામ ગણતરીમાંથી ઈસ્રાએલના દેવને બહાર રાખ્યા હતા. શું તમે એવું માનો છો કે એ જે કરવામાં આવ્યું તે ખરેખર એક તક હતી? શું તે બાબત અગિયાર મહિના પછી તે એક ખરેખર આકસ્મિક હતું? હું એવું માનું છું કે આ બધામાં આધ્યાત્મિક સંદર્ભ છે. કારણ કે આ બાબત ઈશ્વરના અધિકાર નીચે હતી. જો કે બહુ સ્પષ્ટ નથી છતાં ઈશ્વર ચિત્રમાં છે જ. તેના કરારના

લોકોને મદદ કરવા તેના હાથ પ્રસરાયેલા છે. સદીઓથી તેણે કેટલાં બધાં વચનો તેના લોકને આપેલાં છે. "તું તેઓને દેખીને ગભરાઈશ મા, કેમ કે યહોવા તારો દેવ તારી મધ્યે છે, તે મહાન તથા ભયંકર દેવ છે." (પુન.૭:૨૧) તારી વિરુધ્ધ વાપરવા સારુ ઘડેલું કોઈપણ હથિયાર સાર્થક થશે નહિ, ન્યાયસભામાં જે કોઈ જીભ તારી વિરુધ્ધ બોલશે, તેને તું દોષિત ઠરાવીશ." (યશાયા ૫૪:૧૭)

હામાનનો શેતાની તખતો હોવા છતાં ઈશ્વરની પાસે તેનો ભવ્ય અંત હતો. દુષ્ટતાની યોજનાને લાગુ કરવામાં જે વિલંબ થયો તે યહૂદી પ્રજાને માટે લાભકર્તા હતો. આ ઘાતકી યોજના લાગુ કરવા માટે તેઓનો સમય અવરોધ, હતાશા અને નિરાશાથી ભરેલો હતો. તેઓ આ કેવી રીતે કરશે? અરણ્યમાં તેઓ અમાલેકીઓને કેવી રીતે પરાજય આપશે? પુરાવાઓ સ્પષ્ટ છે. આ અતિ ગંભીર સમસ્યામાં ઈશ્વર પ્રાર્થના દ્વારા કેવી રીતે પોતાનો અધિકાર ચલાવે છે? ઉપવાસ અને પ્રાર્થના દ્વારા ઈસ્રાએલ પ્રજાને પ્રોત્સાહન આપે છે. આ આપણે પ્રકરણ ૪માં જોઈએ છીએ.

માનવી રીતે કહીએ તો, લોકો વિખરાયેલા હતા, કેટલાક અહીં અને કેટલાક તહીં, સામર્થ્ય વિનાની આવી વિકટ પરિસ્થિતિમાં કોઈ હથિયારો પણ ન હતાં. સમગ્ર રાષ્ટ્રની તાકાત તેઓની વિરુધ્ધમાં હતી. એવું ચોક્કસ લાગતું હતું કે,હામાનની યોજના સફળ થશે. પરંતુ ઈશ્વર! ઈશ્વર આ પ્રકારની પરિસ્થિતિનો એકલા જ સામનો કરી શકે પહોંચી વળે. ઈશ્વર જુદા પ્રકારના કે નિષ્ક્રિય ન હતા. એ યાદ રાખીએ કે દુષ્ટતાને, ખોટી બાબતોને વખોડનાર સ્વર્ગમાં છે. નિઃસહાયના મદદગાર સ્વર્ગમાં છે. પૃથ્વીમાં જે કંઈ બને છે તે બધા પર અંકુશ ધરાવનાર સ્વર્ગીય છે. યાદ રાખીએ કે તેમની પાસે અંતિમ (આખરી) શબ્દ છે. આ કોઈ પ્રાચીનકાળનો અર્થ વગરનો (નિરાશાજનક) ઈતિહાસ નથી. હું પોતે માનું છું કે, આજે પણ આ વાસ્તવિક છે. આપણે સમાચારપત્રો વાંચવા જોઈએ, સમાચાર સાંભળવા જોઈએ અને આ બધી બાબતો ઈશ્વરની

પાસે લાવવી જોઈએ કે જેથી પ્રભુ આ પરિસ્થિતિમાં રાષ્ટ્રના આગેવાનો તેમ જ સરકારી તંત્રના સંદર્ભમાં પ્રભુ હસ્તક્ષેપ કરે.

ખ્રિસ્તીઓએ સામનો કરવાની બાબતો અને લડાઈઓનો સાચો અર્થ શું છે તે તમે જાણો છો? "જેઓ ખ્રિસ્ત ઈસુમાં ભક્તિભાવથી ચાલવા ઇચ્છે છે,તેઓ સઘળા પર સતાવણી થશે જ" (૨ તિમોથી ૩:૧૨). વધસ્તંભ ઉપર જડાયા તે પહેલાં પ્રભુ ઈસુએ તેના શિષ્યોને ચેતવ્યા "જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો, જગતને મેં જીત્યું છે" (યોહાન ૧૬:૩૩). આજના જગતમાં ખ્રિસ્તી હોવું એ સહેલું નથી. તે અઘરું છે, તે કિંમતી છે. આ પેઢીના મોટા ભાગના આપણી વિરુધ્ધ થશે. જો તમે ખ્રિસ્તને વિશ્વાસુપણે અનુસરવા માગો છો. સ્થાપિત મંડળીઓમાં એવા લોકો છે કે જેઓ તમારો ધિક્કાર કરશે, પરંતુ શું તે બાબત તમને નિરાશ કરશે? શું તે તમારા માટે અવરોધરૂપ બનશે? શું બધાએ ઈસુ ખ્રિસ્તને ખાતર ઊભા થઈને સત્ય અને ન્યાયીપણાને માટે ઊભા રહેવું ઉપયોગી નહિ થાય?

•

ઈસુ ખ્રિસ્તે ક્યારેય એવું કહ્યું નથી કે બધું સરળ હશે. "જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, ને પોતાનો વધસ્તંભ, ઊંચકીને મારી પાછળ આવવું (માથ્થી ૧૬:૨૪). શું પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમને પડકાર આપી રહ્યા છે? "આવો, તમારો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવો. એ અઘરું બની શકે છે, ને કિંમત ચૂકવવી પડે તેવું થઈ શકે છે, પરંતુ હું તમારી સાથે હોઈશ." તમારો પ્રત્યુત્તર કદાચ એ હોયઃ હા, પ્રભુ હું ગભરાયેલો છું, હું પોતે નબળાઈ અનુભવું છું, જો કે તે કિંમત માગે તેવું છે, છતાં હું તમને ચોક્કસ અનુસરવા માગું છું. ગમે તે કિંમત મારે ચૂકવવી પડે, છતાં તમે મને બોલાવો છો અને મારું સમર્પણ તમને કરું માટે આહ્વાન આપી રહ્યા છો. પ્રભુ, હું તે પ્રમાણે કરીશ! હું આવું છું!

# ૪ મુશ્કેલીઓનો સામનો

## (એસ્તેર-૪)

હવે ત્યાં એક પ્રકારની મુશ્કેલ સ્થિતિ ઊભી થઈ છે! કાયદો બહાર પડી ગયો છે, જેના પર સહી કરવામાં આવી છે અને મુદ્રા પણ મારવામાં આવી છે. એમાં જણાવ્યા પ્રમાણે આખા સામ્રાજ્યમાં તમામ યહૂદીઓનો બારમા મહિનાના તેરમા દિવસે સંહાર કરવામાં આવશે. આશરે અગિયાર મહિનાના સમયની અંદર. આ કાયદાને માટે હામાન, કે જે યહૂદીઓને ધિક્કારનાર જે અગાગી છે તે જવાબદાર છે. આ કાયદાના પરિણામે, "..... સૂસા નગરમાં ગભરાટ મચી ગયો." (એસ્તેર ૩:૧૫)

યહૂદીઓ તેનો સામનો કેવી રીતે કરશે? યહૂદીઓ શું કરશે?

હામાનની યોજનાના સંદર્ભમાં એસ્તેર ૪ (ચાર) દૈવી પ્રત્યુત્તરના સંદર્ભમાં છે. આ યોજના શેતાનની પ્રેરણાથી તેને મળી હતી. આની પાછળ તેનો આશય પ્રભુની પસંદ કરેલી પ્રજાનો નાશ કરવાનો હતો. સર્વસમર્થ પ્રભુની નોંધ લીધા વગર હામાને આખી યોજનાનું આયોજન કર્યું અને તખ્તો ગોઠવ્યો. ગમે તેમ પરંતુ શક્તિશાળી હામાન પણ શક્તિશાળી જણાતો હતો. પરંતુ યહૂદીઓ તેમના હાથમાં ક્યારેય આવ્યા ન હતા. યાદ રાખો, પ્રભુ હજુ સુધી તેમના સિંહાસન પર છે, તેના પર વિશ્વાસ કરનાર શક્તિશાળી લોકો આજે અથવા ભવિષ્યમાં આવી વ્યક્તિઓના કે શેતાનના હાથમાં પડી શકશે નહિ. નરકમાંથી તેઓના વિનાશ માટે કાયદો બહાર પાડવામાં આવ્યો હતો, પરંતુ દૈવી યોજના અને અપાયેલ વચન એ તેમના બચાવની ખાતરી હતી.

જેવી રીતે દેવનું રાજ્ય હંમેશને માટે છે તેવી જ રીતે પ્રભુના કરારો જે તેના લોકો સાથે કરવામાં આવેલા તે હંમેશને માટે છે ત્યારે

પણ ઈશ્વર હતા અને આજે પણ છે. પ્રથમ કરાર ઈબ્રાહિમ સાથે કરવામાં આવ્યો હતો. "અને તારો દેવ તથા તારા પછીના તારા વંશજોનો દેવ થવા સારુ, હું મારો કરારે સનાતન કરાર તરીકે મારી ને તારી વચ્ચે ને પેઢી દરપેઢી તારા પછી તારા વંશજોની વચ્ચે કરીશ" (ઉત્પ.૧૭:૭) ફરીથી ગીતશાસ્ત્રમાં આ પ્રમાણે વાંચીએ છીએ. "હજારો પેઢીઓને આપેલું પોતાનું વચન, એટલે પોતાનો કરેલો કરાર. તેણે સદાકાળ યાદ રાખ્યો છે, એટલે જે (કરાર) તેણે ઈબ્રાહિમ સાથે કર્યો હતો, અને ઈસહાક પ્રત્યે પ્રતિજ્ઞા કરી હતી. (ગીતશાસ્ત્ર ૧૦૫:૮,૯) દેવે આપેલી ખાતરી યશાયામાં કહે છે, "દાઉદ પર કરેલી કૃપા જેમ નિશ્ચલ છે તે પ્રમાણે હું તમારી સાથે સદાકાળનો કરાર કરીશ." (યશાયા ૫૫:૩(બ)). હતાશા, નિરાશા અને વિરોધાભાસ એવા સમયો, દિવસોમાંથી પસાર થઈએ છીએ ત્યારે હલાવી ન શકાય તેવું સત્ય આપણને કેવો દિલાસો અને સામર્થ્ય પૂરા પાડે છે. પોતાને જે કંઈ થયું તે વિશે 'મોર્દખાયે હાથાકને કહ્યું... વળી તેઓનો નાશ કરવાનો હુકમ સૂસામાં કરવામાં આવ્યો હતો, તેની નકલ તેણે તેને આપી કે,તે એસ્તેરને તે દેખાડે, અને તેને કહી બતાવે, અને તેને વીનવે કે રાજાની હજૂરમાં જઈને તે પોતાના લોકને સારુ કાલાવાલા કરીને રૂબરૂ અરજ કરે." (એસ્તેર ૪:૭-૮). અધ્યાય ૩માં આપણે જોયું હતું કે, મોર્દખાયની કેવી ભારે કસોટી થઈ. ગમે તે કિંમત ચૂકવવી પડે તો પણ તેની કસોટીના સમયે તે અડગ ઊભો રહ્યો, એમ તે પોતાના નિર્ણયને દૃઢપણે વળગી રહ્યો.. હવે એસ્તેરનો સમય(વારો) આવ્યો. તે આ પડકારનો સામનો કેવી રીતે કરશે? શું તે પોતાના લોકના બચાવને માટે ઊભી રહેશે કે પછી પોતાની જાતને બચાવવા પ્રયત્ન કરશે? ખ્રિસ્તના નામની ખાતર, તેની મંડળીની ખાતર અને તેના રાજ્યની ખાતર. જો તેઓને બચાવવાની જવાબદારી તમારા શિરે અને હાથમાં હોય તો તમે કેટલા દૃઢ, હિંમતવાન અને પોતાનું બલિદાન આપનાર હશો?આ પ્રકારની મુશ્કેલી(આપત્તિ)નો સામનો એસ્તેરે કર્યો. જ્યારે એસ્તેરે પ્રથમ વાર મુશ્કેલીઓ અનુભવી અને જ્યારે કાયદાને તેણે જોયો ત્યારે, તેને એવું લાગ્યું કે મોર્દખાયની દરખાસ્ત

અશક્ય હતી. પોતાના લોકો વતી તેણે (એસ્તેરને) વિનંતી કરી કે રાજાને મધ્યસ્થી કરે. પરંતુ તે (એસ્તેર) થોડા સમય માટે રાજાની નજરની બહાર હતી. છેલ્લા ત્રીસ દિવસથી રાજાએ તેને પોતાની હજૂરમાં બોલાવી ન હતી. જો તે રાજાની પાસે વગર બોલાવ્યે અંદરના ચોકમાં જાય અને જો રાજા તેની સામે સોનાનો રાજદંડ ધરે તો તે જીવતી રહે, નહિ તો તેને મારી નાંખવામાં આવે. કારણ કે તેને એવી બીક હતી કે તેને કદાચ મારી નાખવામાં આવે, તેથી એસ્તેર રાજા પાસે જતાં ખચકાતી હતી. મોર્દખાયને આ વાતનો ખ્યાલ આવ્યો, તેણે એસ્તેરને યાદ અપાવી કે જો તે રાજાની પાસે નહિ જાય તો પણ તેનો નાશ તો થશે જ. તેથી તે એસ્તેરનું બહાનું સ્વીકાર કરશે નહિ. એસ્તેરને પડકાર આપતો સંદેશ તેની પાસે તે મોકલે છે. "અને તને રાણીપદ પ્રાપ્ત થયું છે તે આવા સમયને સારુ નહિ હોય એ કોણ જાણે છે? (૪:૧૪)

## ૧. સમસ્યાનો ઉકેલ (૪:૧-૮)

મારી સમજણ પ્રમાણે મંડળીના ઈતિહાસમાંથી મેં એવું શોધી કાઢ્યું છે કે,મુશ્કેલ સંજોગોમાં વ્યક્તિનું સાચું ચારિત્ર્ય પ્રગટ થાય છે. જ્યારે દિવસો સરળ અને આરામદાયક હોય છે અને જ્યારે બધું બરાબર ચાલતું હોય તેવા સમયે કેટલાક એવા ભાઈઓ અને બહેનો હોય છે જે મજબૂત અને સ્થિર જણાતા હોય છે. પરંતુ જ્યારે વિરુધ્ધની પરિસ્થિતિ અને કરુણ ઘટના:ઓ બને, ત્યારે તેઓની તાકાત ખલાસ થઈ જાય અને તેનું બાષ્પીભવન થઈ જાય. મોર્દખાય આવા સંજોગોમાં જેવો હતો તેવો જ દેખાય છે. દુષ્ટ હામાનની સામે દઢ અને ખાતરીપૂર્વક ઊભો રહી શકે અને સામનો કરી શકે તેવો સક્ષમ હતો.

અહીં પોતાના લોક અને રાષ્ટ્ર સામે વિચિત્ર લાગે તેવો ભય પેદા થયો છે કે જેમાં તેના લોકનો અને રાષ્ટ્રનો નાશ થઈ શકે ત્યારે તે નમ્ર બનીને નાજુક પળે રુદન કરી શક્યો હોત. મોર્દખાયના બાહ્ય દેખાવથી એ જણાઈ આવતું હતું કે તે પોતાના લોકોને માટે કેટલો દુ:ખી છે. "જે સઘળું કરવામાં આવ્યું, તે મોર્દખાયે જાણ્યું, ત્યારે તેણે પોતાનાં વસ્ત્ર

ફાડીને ટાટ પહેર્યું, અને રાખ ચોળીને નગરમાં તે નીકળી પડ્યો, અને મોટે ઘાંટે દુઃખથી પોક મૂકીને રડ્યો."(૪:૧). ટાટ અને રાખ એ દુઃખનું પ્રતીક છે તેવું સ્વીકારવામાં આવેલ છે. મોર્દખાય જ્યારે શહેરમાંથી પસાર થયો ત્યારે તેણે લોકોની સ્થિતિ જોઈ, આવી દુઃખદ સ્થિતિ જોઈ તે રાજાના મહેલમાં પાછો આવ્યો. જ્યારે એસ્તેરે જાણ્યું કે રાજા મહેલની બહાર ગયો હતો, ત્યારે તેણે રાજાને દિલાસો આપવાનો પ્રયત્ન કર્યો. યહૂદી પ્રજા આવી ગંભીર સ્થિતિનો સામનો કરી રહી હતી તેની તેને જાણ ન હતી. ટાટ અને રાખ તદ્દન આશા વગરની સ્થિતિની નિશાની હોઈ શકે. પરંતુ આ યહૂદી પ્રજા માટે નહિ! તેઓમાં "મોટો શોક તથા ઉપવાસ તથા વિલાપ તથા કલાપીટ થઈ રહ્યા."(૪:૩). આ બધામાં હું માનું છું પ્રાર્થનાનો સમાવેશ આમાં થઈ જાય છે.

વિશ્વના બદલાણ માટે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે મને થાય છે કે જે પડકાર અને ઠપકો દર્શન દ્વારા યહોશુઆ, દાનિયેલ વગેરેને મળ્યા, જે વિશ્વદર્શન હતું તે પ્રાપ્ત થાય છે. આ ઈશ્વરની દુનિયા છે. જો આપણે ઈશ્વરના લોકો છીએ તો, આપણને ઈશ્વરના મન જેવું મન હોવું જોઈએ. આપણને વિશ્વદર્શન હોવું જોઈએ. હું અને તમે જગતને કેવી રીતે બદલી શકીએ? જવાબ એ છે કે લોકોના બદલાણ દ્વારા. આ કેવી રીતે શક્ય બને! શું તે વાર્તાલાપ (આદાનપ્રદાન) દ્વારા કરી શકાય? શું તે નમ્ર અરજ દ્વારા કરી શકાય? આ બાબતો કદાચ મદદરૂપ થાય, પરંતુ આ કાર્ય પ્રાર્થના દ્વારા જ કરી શકાય.

પ્રાર્થના દ્વારા રાષ્ટ્રો બદલાયાં છે. રોમન સામ્રાજ્યને કોણે બદલ્યું? ઈશ્વરે. ઈશ્વરે તે કેવી રીતે કર્યું? તેણે કેવી રીતો વાપરી? રોમન સામ્રાજ્યને બદલવા ઈશ્વરે સંતોની પ્રાર્થનાનો ઉપયોગ કર્યો. બીજા વિશ્વયુધ્ધમાં દુષ્ટ હિટલરને બદલવા ઈશ્વરે સંતોની પ્રાર્થનાનો ઉપયોગ કર્યો. તમે કદાચ ૧૯૪૦માં પદભ્રષ્ટ થયેલા ડનકિર્ક (Dunkirk) વિશે સાંભળ્યા હશે. સામાન્ય રીતે શિયાળામાં જ્યારે દરિયા તોફાની હોય છે, આવા સમયે સિપાઈઓને ફ્રાન્સથી પાછા ઈંગ્લેન્ડ લાવવામાં આવી રહ્યા હતા.

ઈંગ્લીશ ખાડી આશ્ચર્ય પમાડે તેવી શાંત હતી. આ કામને માટે માછીમારની નાની હોડીઓ હજારો સિપાઈઓનાં સ્થળાંતરના કાર્યને માટે વાપરવામાં આવી હતી. સામાન્ય રીતે આવી હોડીઓ દરિયામાં (લાંબા અંતર માટ) મોકલવામાં આવતી ન હતી. તે સમયે બ્રિટીશ લોકોએ આ માટે ઘણી પ્રાર્થનાઓ કરી હતી, ઈશ્વરે અજાયબ રીતે ઘણાં સૈનિકોને બચાવી લીધા હતા.

નોર્મન ગુબ દ્વારા લખાયેલ પુસ્તક "રીશ હોવેલની મધ્યસ્થી" (Rees Howells Infercessor) તમે વાંચ્યું હશે. તમે કદાચ રાષ્ટ્રો માટેની પ્રાર્થનાની કિંમત સમજી શક્યા હશો. દક્ષિણ વેલ્સમાં એવું એક પ્રાર્થનાવાદી જૂથ હતું કે જેઓ દેવની ઈચ્છાથી દોરવાઈને નાઝી સલ્તનતના પતન માટે પ્રાર્થના કરતા હતા. ફરીથી પુસ્તક મેં વાંચ્યું અને મને નવી રીતે તાજો પડકાર મળ્યો. શું આપણે કશું વાસ્તવિક પ્રાર્થના વિશે જાણીએ છીએ? આપણી પ્રાર્થનાઓ કેવી છે? આજના ખ્રિસ્તીઓ ઘણી બધીવાર પાર્થના વગરના ખ્રિસ્તીઓ હોય છે. પ્રભુના લોકો પ્રાર્થના વગર બીજું બધું કરશે. અહીં આપણા બધા માટે ચેતવણી છે. ખોટી સલામતીના સંદર્ભમાં તમે શાંત બની શકો. લેમેન્સ ઈવેન્જલીકલ ફેલોશીપમાં બુધવારે રાત્રે પ્રાર્થના સંગત હોય છે અને શનિવારે રાત્રે ઉપવાસ સહિતની પ્રાર્થના સંગત હોય છે. વધુ સમય પ્રાર્થનામાં ગાળવાને માટે ઘણી તક અહીં આપવામાં આવે છે. પરંતુ અબૂધના ખોટી સલામતીના સંદર્ભમાં શાંત હોઈ શકે. ઈશ્વર સાથે એકસૂત્રતામાં આવીએ છીએ? આપણાં રાષ્ટ્રોમાં એટલા બધા પ્રશ્નો છે કે તે શું આપણને ઈશ્વર પાસે પ્રાર્થના માટે દોરી જાય છે?

## ૨. પડકારનો સામનો કરવો જોઈએ (૪:૮-૧૪)

મોર્દખાય અને એસ્તેરે પડકારોનો સામનો કરવાનો હતો. પ્રથમ, મોર્દખાય એસ્તેરનું તેની વ્યક્તિગત અને વિશાળ જવાબદારી તરફ ધ્યાન દોરે છે. રાજા પાસે જવા તેને મોર્દખાય વિનંતી કરે છે અને "પોતાના લોક માટે કાલાવાલા અને અરજ કરે." (ક.૮) તે વિશિષ્ઠ સ્થાને હતી કે

જેના આધારે તે રાજાને વ્યક્તિગત રીતે મળી શકે. તમારું સ્થાન શું છે તે હું જાણતો નથી. આપણે જ્યાં કંઈ છીએ ત્યાં ઈશ્વરે આપણને મૂક્યા છે અને તેણે આપણને જવાબદારી સોંપી છે. તેથી આપણી જવાબદારીઓમાંથી છટકી ન શકીએ.

ત્યારપછી, મોર્દખાય એસ્તેર રાણીને તેનું સ્થાન અને તે દ્વારા મળેલ અદ્વિતીય લાભની યાદ અપાવે છે (ક.૧૪) "તને રાણીપદ પ્રાપ્ત થયું છે." ક્રૂર નાશ થવાનો હતો તેમાંથી આ એક જ વ્યક્તિ પોતાની અસર પાડી શકે અને લોકોને બચાવી શકે. તમને મળેલ ઉત્તમ ખજાનો અને તક વિશે શું? ભારતના સંદર્ભમાં ઘણી બધી બાબતો ખોટી થઈ રહી છે. સાથે સાથે ઘણી હકારાત્મક બાબતો પણ છે. તમને જે આઝાદી મળેલ છે તે વિશે વિચારો. મુક્ત રીતે તમે તમારું બાઇબલ વાંચી શકો છો. તમારી ઉપર એવો કોઈ સિપાઈ તલવાર કે બંદૂક લઈને ઊભો નથી કે જે તમને જેલમાં પૂરે. આપણે મુક્ત રીતે ઈશ્વરનું ભજન કરવા મળી શકીએ છીએ. ખ્રિસ્તી સાહિત્ય વહેંચવા અને તેનો ફેલાવો કરવાની તક આપણી પાસે છે. દેવનાં વચન આધારિત ઉપદેશ કરવાનો લહાવો (તક) છે. શું આપણે એ જાણીએ છીએ કે ભારતના ચોક્કસ ભાગોમાં આજે પણ લોકોની સતાવણી થાય છે? ઈશ્વરે આપણને આ બધી તકો આપી છે.

ફરીથી મોર્દખાય એસ્તેરને વ્યક્તિગત રીતે સામેલ થવાની અગત્યતા પર દબાણ કરે છે. "જો તું આ સમયે છેક છાનીમાની બેસી રહેશે તો યહૂદીઓને માટે મદદ તથા બચાવ બીજી જગ્યાએથી મળશે, પણ તારો તથા તારા બાપના કુટુંબનો નાશ થઈ જશે." (ક.૧૪) તે એસ્તેર પર એ વાતની અસર પાડે છે કે તે પોતે પોતાના લોકના સર્વનાશના કાર્યમાં સામેલ થશે. લોકોના નાશ થવાની બાબતથી તેણીને બાકાત ગણવામાં નહીં આવે.

મોર્દખાય એક એવી વ્યક્તિ કે જે રાજાના દરવાજા પાસે પોક મૂકીને રડનાર (ક.૨), જે વિશ્વાસી વ્યક્તિ બન્યો (ગણાયો). શામાં વિશ્વાસ? "બીજી જગાએથી"નો અર્થ શો? યહૂદી અને ખ્રિસ્તી વિવેચકો

આ વાક્યનો ખુલાસો કરે છે કે, ઈશ્વરની મદદ મળશે (ઈશ્વર તરફ દોરે છે.) મોર્દખાયનો વિશ્વાસ મજબૂત હતો જ્યારે એસ્તેર કે જે આ પરિસ્થિતિમાં મહત્ત્વની ચાવી સમાન છે છતાં તે રાજાને કહેવામાં નિષ્ફળ જાય છે, ત્યારે મોર્દખાય એવું માને છે કે, કરારોનો પાળનાર ઈશ્વર બીજે ક્યાંકથી પણ બચાવ લાવશે. તેથી આગળ વધીને તે એસ્તેરને આ બાબતમાં પોતાને સામેલ કરવા વિનંતી કરે છે. "તને રાણીપદ પ્રાપ્ત થયું છે તે આવા જ સમયને સારુ નહિ હોય એ કોણ જાણે છે?" ફરી એકવાર, મોટાભાગના વિવેચકો આ વાક્યને ઈશ્વર સાથે સાંકળે છે. તેથી મોર્દખાયે એસ્તેરને પડકાર ફેંક્યો.

પેઢીઓથી પશ્ચિમના દેશોમાં અમે ખ્રિસ્તીઓ છીએ, કહેવાતા ખ્રિસ્તીઓ ઈશ્વરના કાર્યોમાં વધુ ઊંડાણથી રસ લેવા (સામેલ થવા) માગતા નથી. હું જ્યારે જુવાન ખ્રિસ્તી હતો. ત્યારે જે વૃધ્ધ ખ્રિસ્તીઓ હતા, તેમનું નિરીક્ષણ કરતો હતો. તેઓ સન્ડેસ્કુલમાં વીસ, ત્રીસ કે ચાલીસ વર્ષથી શીખવતા હતા. આજે પરિસ્થિતિ કેવી છે? ઉત્તર આયર્લેન્ડના પાળકોને સન્ડેસ્કુલ માટે શિક્ષકો મેળવવાની ભારે મુશ્કેલી વેઠવી પડે છે. જો કદાચ તેઓ સેવા આપે તો કદાચ બે વર્ષ, વધુમાં વધુ ત્રણ વર્ષ કે ચાર વર્ષ સેવા આપવા તૈયાર થાય. પછી તેઓ સેવામાંથી મુક્ત થવા માગતા હોય છે. હું જે કહેવા માંગુ છું તે એ કે તેઓ વધુ ઊંડાણથી (વધુ સમય) રસ લઈને જોડાવા તૈયાર નથી.

પ્રભુ તમને શું પૂછે છે? ઈશ્વરે આપણને તમામ પ્રકારનાં તાલંત અને કૃપાદાનો આપ્યાં છે. તમે ઈશ્વરને તમારું કૃપાદાન આપ્યું છે, ઈશ્વર તમને બતાવે એવી પ્રાર્થના કરી છે, ઈશ્વરનું કામ કરવાને માટે ખાસ પ્રકારની શક્તિ ઈશ્વરે આપી છે તે વિશે ઈશ્વરને પ્રાર્થના કરી છે? કદાચ પાકિસ્તાન જવા માટેનું હોય, પ્રશ્નોથી ઘેરાયેલા કાશ્મિરના એ ભાગોમાં જવાનું હોય અથવા એવા દૂરનાં ગામડાં કે જ્યાં ખ્રિસ્તી ઉપદેશ અને શિક્ષણનો ભારે વિરોધ થતો હોય ત્યાં જવાનું હોય. "પ્રભુ તમે મારી પાસે શું કરાવવા માંગો છો?" શું તમે આવી પ્રાર્થના કરવા તૈયાર છો

અને તમામ પરિસ્થિતિનો સ્વીકાર કરતાં એવું કહેવા તૈયાર છો, "હા, પ્રભુ, હું જઈશ." કદાચ તે પ્રાર્થનાનો પ્રત્યુત્તર એ હોય કે ઈશ્વર મદ્રાસમાં અથવા બીજા કોઈ સ્થળે પણ મોકલે કે જ્યાં ઈશ્વરને માટે ઊભા રહેવું એકદમ અઘરું હોય. ઈશ્વર જ્યારે તમારી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપે ત્યારે ઈશ્વરના આદેશને સ્વીકારવા તમે તૈયાર છો.

## ૩. અનુસરવા માટેની હિંમત (૪:૧૫-૧૭)

મોર્દખાયની વિનંતી ખાનગી (છુપાઈ) રહી નહિ, જ્યારે એસ્તેરે વિચાર્યું ત્યારે તેને તે સમજાયું (ભાન થયું) કે તેની જવાબદારી ક્યાં છે અને આ શક્તિશાળી પડકારે તેને પૂરેપૂરી રીતે હલાવી નાખી. આ અશક્ય લાગતા કાર્યની જવાબદારી એસ્તેર લેવા તૈયાર થઈ. તેણીનો મોર્દખાયને જવાબ આ હતો. "જો, સૂસામાં જેટલા યહૂદીઓ છે તે સર્વને એકઠા કર અને તમે સર્વ આજે મારે સારુ ઉપવાસ કરો, ત્રણ દિવસ સુધી, રાત્રે કે દિવસ તમારે કંઈ ખાવું કે પીવું નહિ, હું તથા મારી દાસીઓ પણ એવી જ રીતે ઉપવાસ કરીશું, જો કે તે નિયમ વિરુધ્ધ છે તો પણ હું રાજાની હજૂરમાં જઈશ, જો મારો નાશ થાય, તો ભલે થાય." (૪:૧૬). એસ્તેરમાં રહેલી અચોક્કસતા કે અનિચ્છા દૂર થઈ અને તેની જગ્યા હિંમતે લીધી. એનો અર્થ એ થાય કે જ્યારે એસ્તેર રાજાની પાસે પોતાના લોકને માટે જાય ત્યારે તેની પાછળ મરણની શક્યતા રહેલી હતી. તેણે આ વાતને ઝડપથી અમલમાં મૂકી. હજુ તેની પાસે કેટલોક સમય હતો. તેણાએ ત્રણ દિવસ ઉપવાસ માટે માગ્યા (જાહેર કર્યા), આ ઉપવાસની સાથે પ્રાર્થના જરૂર સંકળાયેલ હતી. મહેલની બહાર મોર્દખાય યહૂદીઓને એકઠા કરે અને એસ્તેર તેની દાસીઓ સાથે મહેલમાં ઉપવાસ કરે.

ઉપવાસ શા માટે? આનો અર્થ એ ન હતો કે તેઓ ઈશ્વરને પૂછે કે તેણીએ શું કરવું જોઈએ. જે કરવાનું હતું તે તો નક્કી કરવામાં આવ્યું હતું. ઈશ્વરની મદદની માગણી કરવા માટે ઉપવાસ કરવામાં આવ્યો હતો. ઈશ્વરની દયાવાન દરમિયાનગીરી તેનામાં તેની મારફતે અને તેના સર્વ લોક વતી થાય. રાજાની તરફદારી થાય તે માટે આ મહાન

હેતુને માટે ઈશ્વરની દયા અને કૃપા શોધવાનો (પ્રાપ્ત કરવાનો) પ્રયત્ન હતો. ઉપવાસનો હેતુ એ પણ હતો કે તે દરમિયાન ઈશ્વરનું જ્ઞાન શોધવા કે મેળવવામાં આવે કે જેથી તેઓ જાણી કે સમજી શકે કે રાજાની આગળ કેવી રીતે જવું અને તેમને શું કહેવું. પોતાના પસંદ કરેલા લોકો પ્રત્યે ઈશ્વરે આપેલા કરારો ઈશ્વરને યાદ અપાવવાનો (રજૂ કરવાનો) એ સમય હતો. જો ઈશ્વર દરમિયાનગીરી ન કરે તો તેણે આપેલાં વચનો (ખાતરી) નિષ્ફળ જાય. એસ્તેર પૂરેપૂરી રીતે ઈશ્વર પર આધારિત હતી (પોતાની જાત સંપૂર્ણ રીતે ઈશ્વર આધારિત હતી). તેણીની જરૂરિયાત તાકીદની હતી. ઉપવાસ એ ઈશ્વરની આગળ નમ્ર બનવાનું એક કૃત્ય હતું અને તેણી આ વલણ કે કૃત્ય ત્રણ દિવસ દરમિયાન ઈશ્વર આગળ લઈ જવા માગતી હતી. ત્યારબાદ એસ્તેર શબ્દશઃ જે કરવાની હતી તે એ કે પોતાનું જીવન ઈશ્વરના હાથમાં સોંપવાની હતી. તેણીનો નિર્ણય હતો. "મારો નાશ થાય, તો ભલે થાય." થોડીવાર વિચારો તે કેવું નાનું કે તૂટી જાય તેવું પાત્ર છે. આપણે એવું કહી શકીએ "તે માત્ર છોકરીનું બીબું છે." (Just a slip of a girl) જેને અગત્યતાના સ્થાને અને મુશ્કેલ સંજોગોમાં મૂકવામાં આવ્યું હોય. પરંતુ, માનવી રીતે કહીએ તો પરિસ્થિતિ અને ઉકેલની ચાવી તેના હાથમાં છે.

જ્યારે મોર્દખાય ઈશ્વરની સંભાળમાં પોતાનો વિશ્વાસ છે તેવી કબૂલાત (જાહેર કરતા) કરે છે અને એસ્તેર માટે કહે છે કે તેને સત્તા (રાણીપદ) "આવા જ સમયને સારુ નહિ હોય," એવું કંઈક બન્યું કે જેના લીધે એસ્તેર પરિસ્થિતિનો ભોગ બનવાને બદલે તે સામર્થ્ય, ખાતરી અને હિંમતવાળી વ્યક્તિ બની. ક.૧૭ની નોંધ લો કે જ્યાં એસ્તેરમાં નવું સામર્થ્ય જણાય છે." ત્યારે મોર્દખાય પોતાને રસ્તે ગયો, અને એસ્તેરે તેને જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે તેણે કર્યું. (ક.૮), પરંતુ હવે એસ્તેરે મોર્દખાયને આજ્ઞા આપી અને તે આધીન થાય છે. (ક.૧૭)

"તને રાણીપદ પ્રાપ્ત થયું છે તે આવા જ સમયને સારુ નહિ હોય એ કોણ જાણે છે?" તું કદાચ રાજમહેલમાં ન જઈ શકી હોત.

કદાચ તારી જગ્યા શાળામાં અથવા ઓફિસ (દફતર)માં, અથવા દવાખાનામાં, અથવા કારખાનામાં અથવા સરકારી ખાતામાં અથવા તારા ઘરમાં હોત. તારી અસર નીચે આવતી વ્યવસ્થા અને જગ્યા છે. આ સ્થાને તું છે. જ્યાં ઈશ્વરે તને ત્યાં મૂકી છે. તને તે સ્થાને મૂકી છે તે તારા પોતાના માટે નથી પરંતુ બીજાઓને માટે છે. આ મુશ્કેલ પરિસ્થિતિ (સંજોગો) એ વાતની પ્રતીતિ કરાવે છે કે એસ્તેરનું પાત્ર કેટલું મજબૂત હતું. તેનું જીવન કેવું તેજોમય રીતે પ્રકાશી રહ્યું છે! "મારો નાશ થાય તો ભલે થાય" પોતાના સમર્પણની આ પરાકાષ્ઠા (ચરમસીમા) હતી. પોતાના જીવન કરતાં તેની પાસે મોટી બાબત ન હતી. પરંતુ એસ્તેરનું જીવન સંપૂર્ણ રીતે ઈશ્વરના હાથમાં હતું. હિંમતનું કેવું ઉદાહરણ!

આ વિકટ સ્થિતિ (પરિસ્થિતિ, સંજોગો)માં આપણે બે મુખ્ય પાઠ જોઈએ છે. પ્રથમ તમારી ફરજ કેટલીકવાર ધ્યેય (લક્ષ્યાંક) તરફ દોરી જાય છે. મને શંકા છે કે જ્યારે મોર્દખાય પોતાની ભત્રીજી એસ્તેરને ઉછેરીને મોટી કરી ત્યારે તેને મોર્દખાયને એ વાતનો ખ્યાલ આવ્યો હતો કે ઈશ્વર તેને તેના ભંયકર સ્વપ્નના લક્ષ્યાંક અને હેતુ તરફ દોરી જાય છે. જ્યારે સામાન્ય વ્યક્તિઓ પોતાની જવાબદારી ઈશ્વર પ્રત્યે અદા કરે છે, ત્યારે ઈશ્વર ઘણીવાર તેઓ જેની કલ્પના (જેનું સ્વપ્ન ન જોયું હોય) ન કરી હોય તેવા સ્થાન સુધી દોરી જાય છે. મોર્દખાય તેની કૌટુંબિક જવાબદારી અદા કરતો હતો. જ્યારે એસ્તેરના માતપિતા મૃત્યુ પામ્યાં. ત્યારે તે, તેના કાકા તરીકે એસ્તેરને તેના પોતાના ઘેર લાવ્યો અને તેનો ઉછેર કર્યો. દત્તક તરીકે લેવાની પ્રથા યહૂદીઓમાં જાણીતી ન હતી. તેઓ એકબીજા પ્રત્યે સહાનુભૂતિ અને સંભાળ લેવાની વૃત્તિ પ્રદર્શિત કરતા હતા. હવે આનું પરિણામ શું આવ્યું?

૧. એસ્તેરને રાજગાદી મળી અને તે દેશની રાણી બની
૨. હામાન મોત માટેનો માચડો બન્યો - યહૂદીઓનો ધિક્કારનાર, અમાલેકી હતો.
૩. યહૂદીઓ કે જેઓની કસોટી (તપાસ) થવાની હતી તેઓની પાસે

ઉધ્ધાર (બચાવ) આવ્યો.

૪. યહૂદી સમાજને અપાયેલાં વચનના પરિપાકરૂપે ઈસુ ખ્રિસ્ત જગતમાં આવ્યા.

મોર્દખાય પોતાની ફરજ અદા કરી રહ્યો હતો કે જે ફરજ તેને ધ્યેય (લક્ષ્યાંક) તરફ દોરી ગઈ. વ્યવહારુ ઉદાહરણ મારા મનમાં આવ્યું કે, તમે કદાચ સુસાન્ના વેસ્લી વિશે સાંભળ્યું હશે,તેઓ જોન અને ચાર્લ્સ વેસ્લીના માતા છે. તેને ઓગણીસ બાળકો હતાં. તેઓનું કુટુંબ મોટું હતું. સુસાન્નાની જવાબદારી કઈ (શું) હતી? શું તમે જાણો છો કે, તેણી પોતાના ઘરમાં ઈશ્વરવિદ્યાની કોલેજ ચલાવતાં હતાં? આ કોલેજના વિદ્યાર્થીઓ કોણ હતા? કુટુંબ તે તેના વિદ્યાર્થીઓ હતા! કુટુંબની જવાબદારી અદા કરતાં કરતાં, તેણીએ મેથોડિસ્ટ ક્રાંતિની શરૂઆત કરી અને તેનો ફેલાવો બ્રિટિશ ટાપુઓમાં થયો. આજે કેટલા ખ્રિસ્તી માતપિતાઓ પોતાનાં સંતાનોને આ રીતે ઉછેરે છે? તમારું ઘર ઈશ્વરને માટે શિક્ષણ પ્રાપ્ત કરવાનું સ્થળ બનવું જોઈએ. કેટલાં માતપિતા તેમના કુટુંબ જીવનમાં આ જવાબદારી અદા કરે છે?

પ્રાર્થનાવાદી જીવનનો દાખલો લઈએ. વાસ્તવિક રીતે પ્રાર્થના કરવી એ આપણી ફરજ છે. જ્યારે ઈસુએ લોકોને જોયા, ત્યારે તેને તેઓ પર દયા આવી, કારણ કે તેઓ હેરાન થયેલા તથા વેરાઈ ગયેલા હતા, તેઓ પાળક વગરના ઘેટાં જેવા થઈ ગયા હતા. પછી ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, "ફસલ પુષ્કળ છે ખરી, પણ મજૂરો થોડા છે. એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે, તે પોતાની ફસલને સારુ મજૂરો મોકલે." (માથ્થી ૯:૩૬-૩૮). આ પ્રાર્થના માટેનું તેડું (આહ્વાન) છે. "સર્વદા પ્રાર્થના કરવી જોઈએ, અને કાયર થવું નહિ. તે (શીખવવા) સારુ તેણે તેઓને એક દૃષ્ટાંત કહ્યું." (લૂક ૧૮:૧) પાઉલ આપણને પડકાર આપે છે. "નિત્ય (થાક્યા વગર) પ્રાર્થના કરો." (૧ થેસ્સા. ૫:૧૭). પ્રાર્થના કરવાનો આપણને આદેશ છે. આપણે પ્રાર્થના કરવી જોઈએ, આપણે હંમેશ પ્રાર્થના કરવી જોઈએ. આ ફરજનો એક

ભાગ છે, પરંતુ સાથે સાથે એ એક લહાવો છે. ખરેખર પ્રાર્થના આનંદ આપનારી હોવી જોઈએ. પરંતુ પાયાની રીતે અને મૂળભૂત રીતે પ્રાર્થના કરવી એ ખ્રિસ્તી ફરજ છે. સાચા ખ્રિસ્તી પુરુષ અને સ્ત્રીની પ્રાર્થના એ આગવી છાપ (નિશાની) છે. જે વ્યક્તિ પ્રાર્થના કરતી નથી તે સાચો કે સાચી ખ્રિસ્તી હોઈ શકે નહિ. પ્રાર્થના એ "ખ્રિસ્તીઓનો અનિવાર્ય શ્વાચ્છોશ્વાસ છે." જો પ્રાર્થના નથી, તો જીવન નથી.

જ્યારે પ્રાર્થનામાં ફરજ તરીકે જોડાઈએ છીએ, ત્યારે કોણ જાણે છે કે કેવાં પરિણામો (લક્ષ્યાંકો) આવશે? આપણે એ નોંધ્યું છે કે, પ્રાર્થના દ્વારા કેવી રીતે સામ્રાજ્યોમાં ફેરફારો (પરિવર્તન) આવ્યા છે અને સરમુખત્યારોએ પોતાનાં ઘૂંટણો પ્રાર્થનામાં વાળ્યાં. આ બાબતો એ આપણા સમાચાર પત્રોના મથાળા તરીકે નથી આવતી, પરંતુ આ વાસ્તવિકતા છે. પૃથ્વીની સપાટી (પીઠ) પર જે કંઈ બની રહ્યું છે તેને માટે ભૂગર્ભમાં યુધ્ધ લડાઈ રહ્યું છે. એ યાદ રાખો કે આધ્યાત્મિક જાગૃતિ અને ક્રાંતિઓ આવી તેની પાછળ જે બાબત જવાબદાર છે તે પ્રાર્થના છે.

સુવાર્તા પ્રચાર (પ્રસાર)ની પણ નોંધ લો. ઈસુ ખ્રિસ્તે આપણા પર મૂકેલી નૈતિક જવાબદારી છે. આ ફરજનો પ્રશ્ન છે. ઈસુએ પોતાની સેવાની શરૂઆતે તેના શિષ્યોને કહ્યું, "આપણે પાસેનાં ગામોમાં જઈએ કે, હું ત્યાં પણ ઉપદેશ કરું, કેમ કે એ જ માટે હું આવ્યો છું." (માર્ક ૧:૩૮). ઈસુ યોહાન ૧૦માં અધ્યાયમાં યહૂદીઓને સંબોધન કરે છે ત્યારે કહે છે. "મારા બીજાં ઘેટાં પણ છે, તેઓ આ વાડામાંનાં નથી, તેઓને પણ મારે લાવવાની જરૂર છે, અને તેઓ મારો સાદ સાંભળશે. અને એક ટોળું, એક ઘેટાંપાળક થશે (ક.૧૬). અહીં ઈસુ વિદેશીઓનો ઉલ્લેખ કરે છે. ફરીથી ઈસુ કહે છે. "એ માટે તમે જઈને સર્વે દેશનાઓને શિષ્ય કરો, બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ, મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ, અને જુઓ જગતનાં અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." (માથ્થી ૨૮:૧૯-૨૦). સુવાર્તાનું સત્ય બીજાઓને

જણાવવાની જવાબદારી આપણા પ્રભુ આપણાં ઉપર મૂકે છે. આ એક ફરજ છે. પાઉલ જ્યારે કહે છે ત્યારે શું તમે અનુકંપા અને બોજ અનુભવો છો, "જો હું સુવાર્તા પ્રગટ કરું, તો તેમાં મારે અભિમાન રાખવાનું કંઈ કારણ નથી, કેમ કે એમ કરવું મારી ફરજ છે, અને જો હું સુવાર્તા પ્રગટ ન કરું તો મને અફસોસ છે." (૧ કરિંથ.૧૬) તે આપણી જવાબદારી છે.

બીજું સત્ય જણાવવા માગું છું તે એ છે કે શાંત રહેવાનો સમય હોય છે અને બોલવાનો સમય હોય છે. શું તમને એ વાત યાદ છે કે અગાઉ જ્યારે એસ્તેર મહેલમાં ગઈ ત્યારે મોર્દખાયે કહ્યું હતું કે, તેણે કોઈને કહેવાનું નથી કે તે યહૂદેણ છે? "એસ્તેરે પોતાની જાત, ગોત્ર કે વંશની ખબર પડવા દીધી નહિ, કેમકે મોર્દખાયે તેને તેમ કરવાની મના કરી હતી. એસ્તેર મોર્દખાયને ઘેર રહેતી હતી, ત્યારની પેઠે હાલ પણ તે તેની આજ્ઞા પાળતી હતી." (૨:૧૦,૨૦ (બ)) હવે એસ્તેરે બોલવું જ પડશે. સમગ્ર વિષય પર સભાશિક્ષકના પુસ્તકમાં એક અધ્યાય છે. ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે, ચૂપ રહેવાનો સમય અને બોલવાનો સમય (૩:૭). દાઉદ કહે છે, "મારા સમયો (સર્વ 'સંગો) તારા હાથમાં છે." (ગીતશાસ્ત્ર ૩૧:૧૫).

શું તમે સમયોને જોઈ શકો છો? શાંત રહેવાનો પણ સમય હોય છે. એ જ રીતે બોલવાનો પણ સમય હોય છે. એ ો સમય હોય છે કે ધીરજપૂર્વક શાંત રહીને એક પણ શબ્દ ન બોલીએ. કેટલીકવાર કેટલાંક ખ્રિસ્તીઓ પોતાના ધર્મ વિશે હળવાશથી અને હલકી રીતે બોલે છે. વાતો તો તેઓ ઘણી કરે છે, પરંતુ તેની સાબિતી તેઓના જીવનમાં હોતી નથી. આપણા પ્રભુ આપણાં માટે ઉત્તમ નમૂનો છે. તે બધો સમય બોલ્યા નથી. જ્યારે તેને હેરોદ પાસે લઈ જવામાં આવ્યા ત્યારે તે એક શબ્દ પણ બોલ્યો નહિ. "હવે હેરોદ ઈસુને જોઈને ઘણો હર્ષ પામ્યો, કેમ કે તેના સંબંધી તેણે સાંભળ્યું હતું, તેને લીધે તે ઘણાં દહાડાથી તેને જોવા ઈચ્છતો હતો, અને સાંભળ્યું હતું, તેને લીધે તે ઘણા દહાડાથી તેને જોવા ઈચ્છતો હતો, અને મારા દેખતાં તે કંઈ ચમત્કાર કરશે એવી આશા પણ

તે રાખતો હતો, પણ તેણે તેને કંઈ ઉત્તર આપ્યો નહિ." (લૂક ૨૩:૮-૯). ફરીથી જ્યારે ઈસુને પિલાતની આગળ લઈ જવામાં આવ્યો ત્યારે તેણે તેની ઊલટ તપાસ કરી, સિપાઈઓએ કાંટાનો મુગટ બનાવી તેના માથા પર મૂક્યો. જ્યારે શાસ્ત્રીઓ અને મુખ્ય યાજકો શાબ્દિક રીતે તેની ભારે મશ્કરી કરી રહ્યા ત્યારે, પિલાતે ઈસુને પૂછયું "તું ક્યાંનો છે?" પણ ઈસુએ તેને ઉત્તર આપ્યો નહિ. (યોહાન ૧૯:૯). શાંત રહેવાનો સમય હોય છે અને બોલવાનો પણ સમય હોય છે. આ બનાવ પછી ઈસુએ પિલાતને ઉત્તર આપ્યો. (ક.૧૧).

આપણને કેવો મોટો પાઠ શીખવાનો મળે છે! ઈશ્વરનાં વચનોને કાળજીપૂર્વક અને પ્રાર્થના સહિત વાંચો અને ઈશ્વર પાસેથી શીખો. એસ્તેરની હિંમતે બીજાઓને પ્રેરણા આપી કે, આપણે ઈશ્વર માટે પ્રાપ્ય (મળી શકીએ) હોવા જોઈએ. હેનરીટા મીઅર્સની વાત પ્રેરણાદાયી છે. ૧૯૪૫ની શરૂઆતમાં તેણી ખ્રિસ્તી સેવામાં સંકળાયેલી હતી. તેની આગેવાનીમાં હોલીવૂડ પ્રેસ્બિટેરિયન ચર્ચની સાબ્બાથશાળા દુનિયાની મોટી સાબ્બાથ શાળામાંની એક અને અસરકારક બની. ડૉ.મીઅર્સના દ્વારા શીખવાતા પાઠો અને પ્રેરણાનું પરિણામ એ આવ્યું કે ગોસ્પલ લાઈટ પબ્લીકેશનની સ્થાપના થઈ. દેવના આત્માની દોરવણીને અનુસરતા ત્યારબાદ, તેણીએ ફોરેસ્ટ હોમ ક્રિશ્ચિયન કોન્ફરન્સ સેન્ટરની સ્થાપના દક્ષિણ કેલીફોર્નિયાના પહાડોમાં કરી.

બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન હેનરીટા મીઅર્સ આત્મામાં અજંપો અનુભવવાં લાગ્યાં. ૧૯૪૭માં તેણીની યુરોપની યાત્રાએ તેને એ વાત સમજાવી કે વિશ્વની સ્થિતિ દારુણ અને કરુણ છે. જ્યારે તેણી પોતાના પ્રવાસેથી અમેરિકા પરત આવી ત્યારે એસ્તેરના પુસ્તકનું વાંચન અને અધ્યયન શરૂ કર્યું. આના પરિણાણે ઈશ્વર તરફથી નવો પડકાર અને તેડું મળ્યાં.

કદાચ ઈશ્વર હેનરીટા મીઅર્સને તેના રાજ્યમાં તેના સ્થાને લાવ્યા. "આવા જ સમયને સારુ?" ઈશ્વરની દોરવણી અને સામર્થ્ય

તેના જીવનમાં પ્રાપ્ત કરવા (શોધવા) માટે તેણીએ પોતાનું જીવન પ્રભુના ચરણોમાં સોંપ્યું.

જૂન ૧૯૪૭માં હેનરીટા મીઅર્સે ચાર જુવાનોને પ્રાર્થના માટે ભેગા કર્યા. જ્યારે તેઓ જગતને માટે ઈશ્વરના દર્શનને શોધી રહ્યા હતા ત્યારે, તેઓને પચાસમાના દિવસે જે અનુભવ થયો હતો તેવો અનુભવ થયો. આ સમય દરમિયાન પ્રાર્થનામાં જ્યારે તેઓ પ્રભુના મુખને શોધતા હતા ત્યારે ઈશ્વરે જગતના નવીનીકરણ માટે પોતાની જે ઇચ્છા છે તે તેઓને પ્રગટ કરી. તેઓની સેવા કોલેજમાં જુવાનો પ્રત્યે કેન્દ્રિત હતી. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે દુનિયાની નેતાગીરીને લાગેવળગે છે.ત્યાં સુધી કોલેજની પરિસીમાં એ ચાવીરૂપ છે. ડૉ.મીઅર્સ અને તેણીના સાથીદારો ત્યારબાદ પ્રાર્થનાના ભાવ સાથે અને દર્શનમાં નવીનીકરણ પામેલા અને સામર્થ્ય પામેલા વ્યક્તિઓ તરીકે બહાર ગયા, આગળ વધ્યા. ખ્રિસ્તની ખાતર અસર પાડવાના સાધન તરીકે આ જગત પર ઈશ્વર તેમનો ઉપયોગ કરવાના હતા! ઈશ્વરે તે પ્રમાણે કર્યું!

ડૉ.મીઅર્સની સાથે જે જુવાનો પ્રાર્થના કરતા હતા તેઓનાં નામ આ પ્રમાણે છે. રિચાર્ડ હાર્લ્વસન (જેઓ અમેરિકાની સેનેટના ચેપ્લેઈન બન્યા) લુઈસ એચ.ઈવાન્સ જુનિયર (પ્રેસ્બિટેરિયન ચર્ચની ક્રાંતિના આગેવાન) અને બીલ બ્રાઈટ (કેમ્પર્સ ક્રુઝેડ ફોર ક્રાઈસ્ટનાં સ્થાપક). આ જુવાનો અને ડૉ.મીઅર્સે સાથે મળીને કોલેજના જુવાનોને જગતને સુવાર્તા આપવા માટે તૈયાર કરવા નવા કોન્ફરન્સ સેન્ટરની શરૂઆત કરી. આ સેન્ટરનું નામ કોલેજ બ્રીફિંગ કોન્ફરન્સ રાખ્યું. જે જંગલમાં બનાવેલા નવા મકાનમાં શરૂ કર્યું. ૧૯૪૭થી ઈશ્વર આ સ્થળે અજાયબ જેવું કામ કરી રહ્યા છે, હજારોને ખ્રિસ્ત પરના વિશ્વાસમાં આ સ્થળે દોરી રહ્યા છે, અસંખ્ય લોકોને ખ્રિસ્તી સેવામાં દોરી રહ્યા છે, ઈસુ ખ્રિસ્તને વિશ્વાસુ રહીને સેવા કરી શકે માટે હજારો લોકોને શક્તિમાન કરી રહ્યા છે. ડૉ.બિલીગ્રેહામની સેવામાં ૧૯૪૯માં કોલેજ બ્રીફીંગ કોન્ફરન્સથી વણાંક આવ્યો. મોર્દખાયના શબ્દો અને એસ્તેરના નમૂનાએ હેનરીટા

મીઅર્સને વધુ મહાન કામોને માટે પ્રેરણા આપી.

આપણી પાસે નવેસરથી પડકાર આવે છે. સત્યને માટે ઊભા રહેવા માટે ગભરાશો નહિ. મોર્દખાયે એસ્તેરને સંદેશ મોકલ્યો. (૪:૧૩-૧૬). એસ્તેરનો પ્રત્યુત્તર (ક.૧૬) તમામ યહૂદીઓ માટે એ હતો કે તેઓ ઉપવાસ (અને પ્રાર્થના) કરે. મુશ્કેલ સંજોગો (પરિસ્થિતિ)ને આજે ખ્રિસ્તીઓ કેવો પ્રત્યુત્તર આપે છે? અન્યાય અને સામાજિક દૂષણોને? કેટલાક કહે છે કે જેની જરૂરિયાત છે તે તો પ્રાર્થનાની જરૂરિયાત છે. આપણે પ્રાર્થના કરવી જોઈએ. વધુ પ્રમાણમાં પ્રાર્થના સંગતોનું આયોજન કરવું જોઈએ. આપણી જાતને પ્રાર્થના માટે આપવી જોઈએ. પરંતુ કેટલાક લોકો કહે છે આપણે જગતમાં જઈને સત્યને માટે ઊભા રહેવું જોઈએ, ન્યાયી બાબતોને માટે ઊભા રહેવું જોઈએ. ન્યાયીકરણો અને ન્યાયને માટે લડવું જોઈએ, હતાશા અને નિરાશામાં પડેલા લોકોને મદદ કરવી જોઈએ, મુશ્કેલીમાં પડેલાઓને મદદ કરવી જોઈએ. કોઈ એક વાત કહે છે (કહેશે) અને કોઈ બીજી વાત કહે છે (કહેશે) ખરેખર બંનેને સાથે રાખીને વાત કરીએ! આપણે પ્રાર્થના કરવી જોઈએ, આપણા સમાજના સામાજિક દૂષણોને પડકારવા આપણે તૈયાર રહેવું જોઈએ.

ક્રમ તરફ ધ્યાન આપો, તે ઘણો અગત્યનો છે. પ્રથમ એસ્તેરે મોર્દખાયને બોલાવ્યો અને કહ્યું કે યહૂદીઓને ત્રણ દિવસ ઉપવાસ અને પ્રાર્થના કરવાનું કહો, એસ્તેર પણ તેઓની સાથે ઉપવાસ કરશે. ત્યારબાદ તેણી રાજા પાસે જશે. ત્યારબાદ વ્યવહારુ પગલાં ભરશે. આપણા સમયના ઈશ્વરપરાયણતાની વાતને ભૂલવા જેવી નથી. તેથી જે કંઈ સત્ય છે તેની ખાતર આપણે અવાજ ઉઠાવતા ગભરાઈએ નહિ, આપણો અવાજ સંભળાય તેવો બનાવીએ. શું તમે પડકાર ઉઠાવવા તૈયાર છો? ઈશ્વર આપણને એવા ભાઈઓ, બહેનો અને જુવાનો આપે કે જેઓ સંપૂર્ણ રીતે પોતાનું સમર્પણ કરે.

# ૫ ઈશ્વરના હેતુઓ માણસની ઈચ્છાઓ પર રાજ કરે છે.

## (એસ્તેર-૫:૧-૬:૧૧)

એસ્તેરના પુસ્તકના મહત્ત્વના તબક્કે આપણે આવ્યા છીએ. ખરેખર, પ્રકરણ ૫ યહૂદીઓના સંદર્ભમાં વળાંક લાવનાર મુદ્દો છે. અત્યાર સુધી જે કંઈ બન્યું છે, તે બધું એક ધારું તેમની વિરુધ્ધમાં જતું દેખાય છે. હામાનનો તખતો ગોઠવાઈ ગયો છે. તેનો કાર્યક્રમ (કાર્યસૂચિ), યોજના અને લાગુ કરવાનો સમય અને તારીખ આ બધું ચોક્કસ નક્કી થઈ ગયું છે. એવું લાગી રહ્યું છે કે યહૂદીઓના મૃત્યુને મુદ્રા મારવામાં આવી હોય. પરંતુ ઈશ્વર (God).....! પ્રકરણમાં પ્રણાલિકા બદલાવા લાગી છે, અને હવે અહીંથી આગળ હામાનની વિરુદ્ધના પ્રસંગો (બનાવો) બનશે અને યહૂદીઓનો છુટકારો થશે.

ખુલાસો શું છે ? અગાઉ થઈ ગયેલ ત્રણ દિવસ અને રાતના ઉપવાસ અને પ્રાર્થનામાં તેનો ખુલાસો મળે છે. એસ્તેર હવે કેન્દ્ર (મહત્ત્વનું પાત્ર) બને છે. “જા, સૂસામાં જેટલા યહૂદીઓ છે તે સર્વને એકઠા કર, અને તમે સર્વ આજે મારે સારુ ઉપવાસ કરો, ત્રણ દિવસ સુધી રાત્રે કે દિવસે તમારે કંઈ ખાવું કે પીવું નહિ, હું તથા મારી દાસીઓ પણ એવી જ રીતે ઉપવાસ કરીશું.” (૪:૧૬). દૈવી અભિષિક્તને કારણે શક્તિશાળી છુટકારો શક્ય બન્યો. ઈશ્વરે તેના લોકોને સંભાળી રાખવાનું વચન આપ્યું હતું. પરંતુ દૈવી હેતુઓ પ્રાર્થના પર નિર્ભય થાય છે. બે વ્યક્તિઓ સાથે જાય છે. હું હંમેશા એ સમજું છું કે ઉપવાસની સાથે પ્રાર્થના સંકળાયેલી હોય છે. આજના સમયમાં કેટલાક લોકો આધ્યાત્મિક લાભને માટે ઉપવાસ કરતા નથી. પરંતુ શારીરિક લાભને માટે કરે છે. બાઈબલમાં ઉપવાસને સામાન્ય રીતે આધ્યાત્મિક લાભના સંદર્ભમાં જોવામાં આવે છે. હવે એ બાબતની નોંધ લો કે ઉપવાસ અને પ્રાર્થના એ

તૈયારી છે, સક્રિય ફરજોનો એ વિકલ્પ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, પ્રાર્થના કરવાનો સમય હોય છે અને કાર્ય કરવાનો સમય હોય છે.

પ્રાર્થના એ કેવું સામર્થ્યવાન હથિયાર છે ! "કેમ કે જો કે અમે દેહમાં ચાલીએ છીએ તો પણ અમે દેહ પ્રમાણે લડાઈ કરતાં નથી, કેમ કે અમારી લડાઈના હથિયાર સાંસારિક નથી, પણ દેવની સહાયથી કિલ્લાઓને તોડી પાડવાને તેઓ સમર્થ છે. (૨ કરિંથ. ૧૦:૩-૪). આપણે જ્યાં કંઈ છીએ ત્યાં ઈશ્વર આપણને સંભાળી રાખે છે અને ઈશ્વર તેની યોજના પ્રમાણે આપણો ઉપયોગ કરે છે. આપણે આપણી નોકરીઓ અથવા આપણી ફરજો કે જવાબદારીઓને છોડી દેવાની નથી.

એસ્તેર પાસે ત્રણ દિવસ ઉપવાસ અને પ્રાર્થના માટે અલગ નહિ કરવાનાં કારણો હશે (એ શક્ય છે તેની પાસે સમય નહિ હોય). પરિસ્થિતિ ખૂબ ગંભીર હતી. વિષયવસ્તુ એટલા તાકીદના હતા કે જેથી તાકીદનું પગલું અનિવાર્ય હતું. એક પણ પળ ગુમાવવી પાલવે તેમ ન હતી. એ કેટલું વ્યાજબી હતું. એક નાની પ્રાર્થના સંગત હોય જેમાં ઈશ્વરની દોરવણી માગવામાં આવે, અને જેનો અમલ કરવામાં આવે ! આ હંમેશા ઈશ્વરનો માર્ગ હોતો નથી. ઝડપી, અપૂરતા વિચારવાળો નિર્ણય એ વિશ્વાસની નિશાની નથી, પરંતુ તે તો ઘણી વાર અચોક્કસતા અને ભયની નિશાની હોય છે. મોટે ભાગે સ્વાભાવિકપણે માનવી પધ્ધતિ હોય છે. અને જો આ પ્રમાણે છે તો તેને માટે શેતાનની સંપૂર્ણ સહમતી હોય છે. તેથી કરીને ઈશ્વર પર આધાર રાખવાની આવશ્યક્તા વિશે શીખીએ. "જે વિશ્વાસ રાખે છે તે ઉતાવળો થશે નહિ." (યશાયા ૨૮:૧૬). ઈશ્વરનું સમયપત્રક કદી ખોટું હોતું નથી, અને ઈશ્વર કદી મોડા હોતા નથી.

એ ત્રણ દિવસો કે જેમાં ઈશ્વર પર આધાર રાખવાનો હતો તેનું પરિણામ એ આવ્યું કે, એસ્તેર માટેના દૈવી ઈરાદાઓ ખુલ્લા થયા. દેવનું જ્ઞાન આપવામાં આવ્યું. દોરવણી માટે ઈશ્વર પર આધાર રાખવો એ બાબત સમયનો બગાડ નથી. એ વિચારો કે ઈશ્વરના મનને પ્રથમ

જાણ્યા વગર આપણે યોજનાઓ બનાવીએ છીએ, અને એમ કરીને આપણે શક્તિ અને નાણાંનો સતત વ્યય કરીએ છીએ. એસ્તેરની ઉપયોગીતા અને લાચારીએ એ બાબતનું ભાન કરાવ્યું કે ત્રણ દિવસ ઈશ્વર પર આધાર રાખવો એ કેટલું અગત્યનું છે. આપણે આપણી અશક્તિથી અને સંપૂર્ણ નબળાઈઓથી પૂરેપૂરા સભાન હોઈએ છીએ. ત્યારે આપણે ઈશ્વર પર પૂરેપૂરો ભરોસો રાખીએ (જાહેર કરીએ) છીએ અને તેમની દોરવણી અને મદદને શોધીએ છીએ. જો આપણે - હું સંપૂર્ણ સક્ષમ છું એ બાબતથી પોતાને ખાલી કરીએ છીએ.. ત્યારે વધુ પ્રમાણમાં ઉપવાસ અને પ્રાર્થના થશે. જો વધુ પ્રમાણમાં ઉપવાસ અને પ્રાર્થના થશે તો મોટાં પરિણમો અને આશીર્વાદ પ્રાપ્ત થશે. અપૂરતી પ્રાર્થનાવાળું જીવન આપણી નિષ્ફળતા અને બિનઅસરકારતા માટે કારણરૂપ છે.

તેથી એસ્તેર પોતાના હ્દયમાં ઈશ્વરની શાંતિ સાથે ઈશ્વરની હાજરીમાંથી જાય છે. પરિસ્થિતિ બદલાઈ નથી, પરંતુ તેણીએ ઈશ્વરને નિહાળ્યા છે. હવે તેણીને માટે એ વાતનું મહત્ત્વ હતું કે તે ઈશ્વરના સર્વવ્યાપીપણાનો ગુણ છે તેને રજૂ કરે. પણ દેવે જ્ઞાનીઓને શરમાવા સારુ જગતના મૂર્ખોને પસંદ કર્યા છે, અને શક્તિમાનોને શરમાવવા સારુ જગતના નિર્બળોને પસંદ કર્યા છે, અને જેઓ મોટા મનાય છે તેઓને નહિ જેવા કરવા સારુ, દેવે જગતના અકુલીનોને, ધિક્કાર પામેલાઓને તથા જેઓ કંઈ વિસાતમાં નથી તેઓને પસંદ કર્યા છે કે, કોઈ મનુષ્ય તેની આગળ અભિમાન કરે નહિ." (૧ કરિંથી ૧:૨૭-૨૯). એસ્તેર એ ત્રણ દિવસોમાંથી બહાર આવી. આ દિવસો દરમિયાન ઈશ્વરે તેણીને ઈશ્વર પર આધાર રાખવાની બાબતમાં તૈયાર કરી, પરંતુ ઈશ્વર પણ રાજાના હ્દયમાં કાર્ય કરી રહ્યા હતા.

## ૧. એસ્તેરની વિનંતી (૫:૧-૮)

ત્રીજો દિવસ આવ્યો. ઉપવાસ અને પ્રાર્થનાના સમયનો અંત આવ્યો હતો. કહેવાનું તાત્પર્ય એટલું છે કે, જે ચોક્કસ સમય, ચોક્કસ કાર્ય (હેતુ) માટે અલગ કર્યો હતો. તે પૂરો થઈ ગયો હતો, પરંતુ એસ્તેર

હૃદયમાં પ્રાર્થનાની સાથે આગળ વધી રહી હતી. જે જવાબદારી એસ્તેરે સ્વીકારી હતી તેના લીધે તે ડૂબી ગઈ કે બેસી પડી ન હતી. જ્યારે તેણીએ પોતાની યોજનાને કાર્યમાં મૂકી ત્યારે, કદાચ તેણીએ રાજાની આગળ પોતાને આકર્ષક અને અસર પાડે તે માટે ખાસ કાળજી લીધી હશે. રાજવી પોષાકથી તે સજ્જ હતી, દરવાજા પાસે ચોકમાં તે ઊભેલી હતી. પોતાના પ્રતિભાવ અને લાગણીના સંદર્ભમાં તે ઘણી બધી રીતે આધારિત અને સાહજિક રીતે બોલનારી વ્યક્તિ હતી.

હવે એસ્તેરના હૃદયમાં શું છે તે ધ્યાનમાં રાખો. એસ્તેરના હૃદયમાં ચોક્કસ (પ્રબળ) ખાતરી તેના પિતરાઈ મોર્દખાયના ધ્વારા મૂકી હતી કે, જો એસ્તેરનું મૃત્યુ પણ થાય છતાં તેણે રાજા આગળ પ્રયત્ન કરીને જવું જોઈએ અથવા રજૂઆત કરવી જોઈએ. એસ્તેરનું વલણ એવું હતું કે, "જો મારો નાશ થાય તો ભલે થાય." (૪:૧૬). મોર્દખાયે એસ્તેરને વિનંતી કરી, "હું તને વિનંતી કરું છું કે તું રાજાની પાસે જા અને યહૂદીઓને માટે વિનંતી કર." કદાચ મોર્દખાયે વિચાર્યુ હશે કે, યહૂદીઓએ ઉપવાસ અને પ્રાર્થના કરી છે, તેથી એસ્તેર રાજા પાસે જશે અને આ પ્રમાણે કંઈક કહેશે. "ઓ રાજા, મારા લોકોનો બચાવ કરો. હું યહૂદેણ છું. આ દુષ્ટ હામાને મારા લોકોનો સંહાર કરવા તમારી સહી સાથેના આદેશ મેળવ્યો છે. આમાં મારો પણ સમાવેશ થાય છે."

સારું જોઈએ શું કરી શકાય.

તેણી મહેલની અંદરના ભાગમાં ગઈ અને રાહ જોતી ગઈ અને રાહ જોતી બેસી રહી, એસ્તેરને વિશ્વાસ હતો છતાં શું તેણી દુઃખમાં અને સંશયમાં હતી ? શું રાજા તેનો સત્કાર કરશે કે તેણીના પ્રત્યે ક્રૂર બનશે ? બધી બાબતોનો આધાર તે પળો (સમય) પર રહેલો હતો. "રાજાએ એસ્તેર રાણીને ચોકમાં ઊભી રહેલી જોઈ, ત્યારે તેની રહેમનજર તેના પર થવાથી પોતાના હાથમાંનો સોનાનો રાજદંડ તેણે એસ્તેર રાણી સામે ધર્યો. એટલે એસ્તેર પાસે આવીને રાજદંડની ટોચને અડી (૫:૨) નીતિ. ૨૧:૧ આપણને યાદ અપાવે છે. "પાણીના પ્રવાહ

જેવું રાજાનું મન યહોવાના હાથમાં છે, તે જ્યાં ચાહે ત્યાં તેને વાળે છે." કારણ કે ઈશ્વર પોતાના હેતુ અનુસાર કાર્ય કરી રહ્યા હતા, એસ્તેરને રાજાની તરફદારી મળી. ત્રણ દિવસના ઉપવાસ અને પ્રાર્થનાના પરિણામે, ઈશ્વરનું સામર્થ્ય રાજાના જીવનમાં કાર્ય કરી રહ્યું હતું, દરેક બાબતો રાજાને માટે અજાણ હતી.

રાજાએ એસ્તેર સામે સોનાનો રાજદંડ ધર્યો જેના પરિણામે તેણી ઘણી ખુશ થઈ. આ એસ્તેરને માટે મળેલ રાજવી સ્વીકાર, તરફદારી અને અધિકાર સૂચવે છે, અને આ તો પ્રાર્થનાના પ્રત્યુત્તરની નિશાની રૂપ હતો. પછી રાજાએ એસ્તેરને બોલાવી તેને તેની વિનંતી રજૂ કરવા જણાવ્યું. ઘણું આશ્ચર્ય ઉપજાવે તેવું બન્યું કે એસ્તેરે મિજબાનીને માટે ખાસ ભોજનને માટે રાજાને આમંત્રણ આપ્યું. એસ્તેરે તેને કહ્યું કે આપને ઠીક, લાગે તો મેં જે મિજબાની તૈયાર કરી છે તેમાં આપ હમાન સાથે આજે પધારો (કલમ-૪) તમે કલ્પના કરી શકો છો કે જ્યારે એસ્તેરે રાજાને કરેલી વિનંતી વિશે મોર્દખાયે જાણ્યું હશે ત્યારે તેને કેટલું આશ્ચર્ય થયું હશે કારણ કે તેણીએ હામાનને પણ આમંત્રણ આપ્યું હતું ! પરંતુ તમે જુઓ છો કે રાજા મિજબાનીનો કેટલો શોખીન છે ! તેથી એસ્તેરે રાજાને માટે મિજબાની તૈયાર કરી.

મિજબાનીમાં, જ્યારે રાજાએ એસ્તેરને પૂછ્યું કે તારી વિનંતી શી છે, ત્યારે એસ્તેરે રાજાને વિનંતી જણાવી. ત્યારે એસ્તેરે ઉત્તર આપ્યો કે, "મારી અરજ તથા મારી વિનંતી આ છે." (ક.૭), પછી એવું લાગે છે કે કોઈક બાબતે એસ્તેરને અટકાવી. તે શું બાબત હતી ? રાજાના મુખના હાવભાવ એસ્તેરે જાણ્યા પછી કોઈ એકાએક આવેલા વિચારો હતા ? અથવા પોતાની વિનંતી રજૂ કરવાની શ્રેષ્ઠ પદ્ધતિ હજુ એસ્તેર નક્કી કરી શકી ન હતી ? અથવા વિચાર શક્તિ પરનો કાબૂ ગુમાવ્યો હતો ? અથવા ઈશ્વરનો ધીરો કોમળ સાદ હતો ? કારણ ગમે તે હોય, તેણીએ રાજાને કહ્યું, "હું એવું ઇચ્છું છું કે કાલે તમે મિજબાનીમાં આવો." હામાનને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. મને પ્રશ્ન થાય છે કે

રાજાના મનમાં શી ગડમથલ થઈ હશે. કદાચ રાજાએ પોતે પોતાને કહ્યું હોય," સ્ત્રીનું મન કોણે જાણ્યું છે ? રાજાને એ ક્યારેય માલૂમ પડયું નહિ કે તેણીના મનમાં શું ચાલી રહ્યું હતું. પરંતુ તેની અંદર તો ઈશ્વર હતા.

છતાં એસ્તેરના તેજસ્વી ચહેરાની પાછળ તેનું ભારે હ્દય છુપાયેલું હતું. તેણી સ્વાભાવિક રીતે ઈચ્છતી હતી કે તેના દુઃખ અને આત્માના ભારે બોજમાંથી છુટકારો મેળવે. આ દુઃખભરી પળોમાં તેનું સ્વનિયંત્રણ, સમતોલપણું અને મોભાદાર ચારિત્ર્ય (વ્યક્તિત્વ) જે ધ્વારા તેના વ્યક્તિત્વનું પ્રતિબિંબ પડે છે તે જાહેર થયું. પરંતુ તેણીનું સામર્થ્ય પ્રાર્થના ધ્વારા ઈશ્વરમાં હતું.

## ૨. હામાનની આત્મપ્રશંસા (૫:૯-૧૪)

હવે હામાન તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થાય છે. કલમ ૯ જુઓ "ત્યારે તે દિવસે હામાન મનમાં હરખાતો તથા આનંદ કરતો કરતો બહાર નીકળ્યો, પણ જ્યારે હામાને મોર્દખાયને રાજાના દરવાજામાં બેઠેલો દીઠો અને જોયું કે, એ તો ઊભો થતો નથી કે મને જોઈને કાંપતો નથી, ત્યારે તે મોર્દખાય પર ક્રોધે ભરાયો." અહી પૂરેપૂરો આત્મ પ્રશંસાવાળા હામાનને જોઈએ છીએ. તે એવું અનુભવતો હતો કે દુનિયામાં તે ટોચ પર છે. રાજા પાછીના સ્થાને તેને બઢતી મળી હતી. તેથી તે એવું માનવા લાગ્યો હતો કે ફક્ત રાજાનું નામ સિવાય તે બધી રીતે રાજા જેવો જ છે. વરંડામાં તેની નોંધ લેવાઈ હતી. જ્યારે તે શેરીઓમાંથી પસાર થતો હતો, ત્યારે લોકો આદરમાન સાથે તેની આગળ પોતાનું શિર નમાવતા. લગભગ ઈશ્વર જેવું માન તેને આપતા હતા. હવે અહીં રાણી પણ તેને મિજબાની માટે બોલાવે છે કે જેમાં ફક્ત રાજા અને તે જ હોય. તે પોતાની જાતને કહે છે, "રાણી મારા વર્તનથી ઘણી ખુશ થઈ છે." જુઓ અભિમાન હંમેશા પતનની આગળ જાય છે. અહીં હામાન તે દિવસે મનમાં ફુલાયેલો મહેલની બહાર ફરવા નીકળ્યો.

પરંતુ ત્યાં ફક્ત અત્તરની જ સુવાસ છે. જ્યારે રાજાના દરવાજા પાસેથી પસાર થતા હામાને જોયું કે મોર્દખાય ઊભો થયો નહિ તેમ તેને નમન કર્યું નહિ. આથી તે ઘણો ગુસ્સે થયો. ગમે તેમ, આ બાબતે અજાયબ (મહાન) દિવસને બગાડવો જોઈએ નહિ. તેથી "પોતાને કાબૂમા રાખ્યો. (ક. ૧૦). પોતાના પર કાબૂ રાખ્યો, ત્યારબાદ પોતાના ઘરે ગયો અને પોતાની પત્ની અને મિત્રોને તેણે તેઓને કહ્યું કે એ કેટલો મહાન દિવસ તેને માટે રાજમહેલમાં હતો. આ બધો આનંદ તેને માટે આનંદ લાવી શક્યા નહિ કારણ કે મોર્દખાયે તેને નમન કર્યું નહિ. તેના હૃદયમાં ધિક્કારની બાબત તેને સળગાવી રહી હતી. જેઓની પાસે ધિક્કાર કરનારું હૃદય છે તેઓના સંદર્ભમાં આપણે આવું જ જોઈએ છીએ. જેમ જેમ તેઓ પોતાના મનોને ધિક્કારના વિચારોથી પોષે છે તેમ તેમ તે બાબતે તેમને વલોવી નાખે છે.

આપણી પાસે એવી કહેવત છે કે દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે, આનો અર્થ એ થાય કે સ્ત્રી ઘણી બધીવાર પુરુષને માટે ઘણી બધી મોટી મદદ બની શકે છે. હું તે અંગે વિવાદ ઊભો કરવા માગતો નથી. એ જ રીતે ઈતિહાસ એવું જણાવે છે કે, દુષ્ટ માણસ વધુ દુષ્ટ દુષ્ટ સ્ત્રીના લીધે બને છે. આ માટે ઉત્કર્ષ ઉદાહરણ બાબેલના રાજા આહાબનું છે. તે ખરેખર દુષ્ટ અને ભ્રષ્ટ વ્યક્તિ હતો. તમને એ વાત યાદ હશે કે કેવા એક દિવસે તેની સ્ત્રીની પાસે જઈને તેના ખભા પર માથું મૂકીને રડ્યો હતો અને કહ્યું હતું કે, "હું નાબોથની પાસે ગયો અને મેં તેને પૂછયું કે તેની દ્રાક્ષાવાડી મને વેચે હું તેને સુંદર બગીચો (શાહવાડી) બનાવીશ. આ દ્રાક્ષાવાડી તેના મહેલની અડીને જ હતી. પરંતુ તેણે રાજાને કહ્યું કે, તે વેચવા માગતો નથી. હું તારી સાથે એ પ્રકારનો કરાર કરી શકું નહિ. તેવું નાબોથે જણાવ્યું." ઈઝેબેલે કહ્યું, "વૃદ્ધ માણસ ચિંતા કરીશ નહિ. હું તને તે મેળવી આપીશ. આ બાબતને લીધે તું તારા મનમાં ચિંતાતુર થઈશ નહિ." ઈઝેબેલે વાડી મેળવવા માટેની વ્યવસ્થા કરી. તેણે નાબોથનું ખૂન કરાવ્યું. (જુઓ ૧ રાજા ૨૧:૧-૧૬)

અધ્યાય ૫ના અંતે હામાનનાં પત્ની અને તેના બધા મિત્રો તેને કહે છે કે, પચાસ હાથ ઊંચી એક ફાંસી ચોઢાવ અને સવારે રાજાને કહે કે મોર્દખાયને તે પર ફાંસી દેવી જોઈએ. પછી આનંદથી તું રાજાની સાથે મિજબાનીમાં જજે." (ક. ૧૪) કેવું હચમચાવી મૂકે તેવું સૂચન ! આ સલાહથી તે ખુશ થયો અને તે જ રાત્રે તેણે તેની ઇચ્છા પ્રમાણે કર્યું. તેઓ જે કરી રહ્યા હતા તે વિશે તેઓ થોડું જ જાણતા હતાં ! બીજી રાત આવે તે પહેલાં, હામાન ત્યાં ટંગાઈ જવો જોઈએ ! જ્યારે ઈશ્વર બદલો લેવાનું શરૂ કરે છે, ત્યારે સરળતાથી તે પ્રમાણે કરે છે. શા માટે વ્યર્થ ગુસ્સો કરીને લોકો નકામી બાબતો વિષે કલ્પના કરે છે? પ્રથમના રાજાઓ, હાકેમો ભેગા મળીને માંહોમાંહે ઈશ્વર સામે અને તેના અભિષિક્તની વિરુદ્ધ મસલત કરે છે. અને કહે છે, "તેઓના બંધન આપણે તોડી પાડીએ, એમની દોરીઓ આપણી પાસેથી ફેંકી દઈએ. આકાશમાં જે બેઠો છે, તે હાસ્ય કરશે, પ્રભુ તેઓને તુચ્છ ગણશે, (ગીતશાસ્ત્ર ૨:૧-૪). માંચડો તૈયાર કરવામાં આવ્યો છે. સવાર પડતાં તે રાજાની પાસે એ માંચડા પર મોર્દખાયને ચઢાવી દેવા પરવાનગી માગવાનો છે. તેથી એ બાબતની બહુ ચિંતા નથી.

### ૩. રાજાની ઊંઘ રહિત (બેચેન) રાત (૬: ૧-૫)

પરંતુ મિત્રો, આ એક અદ્‌ભુત બાબત છે. ઈશ્વર મરેલા નથી. કેટલાંક વર્ષો પહેલાં ઈ.સ. ૧૯૬૦ના દસકામાં એક પુસ્તક પ્રસિદ્ધ થયું હતું, "ઈશ્વર પ્રત્યે પ્રમાણિકતા". આ પુસ્તક એવું જણાવે છે કે ઈશ્વર મૃત્યુ પામેલા છે. એટલે સુધી કે ઈશ્વર ઊંઘેલા પણ નથી ! ગીતકર્તા એવું કહે છે કે, તે ઊંઘતો નથી અને નિદ્રાવશ થતો નથી (ગીતશાસ્ત્ર ૧૨૧:૪). કારણ કે ઈશ્વર ઊંઘેલા નથી, તેથી તે રાત્રે ઈશ્વરે રાજાને ઊંઘવા દીધા નહિ. હવે કેવી વિચિત્ર ઘટના બની ! જે રાજા ઊંઘી શકતો ન હતો ! આરામદાયક પથારીની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તેને માટે સારી ઊંઘ આવવી તે સ્વાભાવિક ક્રિયા હતી. આવું કદાચ બીજી રાત્રીઓ દરમિયાન બનતું હશે. પરંતુ આજે તેવું બન્યું નહિ. આ ઊંઘરહિત રાત્રી

પસાર કરવાના હેતુથી રાજાએ ઐતિહાસિક દસ્તાવેજો, ઉમદા (સારાં) કાર્યો કરેલાંની નોંધપોથી દરબારીઓ પાસે મંગાવવામાં આવી અને તેની આગળ વાંચવાનો આગ્રહ કર્યો. આ દરમિયાન તેણે એવું સાંભળ્યું કે એક અજાણ્યા માણસે રાજા પરના ઘાતકી હુમલાના સમયે રાજાનો બચાવ કર્યો હતો. જ્યારે રાજાએ આ વાત સાંભળી ત્યારે તેણે પૂછ્યું, "શું આ માણસને કોઈ બદલો (ઇનામ) મળ્યો હતો ? મેં આવું કશું કદી સાંભળ્યું નથી શા માટે આ વ્યક્તિને મારી પાસે લાવવામાં આવી ન હતી ? આ વિશે આપણે કંઈક કરવું જોઈએ." હવે મિત્રો જો તમે પાઠ ન શીખ્યા હો તો શીખો. પછી તે વ્યક્તિ જ્યાં છે ત્યાં અથવા તે ગમે તે કાર્ય કરતી હોય. પરંતુ ઈશ્વર ગમે તે વ્યક્તિ સુધી પહોંચી શકે છે. આપણે ઈશ્વરના સામર્થ્યને નજરઅંદાજ (ઓછો મૂલવીએ છીએ) કરીએ છીએ.

પ્રભાત થવા આવી. રાજાએ પૂછ્યું કે વહેલી સવારે આ ત્રણમાંથી કોણ આવ્યું હતું. રાજા એવું ઇચ્છતા હતા કે તેના રાજદરબારીઓ રાજાને યોગ્ય સલાહ આપે કે મોર્દખાયને શું ઇનામ (બદલો) આપી શકાય. "આંગણામાં કોણ છે ? (ક. ૪). હું માનું છું કે આ પ્રેરણાદાયક છે ! તે તો હામાન હતો ! ખાસ નોંધ લો (ધ્યાન આપો) બધી બાબતો તો મોર્દખાય પર કેન્દ્રિત થયેલી હતી. મોર્દખાયને ઇનામ (બદલો) આપવા માટે સવાર પડે તેની રાહ જોવા રાજા તૈયાર ન હતા. હામાન મોર્દખાયને માંચડે ચઢાવી દેવા માટેનો આદેશ માટે સવાર સુધી રાહ જોવા તૈયાર નથી ! મિત્રો, ઈશ્વરનો સમય અદ્ભુત છે.

## ૪. હામાનનું અભિમાન અને પતન (૬: ૬-૧૧)

હામાનનું અભિમાન અને પતન કેવી રીતે થયું તેને બરાબર તપાસો - એક પળ માટે વિચારો. પહેલો શબ્દ બોલનાર પર કેટલો બધો આધાર ! વહેલી સવારે ખાસ રીતે હામાન આંગણામાં આવ્યો હતો. તે એવું માનતો હતો કે આ દિવસ તેને માટે મહાન દિવસ બની રહેશે. મોર્દખાયને ફાંસીને માંચડે ચઢાવી દેવા સારુ તે રાજાની સાથે વાત કરવા માગતો હતો, આ દિવસે તેને ફાંસી અપાય તે માટે તેને રાજાની

પરવાનગીની જરૂર હતી, તેના હૃદયમાં ગીત હોય, જો તે ગાયક હોત તો તે આ પ્રમાણે ગાઈ શકયો હોત.

"આહ, કેવી સુંદર (આહલાદક સવાર) !

આહ, કેવો સુંદર (અદ્વૈત) દિવસ !

બધું જ મારી તરફેણમાં આવી રહ્યું છે !"

વર્ષો પહેલાં આ એક મહાન ગીત હતું અને કદાચ તે એવું માનતો (વિચારતો) હશે કે બધું મારી તરફેણમાં થઈ (જઈ) રહ્યું છે. તમે જાણો છો કે આવું ઘણી બધીવાર કહેવામાં આવ્યું છે. "પતન પહેલા અભિમાન આવે છે."

જ્યારે હામાન પ્રવેશ્યો ત્યારે રાજાએ કહ્યું, "જે માણસની મારે જરૂર છે તે તું જ છે. જેને રાજા માન આપવા માગતો હોય એવી વ્યક્તિને માટે શું કરવું જોઈએ ?" ત્યારે હામાન પોતા સંબંધી વિચારવા લાગ્યો. "હવે રાજા મારા સિવાય બીજા કોને સન્માનવા માગતો હોય ! મને શું ગમશે ? આ તો અદ્દભુત છે ! તેથી તે પોતાને માટે એક યોગ્ય વિનંતી કરે છે. ત્યાર પછી હામાને રાજાને કહ્યું કે, જે માણસને માન આપવાની રાજાની ખુશી હોય, તેને સારુ તો જે રાજ પોષાક રાજાને પહેરવાનો રિવાજ છે તે તથા જે ઘોડા પર રાજા સવાર થાય છે ને જેને માથે રાજમુગટ મુકાય છે તે લાવવા, તે પોશાક તથા ઘોડો રાજાના સૌથી નામીચા સરદારોમાંના એકના હાથમાં આપવો કે, જે માણસને માન આપવાની રાજાની ખુશી હોય તેને તે પહેરાવીને ઘોડા પર સવારી કરાવે અને નગરમાં ફેરવે, અને તેની આગળ એવી નેકી પોકારવામાં આવે કે, જેને માન આપવાની રાજાની ખુશી છે, તે માણસને આ પ્રમાણે કરવામાં આવશે. (ક. ૭-૯). હામાને એવી ઉજવણીની વાત કરી કે જેનાથી તેને લોકોની નજરમાં જેવી રીતે રાજાને માન અને મહિમા મળે છે તેવી જ રીતે બઢતી મળે.

પરંતુ મિત્રો, અહીં એક અદ્દભુત આધ્યાત્મિક પાઠ શીખવાનો

મળે છે. એ તો અભિમાન હતું કે જેણે હામાનને નીચે લાવી દીધો. યહૂદી જ્ઞાન પ્રમાણે, અભિમાન અને મૂર્ખતા સાથે સાથે જાય છે. "પોતે પોતાને જ્ઞાની માનનાર માણસને તું જુએ છે શું ? તેના કરતાં તો મૂર્ખને માટે વધારે આશા છે." (નીતિ. ૨૬:૧૨). ફક્ત અભિમાન દુષ્ટ છે એટલું જ નહિ, તે વિનાશક છે !" અભિમાનનું પરિણામ નાશ છે, અને ગર્વિષ્ઠ સ્વભાવનું છેવટ પાયમાલી છે." (નીતિ. ૧૬:૧૮) અભિમાન હંમેશા પતન તરફ આગળ વધે છે અને દોરે છે.

આ પરિસ્થિતિમાં જે રમૂજ રહેલ છે તે જુઓ. શું તમે માનો છો કે ઈશ્વરનો સ્વભાવ પણ રમૂજી છે ? જો આપણે ઈશ્વરને માનવી સંદર્ભમાં વિચારીએ, તો શું તમે માનો છો કે ઈશ્વર હાસ્ય કરે છે ? હું તે પ્રમાણે માનું છું. ઈશ્વર આ વ્યક્તિને ચોક્કસ અંત તરફ દોરી રહ્યા હતા. જે તમામ માન હામાન મેળવવા માગતો હતો તે તેના પર આવી પડવા જોઈએ. હજુ તો તેનાથી વધારે ખરાબ સ્થિતિ આવનાર હતી, રાજા તેને રાજવી પોશાક પહેરેલો અને ઘોડા પર સવાર થયેલા મોર્દખાયને વિજયી સ્થિતિમાં નગરમાં ફેરવવાનું કામ સોંપે છે.

ત્યારે રાજાએ હામાનને કહ્યું કે, તાકીદથી તારા કહ્યા પ્રમાણે પોશાક તથા ઘોડો લાવ, યહૂદી મોર્દખાય રાજાના દરવાજા આગળ બેસે છે, તેને એ જ પ્રમાણે તું કર, તું જે બોલ્યો છે તે સઘળામાંથી કંઈ જ રહી જવું ન જોઈએ. (ક. ૧૦). મોર્દખાય હામાનના સકંજામાંથી છૂટી જવો ન જોઈએ, મોર્દખાયને લોકો તરફથી માન અને પ્રશંસા મળવા જોઈએ નહિ. હામાને પોતાને માટે જે ઇચ્છા (ધારણા) રાખી છે તેમાંનું કશું મોર્દખાયને મળવું જોઈએ નહિ, પરંતુ હામાન મોર્દખાયની સૂસા શહેરમાં મોટાઈ, પ્રશંસા કરનાર પ્રગટ કરનારાઓમાંનો એક હતો !

નાટયાત્મક રીતે અને વાસ્તવિક રીતે જોતાં આખી ઘટના હામાન પર આવી પડી. આ બધામાં હવે તેની પાસે રાજાને આધીન થવા સિવાય બીજી કોઈ પસંદગી ન હતી. "ભૂંડાઓ સજ્જનોની આગળ અને દુષ્ટો સદાચારીઓના બારણાની આગળ નમે છે." (નીતિ. ૧૪:૧૯). શું

તમે આના કરતાં વધારે દયનીય સ્થિતિ કોઇ બીજી દુનિયામાં કલ્પી શકો છો ? મોર્દખાયને તમામ પ્રકારનો ત્રાસ આપવામાં આવ્યો હતો. મોર્દખાયને પોતાની કુનેહથી હામાને બને તેટલી હદે ધિક્કાર્યો હતો. આ એક જ વ્યક્તિ હતો કે જેને તે મારી નાખવા માગતો હતો. હવે આ જ વ્યક્તિને રાજાના પોષાકમાં શહેરમાં ફેરવવાનો આદેશ રાજા તરફથી તેને આપવામાં આવ્યો હતો. હવે વિચારો ! આ દિવસની શરૂઆત હામાનને માટે ખૂબ સુંદર રીતે થઈ હતી. જેનો હવે ખૂબ ભયંકર વળાંક આવ્યો હતો. તેની લાચારીને જુઓ ! જે શરમ અને ક્ષોભજનક સ્થિતિ તે અત્યારે અનુભવી રહ્યો છે, તે તો યહૂદાઓના આખરી છુટકારા અને આઝાદીના પ્રસંગની નિશાની છે. યહૂદી જ્ઞાન એ બતાવે (શીખવે) છે કે, ખરેખર અભિમાનનું પરિણામ નાલેશી ભરી સ્થિતિ છે. નીતિ. ૧૧:૨ પ્રમાણે : "અહંકાર આવે છે, ત્યારે ફજેતી પણ આવે છે, પણ નમ્ર જનો પાસે જ્ઞાન હોય છે."

### નાની બાબતોમાં ઈશ્વરની વ્યવસ્થા અને હેતુ

બીજા કેટલાક પાઠો શીખીએ. પ્રથમ, નાની બાબતોમાં પણ ઈશ્વરની વ્યવસ્થા અને હેતુ કાર્યરત છે. કેટલીકવાર આપણે એવું માનીએ છીએ કે, ઈશ્વરને મોટી (મહાન) બાબતોમાં જ રસ છે. આવું તમે જ્યારે વિચારો છો ત્યારે, એવું પણ વિચારવું જોઇએ કે મહાન (મોટી) બાબતો નાની બાબતોનો સરવાળો બને છે.

ત્રણ બાબતો જોઈએ.

(૧.) એસ્તેરે પોતે વિનંતી કરવામાં ખચકાટ અનુભવ્યો અને વિલંબ કર્યો. હું આ બધામાં જોઈ શકું છું કે ઈશ્વર તેના મન પર રાજ કરે છે. હું તે જોઈ શકું છું કે જેના લીધે તેને વિનંતી કરવામાં અટકાવ આવ્યો. આ પહેલાં, ઈશ્વર રાજાના મન (વિચારો)ની અસ્થિરતા પર, લાગણી પર અધિકાર ધરાવે છે. જો કોઈ પુરુષ કે સ્ત્રી, વગર બોલાવ્યે અંદરના ચોકમાં રાજાની પાસે જાય તો તે ખૂબ જ કમનસીબ ગણાય (૪:૧૧ સાથે સરખાવો). જ્યારે એસ્તેર વગર બોલાવ્યે અંદર રાજાની પાસે જાય છે,

તેની આગળ સોનાનો રાજદંડ ધરવામાં આવ્યો. આમાં ઈશ્વરનો અધિકાર જણાય છે.

(૨.) ઊંઘ વગરની બેચેન રાત્રી ખાસ કંઈ મહત્ત્વની નથી, મહત્ત્વનું ખરેખર શું છે ? મારા જીવનમાં ઊંઘ વગરની રાત્રીઓ આવી. આપણામાંથી મોટા ભાગના જીવનમાં કોઈક સમયે ઊંઘ વગરની રાત્રીઓ આવી હશે. પરંતુ ઇતિહાસમાં આહાશ્વેરોશ રાજાના જીવનમાં જેવી રીતે આ રાત્રીએ બન્યું એવું અગાઉ ક્યારેય બન્યું હોત તો તેની નોંધ લેવાઈ હોત, અને આ ઘટના તો યહૂદીઓ અને મોર્દખાયના છુટકારાની હતી. તમે ચોક્કસ વિવરણ જુઓ. અને તેની વિશિષ્ટતા (લાક્ષણિકતા) જુઓ. જો તેના જીવનમાં ફક્ત ઊંઘ વગરની રાત્રી અગાઉ આવી હોત તો તેનાથી કોઈ અસર (ફેર) પડી ન હોત. જો આ રાત્રી રાજાના જીવનમાં આવી કદાચ અને પછી આવી હોત તો, મોર્દખાયનું મરણ થયું હોત.

ફરીથી એક વાત અહીં જોઈએ છીએ કે વ્યક્તિ જ્યારે ઊંઘ વગરની રાત્રી ગુજારે છે ત્યારે તે કેટલી નાની બાબત ગણાય છે. જ્યારે વ્યક્તિ પોતાને મધ્યરાત્રીએ અજંપાભર્યા વર્તુળ (સંજોગો)માં સંભાળવા પ્રયત્ન કરે, અને જો કદાચ તે વિશ્વાસી છે, તો હું માનું છું કે, તે પ્રાર્થના કરશે. અથવા જો તે ઊંઘી નહિ શકે તો પથારીમાંથી ઊઠીને લાઈટ ચાલુ કરી દેવનું વચન વાંચશે. આ માણસ, અજંપાભરી તેની સ્થિતિમાંથી છુટકારો મેળવવા ઐતિહાસિક પુરાવાઓ અથવા યાદગાર કૃત્યો મંગાવ્યા. જો તેણે આ પુસ્તક સિવાય બીજું કોઈ પુસ્તક માગ્યું હોત, અથવા આ સિવાય બીજો કોઈ ભાગ વાંચવાનું કહ્યું હોત, તો પછી મોર્દખાયે શું કર્યું તે વિશે તેને કોઈ બીજી કોઈ યાદ અપાવી ન શકત. આ બાબત અજાયબ રીતે બની. એની નોંધ લો કે નાની બાબતો કેટલી મહત્ત્વની છે. દ્વારપાળે જે ભાગ વાંચ્યો તે મોર્દખાયને લાગુ પડતો હતો.

(૩.) વહેલી સવારે હામાને લીધેલી રાજમહેલની મુલાકાત તે પણ ખૂબ અગત્યની છે. જો હામાને તેના પ્રથમ શબ્દો સાંભળ્યા હોત, જો તે પ્રથમ બોલ્યો હોત, જો તેણે મોર્દખાયને ફાંસીને માંચડે ચઢાવી

દેવા સંબંધી વિનંતી કરી હોત, તો તે બધું કદાચ જુદું બન્યું હોત. હવે આ પણ કોઈ રીતે વિશિષ્ટ બન્યું નથી. તમારે ઉત્પત્તિ તરફ પાછા ફરવું પડે અને તેમાં વર્ણવેલ યૂસફનું જીવન ચરિત્ર વાંચવું પડે. અને ફરીથી આપણે ખૂબ નાની છતાં મહત્ત્વની બાબતો જે ઈશ્વરે તેનાં વચનોમાં મૂકી છે કે જે તેના વાંચન દ્વારા ઈશ્વર સર્વોપરી સત્તા ધરાવે છે, રાજ કરે છે અને તે તેના હેતુઓ પરિપૂર્ણ કરવા વ્યવસ્થાઓ રાખે છે તેવું સમજી શકીએ છીએ.

હવે મિત્રો, જો ઈશ્વર આ પ્રકારનાં કૃત્યો કરી શકતા હોય, જો તેના હેતુઓ પરિપૂર્ણ કરવા આશ્ચર્યકર્મ કૃત્યો કરતાં હોય, તો પછી તમારા જીવનને માટે ઈશ્વરનો હેતુ શોધવા તમારે ડાહ્યા વ્યક્તિ બનવું પડે. સાચે જ ઈશ્વર એવું ઇચ્છે છે કે તમારા જીવનને ઈશ્વરની ઈચ્છાની હદમાં લાવવું (મૂકવું) પડે. કદાચ તમારા હ્રદયના ઊંડાણમાં ઈશ્વર પ્રત્યે કોઈક ગુસ્સો હોય. શું ઈશ્વરની ઈચ્છા જાણવાનો આ માર્ગ છે ? ના, સંપૂર્ણ રીતે આ ખોટું વલણ છે. બીજી બાજુ વિશે શું ? શું તમે તેની આધીનતા અને તેના પરના વિશ્વાસમાં જીવી રહ્યા છો ? યાદ રાખો, આપણા પ્રભુ ઈસુએ કહ્યું છે કે તેઓ આ જગતમાં ત્યારે આવ્યા કે જ્યારે "સમય પૂરો થયો" (સમયની સંપૂર્ણતાએ) (ગલાતી ૪:૪). પ્રભુ ઈસુ એકપણ પળ વહેલા કે એકપણ પળ મોડા આવ્યા ન હતા, તે યોગ્ય (દર્શાવેલ) સમયે આવ્યા. ઈશ્વરનું સમયપત્રક બરાબર ચાલે છે. આ બધાંની વચ્ચે જે અગત્યનું છે તે આપણા પ્રભુ ઈસુએ આપણે માટે જે કર્યું છે તેને પૂરેપૂરી રીતે અને સંપૂર્ણ રીતે અનુસરવા દૃઢ નિર્ધાર કરવો પડે.

## શેતાનમાં પરાવર્તન કરવાની તાકાત (સામર્થ્ય)

આ અધ્યાયમાંથી બીજો જે પાઠ શીખવા મળે છે તે શેતાનમાં પરાવર્તન (પ્રત્યુત્તર આપવાની, પડઘો પાડવાની) કરવાની તાકાત છે. અહીં બે અગત્યના પ્રશ્નો છે ! શું માણસો પોતાનો નાશ કરી શકે ? અથવા ઈશ્વર તેમનો સંહાર કરે ? બંને પ્રશ્નો સાચા છે. આપણાં જીવનોમાં તેને વાસ્તવિક બનાવવા તેને બીજી રીતે મૂકીએ. વિશ્વમાં પ્રવર્તમાન

એઈડસ રોગ વિશે તમે જાણો છો. શું એઈડસનો રોગ વ્યક્તિને પોતાને મારી નાખનાર તરીકે છે ? અથવા અનંતકાળના સંદર્ભમાં ઈશ્વરનું ન્યાયશાસન છે? હું માનું છું બંને સાચા છે. એઈડસ રોગ એ વ્યક્તિને પોતાને મારી નાખનાર છે. અને અમરત્વના સંદર્ભમાં તે ઈશ્વરનું ન્યાયશાસન છે.

હવે આ વાત હામાનને માટે સાચી પડી છે. શું હામાને પોતે પોતાને ફાંસીને માંચડે ટાંગી દીધો અથવા ઈશ્વરે હામાનને ફાંસીને માંચડે ટાંગી દીધો ? તમે જોશો તો બંને બાબત સાચી છે. ખરેખર તો હામાનના વર્તનને કારણે તેનું પતન થયું. આપણે એવું કહી શકીએ કે તેણે તેને પોતાને ટાંગી દીધો. બીજા દ્રષ્ટિકોણથી જોઈએ તો તે પોતે ઈશ્વરની સામે અને તેના લોકની સામે થયો, અને ઈશ્વરે પોતે તેને ફાંસીના માંચડે ચઢાવી દીધો. બીજા મુદ્દા કરતાં પહેલું સત્ય સાચું છે. શાસ્ત્રમાં લખેલું છે કે "કેમ કે જેટલા તરવાર પકડે છે તેઓ સર્વ તરવારથી નાશ પામશે." (માથ્થી ૨૬:૫૨ (બ))

આ દુષ્ટ જગતમાં ખ્રિસ્તીઓએ જો કોઈ બાબત પકડી રાખવાની હોય તો તે આ છે. દુષ્ટને પોતાના હૃદયમાં વિનાશનું બીજ હોય છે, પોતાનામાં તે મજબૂતાઈથી ઘર કરી ગયેલું હોય છે. અહીં હામાન યહૂદીઓના વિનાશ પર મીટ માંડીને બેઠો છે. તે સત્તાના મદમાં મસ્ત છે. (દારૂ પીધેલા માણસ જેવો) ! તેની પાસે સલામતીની ખોટી સમજ છે. પરંતુ એસ્તેરે પોતાનો રાજવી પોષાક પહેરેલો છે. તે મિજબાનીમાં યજમાન (મહેમાન) બનવા તેને આમંત્રણ આપે છે. રાજાની રાત્રી ઊંઘ વગરની બેચેનીવાળી રહી. મોર્દખાયને બદલો - ઈનામ મળ્યું. હામાનને ફાંસીના માંચડે ચઢાવી દેવામાં આવ્યો. બીજા શબ્દોમાં કહીએ તો હામાને પોતે પોતાને ફાંસીએ ચઢાવી દીધો. તે પોતે આ પરિસ્થિતિ તરફ દોરવાયો. કારણ કે મરણનું બીજ તેની પોતાની યોજનામાં જણાયું હતું. અહીં કેટલાંક શાસ્ત્રના પ્રમાણ છે જે આને અનુમોદન-ટેકો આપે છે.

"જો માણસ પાપથી ન ફરે, તો તે તેની તરવાર ઘસશે, તેણે

પોતાનું ધનુષ્ય તાણીને સિદ્ધ કર્યું છે. વળી તેણે તેને સારુ કાતિલ હથિયાર સજજ કર્યા છે, તે પોતાના બાણને બળતાં તીર કરે છે. તે ભૂંડાઈથી કષ્ટાય છે, હા, તેણે ઉપદ્રવનો ગર્ભ ધર્યો છે, અને જૂઠને જન્મ આપ્યો છે. તેણે ખાડો ખોદ્યો છે, અને જે ખાઈ તેણે ખોદી, તેમાં તે પોતે પડયો છે. તેનો ઉપદ્રવ તેનો પોતાના શિર પર આવશે, અને તેનો બળાત્કાર તેના પોતાના માથા પર પડશે. (ગીતશાસ્ત્ર ૭: ૧૨-૧૬).

"જે બીજાને માટે ખાડો ખોદે તે પોતે તેમાં પડશે, અને જે કોઈ બીજાની તરફ પથ્થર ગબડાવે તે તેના પર જ પાછો આવશે." (નીતિ ૨૬:૨૭).

"જે કોઈ પ્રમાણિકને કુમાર્ગે ભટકાવી દે છે, તે પોતે પોતાના ખાડામાં પડશે, પણ સદાચારીને હિતનો વારસો મળશે. (નીતિ. ૨૮:૧૦).

દુષ્ટતામાં પરાવર્તન કરવાની જે શક્તિ છે તે સંબંધી હું જે કહેવા માગુ છું તે તમે જોઈ શકયા.

આ બધું આપણને કેવી રીતે લાગુ પડી શકે ? જો ખ્રિસ્તી વ્યક્તિઓ તરીકે નર્કના હાર્દમાં જોઈએ, જો નર્કની તમામ યોજનાઓ જે આપણી વિરુધ્ધ અને ઇસુ ખ્રિસ્તની મંડળી વિરુદ્ધની છે તે જોઈએ, ત્યારે આપણે જે જોઈએ છીએ તો નર્ક એ અસ્તવ્યસ્ત જણાય છે. આપણે જાણીએ છીએ કે શેતાન વ્યૂહરચનાનો માહિર છે. તેનું વર્ણન કરવું અઘરું છે. તે લુચ્ચો દુષ્ટ છે. આ તો કેવળ તેની ઝલક છે. તેથી, આપણે તેનાથી ડરવાની જરૂર નથી. નવા કરારની આજ્ઞા એ છે કે "શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે." (યાકૂબ ૪:૭) પિતર કહે છે. "સાવચેત થાઓ, જાગતા રહો, કેમ કે તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે." (૧પિતર ૫:૮).

ગહેન્ના બીજુ કંઈ નથી પરંતુ ધિક્કાર છે. શેતાન અશુદ્ધ આત્માઓને ધિક્કારે છે. અશુદ્ધ આત્માઓ એકબીજાને ધિક્કારે છે.

ગહેન્નામાં દરેક જણ એકબીજાને ધિક્કારે છે. જો શેતાન તમારા પર હુમલો કરે, અને તમારા પર જોરજુલમ, શોષણ કરે, તો પણ તમારે ગભરાવાની જરૂર નથી. બાઈબલ કહે છે આપણે તેનો સામનો કરવાનો છે. વિશ્વાસમાં દઢ રહેવાનું છે, આપણી તાકાતમાં નહિ, પરંતુ દેવના સામર્થ્યથી તે પ્રમાણે કરવાનું છે. "છેવટે, હું કહું છું, પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. શેતાનની કુયુક્તિઓની સામે તમે દઢ રહી શકો માટે દેવનાં સર્વે હથિયારો સજો." (એફેસી. ૬: ૧૦-૧૧) જે શેતાન તમારી સામે બેઠેલો છે તેના પોતાનામાં જ વિનાશ અને મૃત્યુનું બીજ રહેલું છે.

આપણે એ વાત જાણીએ છીએ કે રોમન સામ્રાજ્યના સમયમાં રોમન સરમુખત્યારો ખ્રિસ્તીઓની સતાવણી કરતા હતા. રોમનો ખ્રિસ્તીઓને કટાક્ષ ભરી ભાષામાં વાત કરતાં હતાં.

"તમારો સુથાર ક્યાં ગયો ? ખ્રિસ્તીઓ, તમારો સુથાર અત્યારે શું કરે છે ?"

ખ્રિસ્તીઓ પ્રત્યુત્તર આપતા, "તે તમારા સામ્રાજ્યને માટે શબપેટી (કોફીન) તૈયારી કરી રહ્યા છે."

ઈસુ ખ્રિસ્તના અને દેવના શિક્ષણ અનુસાર રોમન સામ્રાજયનું પતન થયું. એ વાત હંમેશા યાદ રાખીએ કે ઈસુ ખ્રિસ્ત પ્રભુઓનો પ્રભુ છે અને તે તેના સિંહાસન પર બેઠેલો છે.

# ૬ હામાન : જે તે વાવ્યું છે તે તું લણ

## (એસ્તેર-૬: ૧૧-૭:૧૦)

મોર્દખાય કે જે રાજાના પોશાકમાં સજ્જ હતો અને રાજાના ઘોડા પર તેને નગરમાં ફેરવ્યાથી હામાન કફોડી - દયનીય સ્થિતિમાં મૂકાઈ ગયો હતો. આ સ્થિતિમાં જ્યારે હામાન રાજાના દરવાજા આગળ પાછો આવ્યો ત્યારે શોક કરતો કરતો પોતાનું માથું ઢાંકીને ઘેર જ જતો રહ્યો. (૬:૧૨). જ્યારે તેણે પોતાની પત્ની અને મિત્રોને બનેલી ઘટના વિશે જણાવ્યું ત્યારે, તે એવી અપેક્ષા તેઓ પાસેથી રાખતો હતો કે તેને કંઈક ઉત્તેજન મળે ને કંઈક દિલાસો મળે. પરંતુ તેને ભયંકર આઘાત લાગ્યો ! તેઓએ તેના વિનાશ પતનની ઉજવણી કરી. કારણ કે તેઓએ તે માટેની ધારણા કરી હતી. રેતીના મહેલનું ચણતર કરવામાં આવ્યું હતું પરંતુ બીજી તરફ અંદરથી તૂટી રહ્યો હતો. "મોર્દખાય કે, જેની આગળ તારી પડતી થવા લાગી છે, તે જો યહૂદીઓના વંશનો હોય, તો તેની વિરુદ્ધ તારું કંઈ ચાલવાનું નથી, પણ તેની આગળ નિશ્ચે તારી પડતી થશે." (૬:૧૩).

શા માટે તેઓ આટલા ચોક્કસ હતા ? સદીઓથી, જ્યાં કંઈ યહૂદીઓ વસ્યા છે, તમામ ધર્મના અને જાતિના લોકોએ તેઓની વિશિષ્ઠ સ્વતંત્રતાને ધ્યાનમાં લીધી છે. સ્વીકારી છે અને સાથે સાથે વિશિષ્ઠ તાલંતો જે તેઓને મળ્યાં છે તેની પણ નોંધ લીધી છે. કદાચ હામાનના મિત્રો યહૂદીઓ સાથેના સંપર્કને લીધે આ અસર નીચે હોય. આ જ પળે દ્વારપાળો આવ્યા અને તેને ઝડપથી મહેલ તરફ લઈ ગયા. "હજુ તો તેઓ તેની સાથે વાતો કરતા હતા, એટલામાં રાજાના ખોજાઓ આવી પહોંચ્યા, અને એસ્તેરે જે મિજબાની તૈયાર કરી હતી તેમાં તેઓ હામાનને ઉતાવળે તેડી ગયા. રાજા તથા હામાન એસ્તેર રાણીએ તૈયાર કરેલી મિજબાનીમાં આવ્યા" (૬:૧૪,૭:૧)

ગઈકાલના ખાણાનું બરાબર પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. બાહ્ય રીતે કોઈપણ જાતના ફેરફાર વગર દશ્ય તો એનું એ જ છે. આ ખાણાનું આયોજન એ જ મહેલમાં અને એ જ રૂમમાં કે હોલમાં કરવામાં આવ્યું હતું. તેઓ એ જ રાજવી ખુરશીઓ પર બેઠા હતા, નોકરો પણ અગાઉ હતા તે જ હતા, અને રાજવી ખાણું જે થવાનું હતું તે પણ તે જ હતું. પરંતુ આ બધામાં એક વ્યક્તિ બદલાયેલી હતી ! આંતરિક રીતે એ કેટલો બધો બદલાયેલો હતો !કદાચ બાહ્ય રીતે હામાન તેની અંદરની લાગણીને છુપાવતો હોય અથવા દબાવી રાખતો હોય. કદાચ તે એવી આશા રાખતો હતો કે કોઈક રીતે તે તેની અચોક્કસતા અને વિચિત્ર પરિસ્થિતિમાંથી બહાર આવે. શું બની રહ્યું છે તેની તેને ખબર ન હતી ! તે પળે રાજા પણ જાણતો ન હતો કે રાણી યહૂદી છે. હામાને યહૂદી સમાજનો નાશ કરવા જે દુષ્ટ યોજના ઘડી હતી તેમાં તેની રાણીનો પણ સમાવેશ થાય છે તે પણ રાજા જાણતો ન હતો. આ તબક્કા સુધી હામાનની સત્તા જોખમ વગરની હતી. અંતે, હામાનને માટે, તેની પોતાની દુષ્ટ યોજનાના પરિણામથી છુટકારાનો કોઈ માર્ગ રહ્યો ન હતો.

## ૧. એસ્તેરની વિનંતી (૭: ૧-૪)

શાહી મિજબાની ચાલતી હતી ત્યારે રાજાએ એસ્તેરને તેની અરજ (વિનંતી) જણાવવા ઉત્તેજન આપ્યું અને કહ્યું કે અર્ધા રાજ્ય સુધી તે મંજૂર થશે. તેથી તેણીએ તેની વાતની શરૂઆત કરી. એસ્તેર જાણતી હતી કે રાજા તેના પર પ્રેમ કરે છે. તેથી તેણે વાત કહેવાની શરૂઆત કરી."હે રાજા, જો મારા પર આપની કૃપા દ્રષ્ટિ હોય." (ક. ૩). એસ્તેરના પ્રત્યુત્તરમાં પ્રથમ વાત આપણે જોઈએ છીએ કે રાજા પ્રત્યે નમ્રતા અને આદરમાન સાથે આત્માની સહાયથી વાતને વિસ્તારપૂર્વક રજૂ કરી. એસ્તેરનું રાજાને સંબોધન જે ભાષામાં કરવામાં આવ્યું, તે રાજાનું સર્વોચ્ચપણું (સ્વામીત્વ) અને તે રાજવી સ્થાનને સ્વીકારતી નોંધ સાથે કરવામાં આવ્યું. ત્યારબાદ એસ્તેરે તેની વિનંતી સાદી અને સંક્ષિપ્ત રીતે કરી. "મારા લોક મને આપો, એ મારી અરજ છે, અને મારા લોક

મને આપો (ક.૩) ત્યારબાદ તેની તાકીદની વિનંતી માટેનું કારણ આપે છે." કારણ કે અમે, એટલે હું તથા મારા લોક, નાશ પામવા, મારી નંખાવા, તથા કતલ થઈ જવા સારુ વેચાયા છીએ. પણ જો અમે ગુલામો તથા ગુલામડીઓ થવા સારુ વેચાયા હોત તો હું મૂંગી બેસી રહેત, પણ જે નુકસાન રાજાને થાત તેને મુકાબલે અમારું દુઃખ કંઈ વિસાતમાં નથી. (૭:૪)

જે રીતે તેણે અરજ ગુજારી તે આપણાં પ્રત્યેકને માટે એક પાઠ બની રહો. પોતાના દેશને માટે, લોકોને માટે આજ રીતે ઈશ્વરની આગળ મધ્યસ્થી કરે તેવા લોકની આપણને જરૂર છે, કે જેઓ પોતાનાં જીવનો દેશની ખાતર સમર્પિત કરતા તે પ્રકારની ઓળખ આપતા રહે. એસ્તેર પોતાના લોક યહૂદીઓ માટે યાચના કરે છે. તમને પાઉલ પ્રેરિત યાદ છે? પ્રાર્થનાના સંદર્ભમાં પાઉલનું વલણ કેવું છે ? પ્રાર્થના યહૂદીઓ માટે છે કે તેઓનો ઉદ્ધાર થાય. (રૂમી ૧૦:૧). હું માનું છું કે આજ પ્રકારની કરુણા, રાજાને પોતાના લોકોના બચાવ અને છુટકારા માટે એસ્તેર કરી રહી હતી ત્યારે હતી.

એસ્તેર નિર્ભય હતી. તેણીના શબ્દો સાદા હતા. તેણીની વિનંતી સાદી હતી. વાતની રજૂઆત અઘરી ન હતી. તેણીનું હૃદય ખુલ્લું હતું. જ્યારે આપણે ઈશ્વર પાસે આવીએ ત્યારે આવી જ રીતે આજીજી અને પ્રાર્થના કરવી જોઈએ. કૃપાના સિંહાસન આગળ તૈયારી અને નિર્ભયતા સાથે આવવું જોઈએ. ઇસુ ખ્રિસ્ત જે મધ્યસ્થ છે તે સિવાય બીજા કોઈ મધ્યસ્થ વગર સીધા ઈશ્વર પાસે આવવું જોઈએ, અને આપણે આપણા ખુલ્લા હૃદય સાથે અને સરળ શબ્દોથી પ્રાર્થના કરવી જોઈએ. પોતાના લોકો માટે એસ્તેર જ્યારે આજીજી કરી રહી હતી ત્યારે તે કોઈ રમત રમતી ન હતી. આપણે હંમેશા એ યાદ રાખવું જોઈએ કે પ્રાર્થના ગંભીર કાર્યવાહી છે. કરવી પડે છે (ફરજ) તેવા ભાવ સાથે પ્રાર્થના કરવી જોઈએ નહિ. એવા સમયો આપણાં જીવનમાં આવે ત્યારે આપણે આ પ્રમાણે વિચારીએ છીએ. પરંતુ આ પ્રકારના વિચારો આવે ત્યારે તેની ચકાસણી

(તપાસ) કરીએ. એસ્તેરની સાદગી અને વિશ્વાસુપણાએ રાજાના હૃદયને સ્પર્શ કર્યો. રાજાનો પ્રત્યુત્તર (૭: ૫-૭)

"જેણે પોતાના મનમાં એ પ્રમાણે કરવા હિમ્મત ધરી છે તે કોણ છે ? અને તે ક્યાં છે ?" (ક. ૫) એસ્તેરે તેના પ્રથમ પ્રશ્નનો જવાબ આપ્યો. "એ વેરી તથા શત્રુ તો આ દુષ્ટ હામાન જ છે !" (ક : ૬). હામાને સમજી શકાય તેવા ભયવાળું વર્તન કર્યું. એસ્તેરે હામાનને શા માટે આમંત્રણ આપ્યું હતું ? પૂર્વના દેશોમાં સરભરા એ મિત્રતાના સંદર્ભમાં કરવામાં આવેલું પવિત્ર કૃત્ય છે. શું એસ્તેરને માટે હામાન પર દોષારોપણ મૂકવા આમંત્રણ આપવું તે યોગ્ય હતું ? એસ્તેરને માટે રાજાની હજૂરમાં હામાનનો સામનો કરવો એ સહેલું હતું. એસ્તેર હામાનની પીઠ પાછળ દોષારોપણ કરતી નથી. જો હામાને કશું પણ કહેવું છે, તો તે ત્યાં કહી શકયો હોત. પરંતુ હામાનનું પોતાનું હૃદય જ તેને દોષ આપી રહ્યું હતું. તે પોતે જાણતો હતો કે તેણે જાણી જોઈને રાજાને છેતર્યા છે. રાજાએ તો આ માણસ પર વિશ્વાસ કર્યો હતો. એસ્તેરના શબ્દો રાજાને ઝેર પીવડાવેલા બાણની જેમ વાગ્યા.

ગુસ્સામાં તે ત્યાંથી ઊભા થયા અને બગીચા તરફ ચાલ્યા ગયા. તેનો પોતાનો માનીતો, જેના પર તેણે પૂરો વિશ્વાસ રાખ્યો હતો, તેણે જ તેને છેતર્યો. આ દુષ્ટ યોજના સંબંધી રાજાની આંખો ખૂલી ગઈ. બેચેનવાળી રાત્રી (ઊંઘ વગરની) એ તેનું એ વાત તરફ ધ્યાન દોર્યું કે જે વ્યક્તિએ તેનું જીવન બચાવ્યું છે તે તો યહૂદી છે. પરંતુ હામાન તો એસ્તેર અને મોર્દખાય સહિત આખી યહૂદી પ્રજાનો નાશ કરવા ચાહતો હતો. આનો અર્થ એ થાય છે કે જેઓએ રાજાની વિરુદ્ધ પ્રપંચ કર્યું હતું તે બધાની સાથે હામાન ભળેલો છે ? શું તેનું જીવન પણ જોખમમાં હતું ? હામાન પાસે રાજાની સામે સ્વબચાવની કોઈ વ્યવસ્થા હતી ?

**૩. હામાનની પ્રતિક્રિયા (૭:૮-૧૦)**

"રાજા તથા રાણીની આગળ હામાન ગભરાયો (ક ૬ (બ)). રાજા પોતાના મહેલના બાગમાં ગયો, હામાન પોતાનો જીવ બચાવવાને

સારુ એસ્તેર રાણીને વિનંતી કરવા લાગ્યો. ખાસ, ધ્યાન આપો : હવે કોની પાસે સત્તા છે ! કેટલીકવાર ક્રૂર (ઘાતકી) વ્યક્તિઓ પણ ડરપોક (નિર્માલ્ય) બની શકે છે. અહીં આપણને કેવા ભયનું અને લાચારી પરિસ્થિતિવાળું ચિત્ર જોવા મળે છે ! તેના મુખ પરના ભયની કલ્પના કરો ! ફિક્કો પડી ગયેલો ચહેરો અને રક્તવિહીન હોઠો, લથડતા ઘૂંટણો અને પ્રસારેલા હાથો, અને તે પલંગ પાસે બેસી પડેલો અને એસ્તેર પાસે પોતાના જીવનને બચાવવાની ભીખ માગી રહ્યો છે.

આજ પળે રાજા પાછા આવે છે. આ માણસને પલંગ પર પડેલો અને રાણીને આજીજી કરતો જોયો ત્યારે રાજાના ગુસ્સાનો પાર રહ્યો નહિ. જ્યારે રાજા મહેલના બાગમાં મદ્યપાન કરવાની જગાએ પાછો આવ્યો ત્યારે જે પલંગ પર એસ્તેર સૂતી હતી તે પર હામાન પડેલો હતો. રાજાએ કહ્યું કે, શું મારા મહેલમાં મારી સમક્ષ તે રાણી પર બળાત્કાર પણ કરશે ? આ શબ્દ રાજાના મોમાંથી નીકળતા જ હજૂરિયાઓએ હામાનનું મોં ઢાંકી દીધું. (ક. ૮). હામાનના મનમાં એસ્તેર પર હુમલો કરવાનો કોઇ વિચાર ન હતો, પરંતુ રાજા પોતે એવા તારણ પર આવ્યા હતા. આટલું પૂરતું છે. હામાનની વાત હવે પૂરી થઈ ગઈ છે ! તેણે હવે મરવું જ જોઈએ.

જ્યારે રાજાએ સાંભળ્યું કે હામાને મોર્દખાયને માટે ફાંસીનો માંચડો તૈયાર કરાવ્યો છે, ત્યારે રાજાએ હામાનને તેના પર જડી દેવાનો હુકમ કર્યો. આવું કરવાથી રાજાના ક્રોધને શાંત કરવામાં સહાય મળે!... ત્યારપછી રાજાનો ક્રોધ શમી ગયો. (ક. ૧૦ (બ)) કેવી અજાયબ રીતે પ્રભુના લોકની તરફેણમાં ફરી આદેશ ગયો ! કેવો ચુકાદો! ઈશ્વર અત્યારે પણ સિંહાસન પર છે.

એવી કલ્પના કરો કે ૨૪૦૦વર્ષ પહેલાં તમે સૂસામાં છો. સૂસાના બહારના ભાગમાં દ્રાક્ષાવાડીમાં એક વ્યક્તિ કામ કરે છે. સૂસા પર્સીયાનું પાટનગર હતું. આ વ્યક્તિ આ શહેરની શેરીઓમાંથી પસાર થતા એક શેરીમાં ફાંસીનો માંચડો જુએ છે. આ માંચડા પર એક મૃત શરીર રંગાયેલું

છે અને મૃત શરીર ખાનારા પક્ષીઓ (vultures) આ મૃત શરીરને ચારે તરફથી ઘેરી વળ્યા છે. આ વ્યક્તિ આ મૃત શરીરને ઊભો ઊભો જોઈ રહ્યો હતો તેવામાં બીજી વ્યક્તિ ત્યાં આવે છે અને તેને પૂછે છે. "ફાંસીના માંચડા પર કોનું શરીર છે ?"

પહેલી વ્યક્તિએ પ્રત્યુત્તર આપ્યો, "અરે ! આ તો હામાનનું શરીર છે" "શું !" બીજા વ્યક્તિએ આશ્ચર્ય વ્યક્ત કર્યું." તમે એવું કહો છો કે રાજાનો જે વડાપ્રધાન હતો તે ? જે વ્યક્તિ ભવ્ય મહેલમાં રહેતો હતો અને જેને માટે દરેક બાબત સરળ અને વ્યવસ્થિત રીતે ચાલતી હતી?"

"હા, હા એ જ હામાન, રાજાનો પ્રધાન. તેણે ફાંસીનો આ માંચડો મોર્દખાયને માટે તૈયાર કર્યો હતો. પેલો મોર્દખાય, યહૂદી જેણે તેને નમન કરવાની મના કરી હતી તે, પરંતુ ગઈકાલે મોર્દખાય માટે તૈયાર કરેલ ફાંસીના માંચડા પર હામાનને ટાંગી દેવાનો રાજાએ હુકમ કર્યો."

જેનું પરિણામ તમે નકારી ન શકો તેવો કાયદો વિશ્વમાં લખેલ છે. નવા કરારમાં પાઉલ એ વાત જણાવે છે કે "ભૂલો મા દેવની મશ્કરી કરાય નહિ, કોઈ માણસ જે કંઈ વાવે તે જ તે લણશે." (ગલાતી ૬:૭)

આ નિયમ હામાનના જીવનમાં લાગુ થયેલો જણાયો. રાજાના સતત બદલાતા સ્વભાવની, ઉતાવળિયા સ્વભાવનો, અવિચારી નિર્ણય વાળા સ્વભાવનો, શક્તિશાળી નેતાગીરી નહિ આપવાની શક્તિ ધરાવતા, મોર્દખાય અને યહૂદીઓ પ્રત્યેની લુચ્ચાઈ ભરી યોજનાનો તેણે લાભ ઉઠાવ્યો. પોતાના દુષ્ટ, ભ્રષ્ટ હેતુઓને જાળવી રાખવા તેણે રાજાના આ ગુણોનો ઉપયોગ કરીને રમત રમી અને તેનો તેના પોતાના લાભ માટે તેનો ઉપયોગ કર્યો. દરેક બાબતો જોતાં બધું તેની તરફેણમાં હોય તેમ લાગે છે

પરંતુ રાજાના આ સ્વભાવે (ચારિત્ર) હામાનનું પતન કર્યું.

રાજાના ઉતાવળિયા, અવિચારી, શક્તિશાળી નેતાગીરી નહિ આપવાની બાબતે તેનો નાશ કર્યો. હામાન ખૂબ ઝડપથી દોષિત ઠરાવાયો. "એમ જે ફાંસી તેણે મોર્દખાયને સારુ તૈયાર કરી હતી. તેના પર તેઓએ હામાનને જ ફાંસી દીધી. ત્યાર પછી રાજાનો ક્રોધ શમી ગયો." (૭:૧૦). મોર્દખાય માટે તૈયાર કરેલા ફાંસીના માંચડા પર તેને જ લટકાવી દેવામાં આવ્યો.

તેનું ભય ઉપજાવે તેવું મરણ એક એવો સિદ્ધાંત પૂરો પાડે છે કે જે કોઈ દુષ્ટતા આચરે છે તેને તેના પોતાના જ હાથ વડે શિક્ષા કરવામાં આવશે. દુષ્ટ માણસના હાલ હવાલ કેવા થયા (થાય) છે. તે માટે નીતિવચન ૨૬:૨૭ સ્પષ્ટ જણાવે છે કે, "જે બીજાને માટે ખાડો ખોદે તે પોતે તેમાં પડશે, અને જે કોઈ બીજાની તરફ પથ્થર ગબડાવે તે તેના પર જ પાછો આવશે." રાજાનો ગેરલાભ ઉઠાવનાર હામાન પોતે જ તેનો ભોગ બન્યો. આપણે કદી એ ન ભૂલવું જોઈએ ! "માણસ જે કંઈ વાવે છે, તે જ તે લણશે."

એસ્તેરના પુસ્તકના ઇતિહાસમાં ઈશ્વર અને શેતાન વચ્ચેનો વિવાદ છે. આ વિવાદમાં ત્રણ ચાવીરૂપ વ્યક્તિઓ સંકળાયેલી છે. હામાન (Agagite) શેતાનનો સંદેશવાહક હતો. તેની યોજના આખી યહૂદી પ્રજાનો સંહાર (નામ ભૂંસી નાંખવાની) કરવાની હતી. શા માટે આ પ્રકારનો અંત લાવવા શેતાને આ માણસને પ્રેરણા આપી ? જો આખી યહૂદી પ્રજાનું નિકંદન નીકળી જાય તો ઉત્પ. ૩:૧૫માં આપેલી ભવિષ્યવાણી પરિપૂર્ણ થાય નહિ. "અને તારી ને સ્ત્રીની વચ્ચે તથા તારાં સંતાનની ને તેના સંતાનની વચ્ચે હું વેર કરાવીશ, તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." ઈસુ ખ્રિસ્ત પ્રભુનો "બીજ" અથવા સ્ત્રીથી અવતરેલા છે. વધસ્તંભ પરના મરણ દ્વારા શેતાનથી તેની એડી છુંદાઈ. તેણે સંપૂર્ણ રીતે શેતાનનું માથું છૂંદયું અથવા ચૂરેચૂરા બોલાવી દીધા.

ઈસુના વધસ્તંભ પરના મૃત્યુ દ્વારા શેતાને સફળ રીતે તેની એડી

છૂંદી. પરંતુ વધસ્તંભ પરના મૃત્યુ દ્વારા ઈસુ ખ્રિસ્તે શેતાનનો ન્યાય કર્યો. (કલોસ્સી ૨:૧૪-૧૫) અને પાછા ઊઠવા દ્વારા શેતાનની સત્તા (તાકાત) સામે વિજય પ્રાપ્ત કરાવવાનું વિશ્વાસીઓ માટે શક્ય બનાવ્યું. શેતાનનો આખરી પરાજય પ્રકટી. ૨૦: ૨-૩, ૧૦આધારે (પ્રમાણે) થશે.

સમગ્ર જૂના કરારમાં શેતાનના કાર્યોનું પુનરાવર્તન સતત જોઈએ છે કે, વચન અનુસાર, આવનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટેની આખી યોજનાનો કોઈક રીતે વિનાશ કરી નાંખવામાં આવે, અથવા તેને ભ્રષ્ટ કરવામાં આવે. તેથી આ આખી વાર્તામાં મહાન સત્ય સમાયેલું છે. આ આખી ઘટનાનો હેતુ એ છે કે વરસો પછી થનાર પ્રભુ ઈસુના જન્મને અટકાવી શકાય.

શેતાનનો પ્રયત્ન ઈશ્વરનો સમય હેતુ અને યોજના અને ઇચ્છાનો નાશ કરવાનો છે. આ સંદર્ભમાં શેતાનનું બાઈબલ આધારિત સમગ્ર ચિત્ર મેળવવું (જોવું) એ જરૂરી છે. એ યાદ રાખીએ કે શેતાન એનો આ હેતુ એકપણ વાર હાંસલ કરી શક્યો નથી. તમે ઈશ્વર વિરુદ્ધ (સામે) લડીને જીતી શક્યા નથી. "જો ઈશ્વર આપણા પક્ષમાં, તો આપણી સામો કોણ ?" (રૂમી ૮:૩૧). એવો સમય આવે છે કે જ્યારે તમને એવી પરિસ્થિતિમાં મૂકવામાં આવે કે જ્યાં તેમને એકલા જ પ્રભુ પર વિશ્વાસ કરનાર વ્યક્તિ છો. યાદ રાખો તે એવા ઈશ્વર છે કે માનવી તમામ પરિબળોની વચ્ચે તે સાથે રહે છે, એનો હંમેશ એ અર્થ ન કાઢી શકાય કે ઈશ્વર આપણને તમામ પરિસ્થિતિમાંથી છોડાવશે. મુશ્કેલીઓ અને પરીક્ષણોથી હંમેશા ઈશ્વર અલગ રાખશે. (આવવા નહિ દે) તેવું ન પણ બને. હા, ઘણીવાર આ બધામાંથી ઈશ્વર છોડાવે છે. પરંતુ એવા પણ સમયો આવે છે કે જ્યારે સતાવણીઓ અને મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. પરંતુ ઈશ્વર કદી આપણને તજી દેતા નથી. તેવા સંજોગોમાં ઈશ્વર આપણને સામર્થ્યથી ભરપૂર કરવા, ટકાવી રાખવા અને બહાર મોકલવા તૈયાર હોય છે

અહીં ઈશ્વરનું ભય રાખનાર યહૂદી મોર્દખાય છે કે, જે પસાર થતાં હામાનને નમન નહિ કરવાને કારણે કરીને તેનો ગુસ્સો વહોરી લે છે. ત્રીજી વ્યક્તિ એસ્તેર છે કે જેને ઈશ્વરની સર્વોપરી સત્તાની વ્યવસ્થામાં સિંહાસન સુધી તેને લઈ જવામાં આવે છે. એસ્તેરનું પુસ્તક એ શીખવે છે કે ઈશ્વર દુષ્ટતા સાથે કેવો વ્યવહાર કરે છે. તમામ યહૂદીઓની તપાસ થતી ચોક્કસ જણાય છે. શેતાનનો વિજય થતો દેખાય છે. આપણે કદી, કદી ન ભૂલીએ કે આખરી શબ્દ ઈશ્વરનો છે. ખાનગી રીતે ઈશ્વર હામાનને અંધકારની શક્તિઓ અને દુષ્ટતાનો, નાશ કરે છે.

કેટલી બધી વાર આપણે એ વિશે સજાગ હોતા નતી કે, ઈશ્વર તેનો હેતુ પૂર્ણ કરવા કેવી રીતે કાર્ય કરી રહ્યા છે. હામાનના સંદર્ભમાં, સત્તાના નશામાં ચકચૂર હતો અને પોતાની જ મહત્ત્વકાંક્ષાથી ભરેલો હતો. ઈશ્વર આ માણસની મદતા (મહાનતા) અને અભિમાનને તોડી નાખે છે. જયારે તે અભિમાનથી શેરીઓમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે મોર્દખાયને તેને નમન નહિ કરતા જોયો, ત્યારે તે ગુસ્સાથી ભરાઈ ગયો. વાસ્તવમાં તો તેને વધુ સત્તા મળી હતી. તેથી તે એવું અનુભવવા લાગ્યો હતો કે પોતે સલામત છે. તે ઝેરથી ભરેલો હતો. સત્તાથી મદમસ્ત બનેલો હતો.

આ બાબતની નોંધ લો કે, ઈશ્વરે એસ્તેરના મનમાં કેવો વિચાર મૂક્યો કે બે મિજબાનીનું આયોજન કરવામાં અને એ પણ કાળજી લેવામાં આવે કે બંનેમાં હામાન હાજર હોય ! દુષ્ટનો સંહાર કરવા, ઈશ્વર આહાશ્વેરોશ રાજાના મનમાં હામાન વિશે પ્રશ્ન પૂછવાની બાબત મૂકે છે. "જે માણસને માન આપવાની રાજાની ખુશી હોય તેને માટે શું કરવું જોઈએ ?(૬ : ૬). પરંતુ મોર્દખાયને સર્વમાન મળ્યું. જેને તે ધિક્કારતો હતો અને હામાનનો નાશ થયો. ઈશ્વરે કેવી અજાયબ રીતે આખી યોજના શેતાન અને દુષ્ટ હામાનની વિરુદ્ધ પૂર્ણ કરી !

જેમ્સ ફિલિપ, મહાન વિચારક એ વાત જણાવે છે કે, શેતાનને તેના પોતાના અનુયાયીઓમાં રસ હોતો નથી. કહેવતમાં આગળ એ

પ્રમાણે જણાવે છે, "શેતાન પોતાની જ સંભાળ રાખે છે." એ સાચું નથી! તે આ બધાનો અંત આવે તે માટે સામાન્ય રીતે પોતાના હેતુઓ માટે જ તેઓનો ઉપયોગ કરે છે. હામાનની વાત એ વાતની સાબિતી આપે છે. તે શેતાનનું હથિયાર બને છે, યહૂદીઓનો સર્વનાશ કરવા માટે તેને નીમવામાં આવ્યો હતો. શરૂઆતમાં એવું લાગે છે કે તે શેતાનનું અસરકારક અને ઉપયોગી સાધન (હથિયાર) છે. પ્રભુની યહૂદી પ્રજાનો સર્વનાશ થઈ જશે. પરંતુ હામાન ખૂબ આગળ વધી ગયો હતો. શેતાને પોતે વધુ આગળનું પગલું ભર્યું હતું.

કારણ કે ઈશ્વર યહૂદીઓની તરફેણમાં હતા. ઈશ્વરે મોર્દખાય અને એસ્તેરનો હોશિયારીથી હામાનનો પરાજય કરવા અને આખરે તેની દુષ્ટ યોજના (તખતો)ને ફેંકી દેવા ઉપયોગ કર્યો. શું શેતાને પોતે પોતાની સંભાળ રાખી ? જ્યાં સુધી શેતાનને લાગે વળગે છે ત્યાં સુધી હામાનની બિન ઉપયોગીતાનો અંત આવ્યો હતો. યહૂદીઓનો સંપૂર્ણ નાશ કરવાની યોજનાનું પતન (ગર્ભપાત) થયું. જ્યારે શેતાનની યોજના નિષ્ફળ ગઈ, તો પછી હામાનને ફેંકી દેવા સિવાય તેનો બીજો કોઈ ઉપયોગ રહ્યો ન હતો. પાપનો આનંદ અને બદલો ટૂંકા ગાળા (ક્ષણિક) માટે હોય છે. શેતાનની સેવા કરવી એ મૂર્ખતા છે. "કપટીનો માર્ગ ખરબચડો છે." (નીતિ. ૧૩:૧૫). એ જ રીતે પાઉલ આપણને યાદ અપાવે છે કે, "પાપનો મુસારો (વેતન પગાર) મરણ છે." (રૂમી. ૬:૨૩) શું તમારી પાસે દુષ્ટતાનું તત્વજ્ઞાન છે ? શું તમારી પાસે દુષ્ટતા માટે ખ્રિસ્તી દ્રષ્ટિકોણ છે ? શું તમે દુષ્ટતા સંબંધી (માટે) બાઈબલનું દ્રષ્ટિકોણ જાણો છો ? અહીં ત્રણ મુદ્દાઓ છે.

૧. ઈશ્વર દુષ્ટતા આવવા દે છે.

૨. મંડળીની ઉન્નતિ - વિકાસ માટે ઈશ્વર કેટલીક વાર દુષ્ટતાને કામમાં લે છે.

૩. ઈશ્વર દુષ્ટતાનો નાશ કરે છે.

તમારા અભ્યાસ માટે વાંચો અયૂબનો અધ્યાય ૧-૨. વાર્તાની શરૂઆત અયૂબના પાત્રના ઉપસંહારથી થાય છે. (૧:૧) ત્યાર પછી શેતાન એક ભિખારી તરીકે અયૂબના જીવનમાં પોતાનો હસ્તક્ષેપ કરવાની ભીખ માગવા સાથે ઈશ્વરની હજૂરમાં આવે છે. તે ઈશ્વરની આગળ અયૂબ પર દોષારોપણ મૂકવા આવે છે. (ક. ૯-૧૧). અયૂબની પાસે જે કંઈ છે તેનો સ્પર્શ કરવા શેતાનને ઈશ્વર પરવાનગી આપે છે. ત્યારે શું બને છે તે તમે જાણો છો. "યહોવાએ શેતાનને કહ્યું કે, જો, તેનું સર્વસ્વ હું તારા હાથમાં સોંપુ છું, પણ તેના પંડ પર તારો હાથ નાખતો નહિ. એ પછી શેતાન યહોવાની હજૂરમાંથી ચાલ્યો ગયો." (ક. ૧૨) શેતાને તેની તમામ સંપતિ, મકાન, રાચરચીલું, કુટુંબ તથા ચાકરો ગુમાવ્યા. આ ઘટનાને અંતે અધ્યાય ૧ના અંતમાં અયૂબ કેવી રીતે વર્તે છે તે આપણે જોઈએ છીએ." તેણે કહ્યું કે, "મારી માના ઉદરમાંથી હું નાગો આવ્યો હતો, અને નાગો પાછો જઈશ, યહોવાએ આપ્યું, અને યહોવાએ લઈ લીધું છે, યહોવાના નામને ધન્ય હો." એ સઘળામાં અયૂબે પાપ કર્યું નહિ, અને દેવને દોષ દીધો નહિ." (કલમ ૨૧-૨૨)

અધ્યાય બે પર બીજું દૃશ્ય જોઈએ છીએ. અહીં ઈશ્વર શેતાનને અયૂબના શરીર પર હુમલો કરવાની પરવાનગી આપે છે. પરંતુ જીવ લેવાની પરવાનગી આપતો નતી. "યહોવાએ શેતાનને કહ્યું કે, જો, તે તારા હાથમાં છે, ફક્ત તેનો જીવ બચાવજે." (ક. ૬). શેતાન દરેક સમયે કેટલી હદ સુધી જઈ શકે તે માટે હદ ઠરાવે છે. પ્રથમવાર ઈશ્વર કહે છે, હું તેની સર્વસંપત્તિ (સર્વસ્વ) તારા હાથમાં સોંપુ છું, પરંતુ તું તેને સ્પર્શ કરતો ના." બીજીવારમાં તું તેના શરીરને સ્પર્શ કરજે. પરંતુ તેનો જીવ બચાવજે." આ હુમલાઓની વચ્ચે આપણે વાંચીએ છીએ, એ સર્વમાં અયૂબે પોતાના મોંથી પાપ ન કર્યું." (ક. ૧૦ (બ)) નોંધ લો, ઈશ્વર શેતાનને તે પ્રમાણે કરવા દે છે.

પુસ્તકનો બાકીનો ભાગ ઈશ્વર ભક્તના જીવનમાં આવેલ પ્રશ્નો, દુઃખો અને સંતાપો વિશેની વાત કરે છે. ઈશ્વર દુષ્ટતાને આવવા દે છે

અને પોતાના મહિમા માટે તેનો ઈશ્વર ઉપયોગ પણ કરે છે. અયૂબના જીવનમાં આવેલ કસોટીઓના સમયમાં કેવળ તેનું વલણ ઈશ્વર પ્રત્યે યોગ્ય હતું તેમ નહિ, પરંતુ પુસ્તકના અંત ભાગમાં અયૂબ ધૂળમાં અને રાખમાં રહીને પણ પસ્તાવો કરે છે તેની તરફ જોઈએ. અયૂબ ૪૨ : ૫-૬ "મેં મારા કાનથી તારા વિષે સાંભળ્યું હતું, પણ હવે હું તને પ્રત્યક્ષ જોઉં છું, તેથી હું મારી જાતથી કંટાળું છું, અને ધૂળ તથા રાખમાં બેસીને પશ્ચાતાપ કરું છું."

જ્યારે ઈશ્વરે અયૂબનો પશ્ચાતાપ જોયો ત્યારે, ઈશ્વરે અલીફાઝને કહ્યું, "મારો સેવક અયૂબ તમારે સારુ પ્રાર્થના કરશે, તેને સ્વીકારીને હું તમારી મૂર્ખાઈ પ્રમાણે તમારી વલે નહિ કરું." (ક : ૮). ઈશ્વરે અલીફાઝ અને તેના મિત્રોને કહ્યું કે તેમના દુર્વ્યવહારને માટે તેઓ બલિદાન ચઢાવે. ત્યાર પછી જુઓ ઈશ્વરે અયૂબને કેવો (કેટલો) આશીર્વાદ આપ્યો. "જ્યારે અયૂબે પોતના મિત્રોને સારુ પ્રાર્થના કરી ત્યારે યહોવાએ તેની દુર્દશા ફેરવી નાખી, અને અગાઉ હતું તે કરતાં યહોવાએ અયૂબને બમણું આપ્યું" (ક. ૧૦) કેવી અજાયબ (અદ્‌ભુત) વાર્તા !

નવા કરાર તરફ ફરીએ પાઉલ પ્રેરિત ૨ કરંથી. ૧૧:૨૩-૨૯માં પોતાનાં જે દુઃખો અને યાતનાઓ વેઠવી પડી તેની યાદી આપે છે. છતાં ફિલી. ૧:૧૨માં તે કહે છે. "ભાઈઓ, મને જે જે દુઃખો પડયાં, તે સુવાર્તાને વિઘ્નરૂપ થવાને બદલે તેનો પ્રસાર થવામાં સહાયભૂત થયાં. એ તમે જાણો એવું હું ઇચ્છું છું. તે જ કારણથી ઈશ્વર પાઉલના જીવનમા દર્દનાક (દુઃખદ) બાબતો ૨ કરિંથી. ૧૧ પ્રમાણેની આવવા દે છે. આ બધી ઘટનાઓ તે પાઉલના જીવનમાં અમલી બનાવે છે, બનાવવા દે છે. આખરે ઈશ્વર તમામ દુષ્ટોનો સંહાર કરશે.

પોતાના ન્યાયને લાગુ કરવા માટે ઈશ્વર શા માટે લાંબો સમય રાહ જુએ છે ? કદાચ ઈશ્વર આ જગતના હામાનોને પસ્તાવો કરીનેઈશ્વર તરફ પાછા ફરવાની પૂરેપૂરી તક આપવા માગે છે. જો તેઓ ઇચ્છતા હોય તો. ઈશ્વરે હામાનને અનેક ચેતવણી આપી હતી. જો તેણે ઇચ્છયું

હોત તો, મોર્દખાયની દ્રષ્ટિ દ્વારા (મોર્દખાય દ્રષ્ટિકોણથી) પોતાની પ્રમાણિકતા જોઈ શક્યો હોત. સાબિત કરી શક્યો હોત. જો તેણે પોતાને જ પ્રશ્ન પૂછયો હોત કે મોર્દખાય શા માટે તેને નમન કરવા તૈયાર નથી, તો તે તેમાંથી કશુંક શીખી શક્યો હોત. પરંતુ તેણે તે પ્રમાણે કર્યું નહિ. તે તો પોતાના માર્ગે વળી ગયો હતો. તેને બીજા કોઈની (માન્યતા, મંજૂરી)ની જરૂર ન હતી.

યાદ રાખો ખ્રિસ્તી આશાનો એક ભાગ એ છે કે ઇસુ ખ્રિસ્તના અને સુવાર્તાના દુશ્મનો વિનાશની પાછળ લાગેલા રહે છે. નવા કરારનો વિજયવંત સંદેશ એ છે કે ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર શેતાન અને તેના સામ્રાજયને ખલાસ (નાબૂદ, પરાજિત) કરી નાખ્યું છે. પાઉલ કલોસી ૨:૧૫ લખે છે. "અને રાજ્યો તથા અધિકારીઓને તોડી પાડીને, વધસ્તંભે તેઓ પર જય મેળવીને તેઓને જાહેર રીતે ઉઘાડા પાડયા." (અથવા તેમાં - તે તો વધસ્તંભે RSVના હાંસિયા પ્રમાણે) હેબ્રીઓનો લેખક જણાવે છે. (જાહેર કરે) છે, "તો છોકરાં માંસ તથા લોહીનાં બનેલાં હોય છે, માટે તે પણ તે જ રીતે તેઓનો ભાગીદાર થયો, કે જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો એટલે શેતાનનો નાશ કરે." (૨:૧૪). ખ્રિસ્તીઓ, શું તમે શેતાનના દુષ્ટ વિચારોથી હ્રદયભંગ, નિરાશ, ગભરાયેલા અથવા નિરુત્સાહી થયેલા છો ? હિંમત રાખો. ઈશ્વર પોતાની રીતે અને સમયમાં શેતાનને નીચો પાડવા કાર્યરત છે.

૭

# જે બદલી ન શકાય તેને બદલી (પાછું ફેરવી) નાખો ? યહૂદીઓની અવિનાશકતા

## (એસ્તેર-૮)

અધ્યાય ૭નો અંત ભાગ જણાવે છે કે રાજાના મદદનીશે હામાનને ફાંસીના માંચડે ચઢાવી દીધો. જે માંચડો મોર્દખાયને માટે તૈયાર કરેલો હતો. કેટલાક એવું વિચારે છે પુસ્તકનો આ તબક્કે અંત આવવો જોઈએ, પરંતુ જો કે હામાનને શિક્ષા થઈ, પરંતુ રાજવી આદેશ (ફરમાન) તો તેમનું તેમ જ છે. બારમાં મહિનાનો તેરમો દિવસ આવ્યો ત્યાં સુધી યહૂદીઓની ઘાતકી હત્યા ચાલુ જ હતી. જે દુષ્ટ યોજના હામાને તૈયાર કરી હતી તે હજુ સુધી અમલમાં હતી.

### ૧. મોર્દખાયને બઢતી (ક ૧-૨)

"તે દિવસે," એસ્તેરે તૈયાર કરેલ ભોજન અને હામાનનું ફાંસીના માંચડે ચઢી જવું. (અધ્યાય ૭), રાજાએ એસ્તેરને "હામાનનું ઘર, યહૂદીઓના દુશ્મનનું" (૮:૧) એસ્તેરે કેવળ તેના દુશ્મનને હરાવ્યો એટલું જ નહિ પરંતુ, તેના ઘરનો માલિકી હક પણ તેને મળ્યો. ત્યારબાદ એસ્તેર મોર્દખાયને રાજાની પાસે લઈ જાય છે. જેણે રાજની જિંદગી બચાવી હતી. જ્યારે એસ્તેરે મોર્દખાય સાથેના પોતાના સંબંધો (સગપણ) અને તેણે એસ્તેર માટે જે જે કર્યું હતું તે વાત જાહેર કરી ત્યારે જે આભારભાવ કૃતજ્ઞતા પોતે અનુભવતો હતો તે તેની લાગણીના સંદર્ભમાં તે બધું ગૌણ બની ગયું હતું. યાદ રાખો કે એસ્તેરને માટે મોર્દખાય માતા અને પિતા બંને હતા કારણ કે તેણે તેને પોતાની દીકરીની જેમ ઉછેરી હતી.

હામાનની તમામ સંપતિ એસ્તેરને આપવામાં આવી, વીંટી આપવાના સમારંભ વખતે રાજા પછીના સ્થાન માટે મોર્દખાયની નિમણૂક કરવામાં આવી. આ એ જ મુદ્રિકા છે કે જે અગાઉ રાજાએ હામાનને આપી હતી. (સરખાવો ૩ : ૧૦). આ વીંટીને ધારણ કરવા દ્વારા હામાનને યહૂદીઓ સામે કાર્યવાહી કરવાની સત્તા અધિકાર પ્રાપ્ત થયા હતા (૩ : ૧૨). પોતાના લોક અને પોતાની સામે જે અધિકાર હામાને વાપર્યા હતા તે જ અધિકાર હવે મોર્દખાયને પ્રાપ્ત થયા હતા. એસ્તેરના દ્વારા તેને હામાનના ઘરનો કબજો પણ આપવામાં આવ્યો હતો.

**૨. એસ્તેરની વિનંતી (ક. ૩-૮)**

હજુ સુધી એસ્તેર સફળ રહી હતી, છતાં પોતાના દેશ માટેનું તેનું કામ પૂર્ણ થયું ન હતું. હવે ઈશ્વરની પાસે બે વ્યક્તિઓ છે. મોર્દખાય અને એસ્તેર સત્તામાં છે. હવે મોર્દખાય તેના દેશને છોડાવી શકે છે. રાજા તરફથી જાહેરમાં બોલવાની તેને પરવાનગી આપવામાં આવી, હામાન દ્વારા જે નવા કાયદાઓ લાગુ કરવામાં આવ્યા હતા, તેના બદલામાં નવા કાયદા આપવામાં આવ્યા કે જે અનુસાર યહૂદીઓ પોતાના હકો અને લાભો ભોગવતા હતા. જે રાજા તરફથી મળતો લાભ હતો.

જે હથિયારો એસ્તેરે વાપર્યા તેની નોંધ લો. "નમ્રતા - એસ્તેર રાજાના ચરણોમાં પડી (ક : ૩), "આંસુ" (ક :૩) તે દ્વારા તે પોતાની લાગણી પ્રગટ કરે છે. ફક્ત આંસુનો જ એસ્તેર ઉપયોગ કરે છે એટલું નહિ, પરંતુ "શબ્દો" નો પણ ઉપયોગ કરે છે. (ક : ૫-૬). પોતાના આંસુઓ સાથે તે સતત બોલ્યા જ કરતી હતી. ત્યારપછી તે યુક્તિનો ઉપયોગ કરે છે. હામાનની ભયંકર આદતને તે દોષિત ઠરાવે છે (ક : ૫), હવે તેનું મરણ થયું છે. સાથે સાથે, તે રાજાને પોતાના બચાવને માટે પૂરતી સમજ આપે છે. અંતમાં, તે "આધીનતા"નો ઉપયોગ કરે છે. (ક : ૫). તે એ બાબતોની માંગણી કરે છે કે જે રાજા કદાચ આપવા રાજી હોય. એસ્તેર રાજામાં રહેલા ન્યાયી વલણને હકારાત્મક રીતે વિનવે છે. પરંતુ તેની વિનંતીની માત્રાની નોંધ લો. "કેમ કે મારા લોક પર જે

વિપત્તિ આવી પડવાની છે તે મારાથી શી રીતે જોઈ શકાય ? અથવા મારાં સગાંનો નાશ મારાથી શી રીતે જોઈ શકાય ? (ક : ૬) એસ્તેરની વિનંતી રાજાના હૃદય સુધી પહોંચી, પરંતુ અગાઉના કાયદાનો તે સામાન્ય રીતે નાશ ન કરી શકે.

ઉપરછલ્લી રીતે એવું જણાય છે કે કાયદાને બદલી નાંખો પરંતુ તેને તેના દાયરામાં રહીને બદલી શકાય. પરંતુ માદીઓ અને ઈરાનીઓના કાયદા બદલી શકાતા નથી. કાયદાને બદલવાની કોઈની પાસે સત્તા નથી. એક વખતે તે કાયદો જાહેર કરવામાં આવ્યો, તો પછી રાજા પણ તેમાં ફેરફાર કરી શકે નહિ, તેમ છતાં, રાજા એક નવો કાયદો સુધારા વધારા સાથે એવી રીતે બહાર પાડે કે જેનાથી પહેલાં કાયદાની અસર ઓછી થાય અને નવો કાયદો સર્વને બંધનકર્તા બને. રાજા આ સમસ્યાને સમજી શક્યા હતા તેથી તેણે મોર્દખાય અને એસ્તેરને અધિકાર આપ્યો કે જેથી તેઓ જૂના કાયદા રદ કરી શકે, અથવા તેની (કાયદાની) અસરને નાબૂદ કરે. તેથી રાજાએ મોર્દખાયને નવો કાયદો લખવાની જવાબદારી સોંપી.

કેટલાક એવું વિચારે કે નવો કાયદો અયોગ્ય રીતે ઉતાવળ સમાન હોય તેવું પરિણામ દેખાય, અથવા બદલાની ભાવનાથી પ્રેરાઈને કરવામાં આવેલો હોય તેવું લાગે, પરંતુ આ કાયદાનો હેતુ એ હતો કે યહૂદીઓને હુમલાખોરો સામે પોતાનું રક્ષણ કરવા શક્તિમાન કરે અને સામાન્ય જનતાને પ્રથમ કાયદાની અસર નીચેથી મુક્તિ અપાવવાની હતી.

### ૩. યહૂદીઓનો છુટકારો (ક ૯-૧૭)

એક વખતે કાયદા લખાય , તો તે કાયદાને ત્યારપછી સમગ્ર દેશમાં જાહેર પ્રસિદ્ધ કરવો જોઈએ. જુઓ ક ૧૦-૧૨. જે આપણને આખી પરિસ્થિતિનો ખયાલ આપે છે. તમામ સંદેશવાહકો વાયુ વેગે પહોંચી ગયા. આને પરિણામે આખા સામ્રાજયમાં ગણગણાટ સંભળાવા લાગ્યો, સામ્રાજયમાં ટૂંકા ગાળામાં એવી એકપણ વસાહત કે વ્યવસ્થા ન હતી કે જેમણે નવી પરિસ્થિતિ, નવો કાયદો ન સાંભળ્યો હોય. તેઓ

પોતાનો સંહાર ઘેટાંની જેમ ક્રૂર રીતે ઈચ્છતા ન હતા. હવે તેઓ હથિયાર સજતા હતા અને પોતે પોતાનો સ્વબચાવ કરી રહ્યા હતા. જે પળે આ બધી બાબત બની, જાણકારી મળી કે તરત તેઓએ એક થઈ જવું પડે અને વળતો હુમલો કરવો પડે તેવી પરિસ્થિતિ હતી.

યહૂદીઓમાં કેવો ફેરફાર - બદલાણ આવ્યું ! "સૂસા નગરમાં હર્ષનો પોકાર થઈ રહ્યો. થયેલા હર્ષાનંદને લીધે યહૂદીઓ તેજોમય થયા, અને તેઓને માન પણ આપવામાં આવ્યું. સર્વ પ્રાંતોમાં અને સર્વ નગરોમાં, એટલે જ્યાં જ્યાં રાજાની આજ્ઞા અને તેનો હુકમ ગયો, ત્યાં ત્યાં યહૂદીઓને માટે હર્ષ પ્રદર્શિત કરવા, મિજબાની કરવાનો શુભ દિવસ બની રહ્યો." (ક ૧૨ (બ), ૧૬, ૧૭ (આ).

તે દિવસે આનંદ કરવો એવો આદેશ હતો ! યોગ્ય સમયે તેના લોકો આનંદ કરે તેવી આશા ઈશ્વર રાખે છે, અને ઈશ્વર એવું પણ ઈચ્છે છે કે જ્યારે જરૂર જણાય ત્યારે તેના લોક દુઃખ વેદના પણ અનુભવે. તેઓને દુઃખ વેદના હતી. પરંતુ હવે બારમાં માસનો તેરમો દિવસ અદાર (જે માર્ચ માસમાં આવે છે.) જે હવે પૂરો થઈ ગયો છે. અસંખ્ય લોકોને માટે આ આઝાદીનો દિવસ હતો. અને જેમ જેમ લોકો સુધી સમાચાર પહોંચશે તેમ તેમ તેઓ પણ આ ઉત્સવમાં જોડાશે.

એ વાતની નોંધ લો કે આ અધ્યાયમાં વિરોધાભાસ નોંધાયેલ છે. જે મકાન એક સમયે હામાનનું હતું તે એસ્તેરને આપવામાં આવ્યું (ક : ૧). એસ્તેર, અગાઉ મોર્દખાયના તાબા નીચે હતી, હવે તેને એસ્તેરના નવા મકાનનો કારભારી નીમવામાં આવ્યો. (ક-૨) રાજાએ મોર્દખાયને એવી સત્તા આપી કે તે એવો કાયદો બહાર પાડે કે જે કાયદો હામાને બહાર પાડયો હતો તેનાથી જુદો હોય (ક ૮-૧૨). અગાઉ લોકો હામાનની આગળ નમન કરતા હતા. તે જ લોકો મોર્દખાયની બઢતીને ઊજવી રહ્યા છે (ક. ૧૫). અંતમાં ઘણા વિદેશીઓ કે જેઓ યહૂદીઓને નુકસાન કરતા હતા હવે તેઓ પોતાને યહૂદીઓ તરીકે ઓળખાવવા લાગ્યા હતા. (ક ૧૭).

એસ્તેર અને મોર્દખાયના જીવનમાં આવેલા પરિવર્તનની વાત સાથે આ અધ્યાય પૂરો થાય છે. હવે તેણી પૂરા અધિકાર સાથે રાણીનું પદ શોભાવી રહી છે, અને રાજાના વડાપ્રધાન તરીકે મોર્દખાય રાજ કરી રહ્યો છે. અગાઉ એસ્તેર અને મોર્દખાય યહૂદી તરીકે જીવતા ગભરાતા હતા. હવે તેઓના હાથમાં સત્તા આવી જેથી તેઓ પોતાની અને પોતાના લોકની ખરાબ પરિસ્થિતિ પર કાબૂ રાખી શકે છે.

એસ્તેરની આ વાત બાઈબલના અન્ય ભાગમાં પણ આજ સિદ્ધાંત લાગુ થયેલો છે તેની યાદ અપાવે છે. નમ્રજનોને ઊંચા કરવામાં આવશે, જેઓ પ્રથમ છે તેઓ છેલ્લા થશે, મહિમાનો માર્ગ એ વધસ્તંભનો માર્ગ છે. જયારે કેટલાક લોકોને "પ્રભુને માટે મહાન કૃત્યો કરવાનો" પડકાર મળ્યો, ત્યારે તેના પ્રકાશમાં (પ્રત્યુત્તરમાં) પોતાનાં જીવનો ઈસુ ખ્રિસ્તને સમર્પિત કર્યા ને સેવકના આત્મા સાથે સેવા કરવાનું તેડું સ્વીકાર્યું. પરંતુ બીજા કે જેઓએ પ્રભુના પડકારનો પ્રત્યુત્તર રાખ્યો, કલ્પના કરો કે તેઓ પ્રભુના પડકારનો પ્રત્યુત્તર રાખ્યો, કલ્પના કરો કે તેઓ પ્રભુના રાજયમાં શક્તિશળી લોકો બન્યા, સંપન્ન લોકો બન્યા, માન પામેલા લોકો બન્યા અને બદલો (ઈનામ) પામ્યા. તેઓનો હેતુ (લક્ષ્યાંક) સ્થાન અને તાકાતનું અભિમાન હતું. મહાન પ્રભુની સેવા કરવાને બદલે તેઓ પ્રભુની સેવામાં મહાન બનવા માગતા હતા.

આપણું ઉદાહરણ ઈસુ ખ્રિસ્ત હોવા જોઈએ. જેણે સેવકનું રૂપ (માળખું) ધારણ કર્યું, તે પ્રભુ નમ્રતાના આત્મા સાથે ઈશ્વરની સેવા કરવા આમંત્રણ આપે છે. જો તે આપણને ઊંચા કરવા પસંદ કરે છે, તો હંમેશા તેની નોંધ લઈએ અને સર્વ માન અને મહિમા તે પ્રભુને જ આપીએ.

એ વાતની નોંધ લેવામાં આવી છે કે યહૂદીઓ ખંડનાત્મક પ્રવૃત્તિ નહિ ધરાવનારા લોક છે અને જે લોકો પસંદ કરેલી જાતિની સામે ઊઠ્યા તેઓ પોતાની સફળતા એને વિકાસની આશા રાખી શકે નહિ. બે સિદ્ધાંતો છે કે જે આપણે મગજમાં રાખવા જોઈએ.

૧. યહૂદીઓની પ્રવૃત્તિ ખંડનાત્મક નથી તે.

૨. પોતાને યહૂદીઓની સામે (દુશ્મન તરીકે) ઊભા કરવા તેમાં રહેલું જોખમ યહૂદી રાષ્ટ્રના પાયામાં અને બંધારણમાં આ બંને સિદ્ધાંતો વણાયેલા છે. આશરે ઇ.સ. પૂ. ૨૦૦૦ વર્ષ પહેલાં ઈશ્વરે કાસ્દીઓના ઉરમાંથી ઈબ્રાહિમને તેડ્યો અને તેને વચન આપ્યું કે તેના કુટુંબની મારફતે ઈશ્વર એક મહાન રાષ્ટ્રનું નિર્માણ કરશે. યહૂદી જાતિનો તે પિતા બન્યો. હવે સૈન્યનો દેવ યહોવા ઈબ્રાહિમને એવું કહે છે. "તું તારો દેશ તથા તારાં સગાં, તથા તારા બાપનું ઘર મૂકીને જે દેશ હું તને દેખાડું તેમાં જા, અને હું તારાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ, ને તને આશીર્વાદ દઈશ, ને તારું નામ મોટું કરીશ, અને તું આશીર્વાદરૂપ થશે અને જેઓ તને આશીર્વાદ દે તેઓને હું આશીર્વાદ દઈશ, અને જેઓ તને શાપ દે તેઓને હું શાપ દઈશ, અને તારામાં પૃથ્વીના સર્વ કુટુંબ આશીર્વાદ પામશે." (ઉત્પ. ૧૨: ૧-૩). જે કોઇ યહૂદીઓને આશીર્વાદ દેશે તેઓ આશીર્વાદ પામશે, જેઓ યહૂદીઓને શાપ દેશે તેઓ શ્રાપિત થશે. આ જ વાતનું પુનરાવર્તન ઉત્પ. ૨૭:૨૯માં થયેલ છે જે હરેક તને શાપ દે તે શાપિત થાય, ને જે તને આશીર્વાદ દે તે આશીર્વાદ પામે."

આ વચનો પૂરાં થયાં છે તેની સાબિતી ઈતિહાસ આપે છે. અત્યાર સુધી યહૂદીઓ ટકી રહ્યા છે અને દરેક રાષ્ટ્ર કે જેઓ પ્રભુમાં પસંદ કરેલાની સામાં પડયા છે તેઓ વિસાત વગરના (તુચ્છ) સાબિત થયા છે. બાબેલ, ગ્રીસ, રોમ, સ્પેન, ફ્રાંસ વગેરે તમામ રાષ્ટ્રો તરીકે ભૂંસાઈ ગયાં (અદશ્ય થઈ ગયાં), પરંતુ યહૂદીઓ હંમેશની જેમ હિંમતપૂર્વક આગળ વધતા રહ્યા છે. તમે યહૂદીઓને ભૂંસી નાખી શકો નહિ, તમે યહૂદીઓને શ્રાપ આપીને આશીર્વાદ પામી શકો નહિ. યહૂદીઓનું ટકી રહેવું એ ઈતિહાસના ચમત્કારોમાંનો એક ચમત્કાર છે.

ઇ.સ.પૂ. ૮મી સદીમાં (ચોક્કસ ઇ.સ.પૂ. ૭૨૨માં) જ્યારે આશ્શૂરના રાજાની આગળ ઉત્તરના રાજ્યનું પતન થયું ત્યારે, દસ કુળો હંમેશને માટે નાશ પામ્યાં. યહૂદા અને બિન્યામીનનાં કુળો બચ્યા. આ

સમયોમાં બિન્યામીન યહૂદામાં આવ્યો, જેનાથી એક કુળ બન્યું. દક્ષિણમાં યરૂશાલેમનું આશરે ત્યારપછી એકસોને વીસ વર્ષે બાબેલના રાજા નબુખાદનેસ્સાર રાજાના હાથે પતન થયું. રાષ્ટ્રને સિત્તેર વર્ષ સુધી બંદિવાસમાં રહેવું પડયું. આ સમય દરમિયાન મૂર્તિપૂજાએ યહૂદી વ્યવસ્થાને ખલાસ કરી નાખી, ત્યારબાદ કેટલાક યહૂદીઓ પોતાના વતન પાછા આવ્યા. જે પાછા આવ્યા તે તો શેષ હતા. વધેલા આ શેષમાંથી આગળ જતાં ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો. ઈસુ ખ્રિસ્તના જન્મના સિત્તેર વર્ષ પછી, જ્યારે રોમનોએ યરૂશાલેમ પર ચઢાઈ કરી અને મંદિરનો નાશ કર્યો ત્યારે, ફરીથી યહૂદીઓ વિખેરાઈ ગયા.

યહૂદીઓ બે હજાર વર્ષથી વિખેરાયેલા રહ્યા છે. દુનિયાનાં રાષ્ટ્રો અને સામ્રાજ્યો વિશે વિચાર કરો. તેઓને (યહૂદીઓને) અતીતની ભઠ્ઠીમાં બાળી નાખ્યા, ડૂબાડી દેવામાં આવ્યા, લોખંડની ભઠ્ઠીમાં તેઓને ભડથું કરી નાખવામાં આવ્યા, વધસ્તંભે જડ્યા, ગોળીથી વિંધી નાખ્યા, ગેસની કોટડીમાં પૂરી દીધા, મોટી સંખ્યામાં ખલાસ કરી નાંખવામાં આવ્યા અને છતાં તેઓ ટકી રહ્યા છે. ઈતિહાસનો સંદેશ એ છે. યહૂદી સમાજ જે પ્રભુના લોક છે તેનો તમે સંહાર કરી શકો નહિ, યહૂદીઓને જે કોઇ આશિષ આપે છે તે આશીર્વાદિત થાય છે અને જેઓ યહૂદીઓને શાપ દે છે તેઓ શાપિત થાય છે. રશિયાના પતન વિશે તમે શા માટે વિચારો છો ? કારણ કે તેઓએ રશિયાના ઓર્થોડોક્ષ ચર્ચના પાળકોની મદદથી યહૂદીઓ પ્રત્યે એવો વ્યવહાર કર્યો, પરિણામે તેઓનું પતન થયું. સ્પેનિશ સામ્રાજયનું પતન શા માટે થયું ? કારણ કે સ્પેનિશ સત્તાધીશોએ રોમન કેથોલિક મંડળી અને વેટિકનના આશીર્વાદથી એ કર્યું હતું. ટોમ સ્વોન્સટોને એવું સૂચવ્યું (જણાવ્યું) છે કે, આજે રોમન કેથોલિક રાષ્ટ્રો જેવાં કે ઓસ્ટ્રેલિયા, હંગેરી અને ઝેકોસ્લોવેકિયામાં યહૂદીઓને ગેસથી ભરેલી કોટડીઓમાં પૂરી દેવામાં આવે છે. એ વાતની જાણ પોપને હતી છતાં તેણે જાણે શાંત બેસી રહેવાનું પસંદ કર્યું.

યહૂદીઓને ન છૂટી શકે તે રીતે બાંધી દેવામાં આવ્યા, તેઓ

વિનાશક ન હતા. હું એવું કહેતો નથી કે તેઓ સંપૂર્ણ છે. તેઓની ઘણી નિષ્ફળતાઓ છે. તેઓએ ઘણી ભૂલો કરેલ છે, કુદરતી રીતે તેઓ આકર્ષી શકે તેવા લોકો નથી. ઈસ્રાએલમાં યહૂદીઓ કરતાં આરબો વધારે આકર્ષક છે. યહૂદીઓમાં તમે જડતા, બરછટપણું, કદરૂપતા આ બધું તેઓને ગેસની કોટડીની ભયાનકતાથી અને અગાઉની યહૂદી વસાહતોમાંથી મળેલ છે. ઈસ્રાએલમાં ઘણા બધા યહૂદીઓ નાસ્તિક અને માનવતાવાદી છે. તેઓનો કોઈ ધર્મ નથી. તેઓ એવું કહે છે કે યહૂદીપણું એ ધર્મ નથી પરંતુ જીવનનો એક માર્ગ (રીત) છે. છતાં ઈશ્વરનું વચન એમનું છે. "દરેક યહૂદીઓનું તારણ થશે." (રૂમી ૧૧:૨૬). દુનિયાના ઈતિહાસને અને ભવિષ્યવાણીને સમજવા માટે યહૂદીઓ ચાવીરૂપ છે. તમે તેઓનો નાશ કરી શકતા નથી અને તેઓને શાપ આપી શકતા નથી.

મોર્દખાય જ્યારે એસ્તેરને સંદેશ મોકલે છે તેમાં તેનો નિરધાર દૃઢ દેખાય છે, "જો તું આ સમયે છેક છાનીમાની બેસી રહેશે તો યહૂદીઓને માટે મદદ તથા બચાવ બીજી જગ્યાએથી મળશે." (૪)૧૪ (અ)) એ જ રીતે, હામાનની પત્ની ઝેરાહ અને બીજા ડાહ્યા માણસો પણ એ જ રીતે બોલ્યા. "મોર્દખાય કે, જેની આગળ તારી પડતી થવા લાગી છે, તે જો યહૂદીઓના વંશનો હોય, તો તેની વિરુદ્ધ તારું કંઈ ચાલવાનું નથી, પણ તેની આગળ નિશ્ચે તારી પડતી થશે." (૬:૧૩). આ બે સિદ્ધાંતો પર ઈતિહાસ ચાલે છે.

આ બે સિદ્ધાંતો વિશાળ અર્થમાં આજના ખ્રિસ્તી જગતમાં લાગુ કરવા માટે સક્ષમ છે. પ્રથમ, ખ્રિસ્તના જીવંત કાર્યનો નાશ થઈ શકે નહિ. તેનું બીજામાં રૂપાંતર થઈ શકે, પરંતુ વિનાશ થઈ શકે નહિ. જીવંત ઈસુ ખ્રિસ્તના કાર્યનો કેવી રીતે નાશ થઈ શકે ? બીજી બાબત પ્રભુ ઈસુના જીવંત કાર્યની સામે અથવા ખ્રિસ્તના જીવંત સેવકની સામે ન્યાય કરનાર કે ટીકા કરનાર બનવું એ જોખમકારક છે.

છેલ્લાં ત્રીસથી પાંત્રીસ વર્ષના ગળા દરમિયાન આયર્લેન્ડની પ્રેસ્બિટેરિયન મંડળીના આધ્યાત્મિક સેવા કાર્યમાં અજાયબ ક્રાંતિ આવી

છે. આવું જ કંઈક સ્કોટલેન્ડમાં બની રહ્યું છે. આ બધી બાબતનો શ્રેય પ્રભુનાં વચનનો તલસ્પર્શી (કલમ અને મુદ્દા આધારિત) ઉપદેશ પર રહેલો છે. ભાઈઓ અને બહેનોને ઈશ્વરની સભા સમૂહના લોક જાહેર કરવાની તેમની આગળ સમગ્ર બાઈબલનો ખુલાસો છણાવટ કરવી તેના પર રહેલો છે. આખું બાઈબલ તમને સંપૂર્ણ ખ્રિસ્તના દર્શન કરાવશે, અને આ સંપૂર્ણ પૂરેપૂરા ખ્રિસ્ત તમને તારણ ઉદ્ધાર આપી શકે છે. ઘણી બધી પુલ્પિટ (બોધાસન) પરથી આ પ્રકારના ઉપદેશ યોગ્ય રીતે આપવામાં આવે છે અને તેના પરિણામે મંડળીને તેથી આશીર્વાદ પ્રાપ્ત થયો છે, તેના પારિણામે ઈસુ ખ્રિસ્તના કાર્યને અને ખ્રિસ્તીઓની વૃદ્ધિને બળ મળ્યું છે.

ઘેટાંઓનું પોષણ થવું જોઈએ. દેવનાં વચનોને તેના ભરપૂરીપણા સાથે લોકોને નહિ આપો, તો પછી તમે લોકોને શું ખવડાવશો ? રસપ્રદ એવા કોઈ શાસ્ત્ર ભાગો નથી. મનપસંદ વાતો નથી એવો કોઈ સંદેશ નથી કે જેથી લોકોની લાગણીને ઉપસાવી શકીએ, પરંતુ દેવનાં વચનનો તેની સંપૂર્ણતા સાથે અને તેના ભરપૂરીપણા સાથે જ પૂરેપૂરા વ્યક્તિ (Whole person) મધ્યે ઉપયોગ થવો જોઈએ. આનુ પરિણામ (ફળ) બિન વિવાદાસ્પદ અને નકારી ના શકાય તેવું છે. આજે ભારતમાં બાઈબલના તલસ્પર્શી અભ્યાસની ખૂબ જરૂર છે. ખ્રિસ્તીઓને દેવનાં વચનો શીખવવા જોઈએ અને બાઈબલના સત્ય પર તેઓની સ્થાપના થવી જોઈએ. અને તેના પર જ આધાર રાખવો જોઈએ.

તેમ છતાં, એ વાતની નોંધ લેવામાં આવી છે કે કેટલીક મંડળીઓમાં તેની સામે કેટલીક પ્રતિક્રિયા આપવામાં આવી છે. કેટલીકવાર પાળકોને વિનંતી કરવામાં આવે છે અને દબાણ પણ લાવવામાં આવે છે કે તેઓ બીજું કશુંક બોલે, અથવા સંદેશામાં ફેરફાર કરે, અથવા સંદેશાને વધુ લોકપ્રિય અને અસરકારક બનાવે.

એવા કેટલાક ખ્રિસ્તીઓ છે કે જેઓને હળવી સેવા કરવી છે અથવા આધ્યાત્મિક મનોરંજન જોઈએ છે, જો કે તેઓ તેને તે રીતે લેતા

નથી. ઓછો ઉપદેશ, ઓછું બાઇબલ, વધુ ગીતો -સંગીત, વધુ નાનાં ગીતો અને વધુ સાક્ષીઓ તેઓને ગમે છે. આ બધાની પાછળ કોઈ જુદો જ આત્મા કામ કરે છે. તેઓને માટે શુભસંદેશની સેવા કરવાનું કહેવામાં આવે છે. બિનખ્રિસ્તીઓ પડકારરૂપ બનવા તેઓ ઉપદેશ સાંભળવા માંગે છે, પરંતુ જેઓ જગતના ધોરણે જીવનારા ખ્રિસ્તીઓ છે તેઓને દેવનાં વચનો અને અડીખમ ઊભા રહેનાર દેવના આત્મા દ્વારા સ્પર્શવામાં આવતા નથી. એ સત્ય હકીકત છે કે કેટલાક ખ્રિસ્તીઓ દેવનાં વચનનાં સામાન્ય (ઉપર છલ્લું) સત્યથી કંટાળી ગયા છે. બીજા એવા કેટલાક લોકો છે કે જેઓ પોતાની પ્રેરકબુદ્ધિને લીધે દેવના વચનોના ધારદારપણાનો સામનોકરવા તૈયાર નથી, પરંતુ આ બધું તેઓ ખુલ્લી રીતે જાહેરમાં કહેતા નથી !

આવા લોકો જેઓ દેવના વચનોથી કંટાળી જાય છે, અથવા પોતાના જીવનના પડકારનો સામનો કરવા તૈયાર નથી, તેઓ વહેલા કે મોડા ઈસુ ખ્રિસ્તના કાર્યના ટીકાકાર અને ન્યાય કરનાર બની જાય છે. ફરીથી અહીં બે સિદ્ધાંતો જોઇએ. પ્રથમ, ઈસુ ખ્રિસ્તનું તમામ કામ જેનો નાશ થઈ શકે નહિ. બીજું, ટીકા કરવી, અથવા બીજી વાત, ઘણી બધી વાર ટીકાઓ કરવી અથવા બીજાઓ / બીજી બાબતનો ન્યાય કરી કહીએ કે આ બાબતમાં ઘણી નબળી બાબતો છે અથવા પ્રભુના સેવકમાં નબળી બાબતો છે. તો તે પ્રકારની પ્રવૃત્તિથી એ સાબિત થાય છે કે તમે જોખમકારક સ્થિતિ, પરિસ્થિતિમાં છો. શું તમે ગીતશાસ્ત્ર ૧૦૫:૧૫ જાણો છો. "મારા અભિષિક્તોને છેડશો મા, મારા પ્રબોધકોનો ઉપદ્રવ ન કરો." આ કલમ પ્રભુના સેવકોને લાગુ પડે છે, આ કલમમાં જેઓ ખ્રિસ્તની સેવામાં લાગુ છે તે બાબતનું પણ લાગુકરણ થાય છે.

એ કલમની સાથે યશાયા ૫૪:૧૭ સરખાવો : "તારી વિરુદ્ધ વાપરવા સારુ ઘડેલું કોઇપણ હથિયાર સાર્થક થશે નહિ, ન્યાય સભામાં જે કોઈ જીભ તારી વિરુદ્ધ બોલશે, તેને તું દોષિત ઠરાવીશ. એ યહોવાના સેવકોનો વારસો છે, તેમનું ન્યાયીપણું મારાથી છે, એમ યહોવા કહે

છે." શું તમે ન્યાય કરનાર અથવા ટીકાકારની સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છો ? મારી જાણમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જે ખ્રિસ્તના પ્રકાશમાં અને તેની આધીનતામાં ચાલવાનું પસંદ કરતો હોય અને તે ટીકા કરનાર બની જાય. શું તમે દેવની સંપૂર્ણ સલાહ કરનાર બાબતથી સંતોષી નથી? સાવધાન રહો. તમારે તમારા ટીકાત્મક વલણ અને ન્યાય કરનાર વલણ -સ્વભાવની બાબતમાં ઈશ્વર સાથે સમાધાન કરવું જોઈએ.

શું તમે કદી ગમાલીએલની સલાહ વિશે સાંભળ્યું છે ? ગમાલીએલ આગળ પડતો નામાંકિત યહૂદી હતો કે જે શરૂઆતની મંડળીમાં ખ્રિસ્તના કામની સાથે ચર્ચામાં આવનાર વ્યક્તિ હતો. કેટલાંક એવા યહૂદીઓ હતા કે જેઓ ખ્રિસ્તીઓની સાથે દુર્વ્યવહાર કરતા, કોર્ટમાં ઘસડી જતા, તેમનો દુરઉપયોગ કરતાં અને સામાન્ય રીતે તેમને માટે જીવવું મુશ્કેલ કરી દેતા. પરંતુ ગમાલીએલની સલાહ આદાન પ્રદાન અને જ્ઞાનથી ભરેલ રહેતી અને તેનું મહત્ત્વ રહેતું. તેણે કહ્યું, "ઓ ઈસ્રાએલના માણસો, આ માણસોને તમે જે કરવા ધારો છો તે વિષે સાવચેત રહો...હવે હું તમને કહું છું કે, આ માણસોથી તમે આઘા રહો, અને તેમને રહેવા દો, કેમ કે જો એ મન અથવા એ કામ માણસોનું હશે તો તે ઊથલી પડશે, પણ જો દેવનું હશે તો તમારાથી તે ઊથલાવી શકાશે નહિ, નહિ તો કદાચ તમે દેવની સામાં પણ લડનારા જણાશો." (પ્રેરિતોનાં કૃત્યો ૫:૩૫, ૩૮-૩૯). આ વચન આજે પણ આપણી સાથે બોલે છે.

જ્યારે થોડાં વર્ષો પહેલાં મેં ઈસ્રાએલનો પ્રવાસ કર્યો ત્યારે તિબેરીયસથી કાપરનાહુમ મેં હોડીમાં પ્રવાસ કર્યો. વાદળાં છવાયેલાં હતાં અને તેમાંથી સૂર્ય બહાર નીકળવા પ્રયત્ન કરી રહ્યો હતો. એકાએક ભારે પવન ફૂંકાયો અને વરસાદ પડવાનો શરૂ થયો. આ બાબત જીવન જેવી છે. ધૂંધવાટા અને પવન ફૂંકાવવાની પ્રક્રિયા આપણા જીવનમાં ખૂબ ઝડપથી આવી શકે છે અને આવી પરિસ્થિતિની વચ્ચે પ્રભુ ઈસુ આપણને તેની પાસે ખેંચે છે કે જેથી આપણે તેવા સંજોગોમાં તેની સાથે

ચાલીએ. પ્રભુ બોલાવે છે તે અવાજને શું તમે સાંભળ્યો છે ? વિશ્વાસ અને આધીનતા સાથે તેને તમે અનુસરો તે માટે તે તમને બોલાવે છે ? તમારા વ્યાકુળ હ્રદયમાં તે એક જ એવા પ્રભુ છે કે જે શાંતિ લાવી શકે છે, તે તમારામાંનો જે પાપનો ડંખ છે તેને દૂર કરીને તમને અંદરથી શુદ્ધ કરી શકે છે. ખ્રિસ્તીઓ, તમે તેની નિકટ રહીને તેની સાથે ચાલો માટે તમને બોલાવી રહ્યા છે ? તમે મૂર્તિઓ સાથે એક ગાંઠ થઇ ગયા હો કે જે તમને તેનાથી અંતર રાખીને જીવાડે. શું તમે દૂર અંતર રાખીને તેને અનુસરો છો. આ બધી અવરોધક બાબતો તમારાથી દૂર કરો કારણ કે ખ્રિસ્ત તમને નવેસરથી આમંત્રણ આપી રહ્યા છે.

# ૮ હિંસા અને વિજય
## (એસ્તેર-૯)

સ્ક્રિપ્ચર યુનિયનની "ઈશ્વર માટે જીવંત" એ શીર્ષક નીચેના પુસ્તકમાં એસ્તેરના પુસ્તકના શાસ્ત્રપાઠમાં લેખક લખે છે. "ઝેરેશે યહૂદીઓને તેઓનો બચાવ કરવા પરવાનગી આપી. ઈરાનીઓ પર હુમલો કરવા નહિ, પરંતુ બદલાની ભાવના ખૂબ પ્રબળ હતી. સત્તાનો મદ એસ્તેરના મગજમાં પણ ચઢી ગયો હતો. એનું કારણ એ પણ હોઈ શકે કે તે એ બધી બાબતોથી ટેવાયેલી ન હતી." આ અધ્યાયમાં આ એક સમજ માટેની વિકટ સમસ્યા જોઈએ છીએ. શું આ સાચી સમજ હતી ? શું તે સાચું છે ?

**નૈતિક સમસ્યા**

આપણે નૈતિક સમસ્યાનો સામનો કરીએ છીએ. આહાશ્વેરોશ રાજાએ યહૂદીઓની સલામતી માટેનો હુકમ કાયદો બહાર પાડ્યો તેમ છતાં યહૂદીઓએ તેમના આટલા બધા દુશ્મનોને શા માટે મારી નાખ્યા? "રાજધાની સૂસામાં યહૂદીઓએ પાંચસો વ્યક્તિઓને મારી નાંખ્યા." (૯:૬). સૂસાના મહેલમાં યહૂદીઓએ પાંચસો માણસોને મારી નાખીને તેઓનો નાશ કર્યો.... હવે બીજા યહૂદીઓ રાજાના મહેલમાં પોતાનો જીવ બચાવવા એકઠા થયા, જેઓ તેમને ધિક્કારતા હતા તેવા પંચોત્તેર હજારને મારી નાખ્યા.... (૯: ૧૫-૧૬). પરિસ્થિતિને યોગ્ય ન્યાય આપીએ. ઈરાનમાં યહૂદીઓની વસ્તી બાળકો સહિત આશરે ત્રણ લાખ લોકોની હતી. ઈરાન સામ્રાજયની વસ્તી ૭૩ લાખની હતી. બીજી ગણતરી અનુસાર એકસો લાખની હતી. મુખ્ય ચાવીરૂપ શબ્દ "સ્વબચાવ(રક્ષણ)"ની નોંધ લો (૮:૧૧). તેઓના અગાઉના દુશ્મનોની સામે તેઓનો નાશ કરવાનો ઈરાદો ધરાવતા ન હતા. પરંતુ નૈતિક સમસ્યા એમની એમ રહે છે. પ્રશ્ન એ છે કે, જો યહૂદીઓ સારી

અને સલામત સ્થિતિમાં હતા તો પછી તેઓએ તેવું શા માટે કર્યું? પ્રશ્નના ત્રણ જવાબ છે.

૧. એસ્તેરને એવી શંકા હતી અથવા એવું જાણતી હતી કે દુશ્મનો યહૂદીઓનો મોટો વિનાશ કરવા તૈયાર છે. જો તમે ૮ : ૩થી આગળની કલમોમાં જોશો તો જણાય છે કે, એસ્તેર ઉત્સુક હતી અને રાજા પર દબાણ લાવતી હતી કે, રાજાએ એવો હુકમ બહાર પાડવો જોઇએ કે યહૂદીઓ મહાવિનાશની સામે સલામત રહેશે. "તેણે કહ્યું કે, જો આપની મરજી હોય, અને જો મારા પર આપની કૃપાદ્રષ્ટિ હોય, અને આ વાત આપને યોગ્ય લાગતી હોય, અને આપની આંખોને હું ગમતી હોઉં, તો રાજાના સર્વ પ્રાંતોના યહૂદીઓનો નાશ કરવાના ઈરાદાથી અગાગી હામ્મદાથાના પુત્ર હામાને જે પત્રો લખ્યા હતા તે રદ કરવાનો હુકમ આપવો જોઈએ, કેમ કે મારા લોક પર જે વિપત્તિ આવી પડવાની છે તે મારાથી શી રીતે જોઈ શકાય? અથવા મારા સગાંનો નાશ મારાથી શી રીતે જોઈ શકાય? (ક : ૫-૬).

પ્રશ્ન એ છે : રાજા હુકમ બદલે અને નવો હુકમ બહાર પાડે તે માટે એસ્તેર કેમ ઉત્સુક હતી? તેને શંકા હતી અથવા કદાચ તેને ખબર પડી હોય કે દુશ્મનો યહૂદીઓનો મોટો નાશ કરવા તૈયાર છે. એ શક્ય છે કે તેને એવી ચોક્કસ સમજણ હતી કે રાજાને ફક્ત તેની સુખાકારીમાં જ રસ છે, રાજાને યહૂદીઓ જીવે કે મરે તેમાં કોઇ રસ નથી. યહૂદીઓના મોટા નાશની સામે રાજાનો પ્રત્યુત્તર તદ્દન જુદો છે. (૮: ૭-૮).... તમને ઠીક લાગે તે પ્રમાણે." શાબ્દિક રીતે જોઈએ તો, "તમારી દ્રષ્ટિમાં જે સારું લાગે તે" તેનો લગભગ અર્થ એ થાય કે તે કોઈ મોટી વાત નથી. સાથે સાથે તે એવું પણ કહે છે. "મારી વહાલી જ્યાં સુધી તું મારી છે. તો પછી યહૂદીઓનું શું થશે તેની બહુ ચિંતા કરવાની જરૂર નથી." પરંતુ એસ્તેરે દબાણપૂર્વક કહેવાનું ચાલુ રાખ્યું. "યહૂદીઓના શત્રુઓ એકાએક હુમલો કરવાની રાહ જોતા હતા. જો હુકમ બહાર પાડવામાં ન આવે તો, પછી યહૂદીઓને માટે એક જૂથમાં રહીને વર્તવું (કાર્ય કરવું)

અશક્ય બની જાય, અને તેઓના દુશ્મનો એક પછી એક તેમના પર તૂટી પડે, અને તેઓનો સરળતાથી નાશ કરી નાખે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૩૦ની આસપાસ નાઝીઓએ યહૂદીઓ પ્રત્યે સતાવણીમાં આવું જ કંઈ કર્યું હતું. પરંતુ અહીં આ અધ્યાયમાં તેઓને એવો અધિકાર સત્તા મળે છે કે જેથી તેઓ એકબીજા સાથે અને આવનાર દુશ્મનોની સામે તેઓ ઊભા રહી શકે. આ નવા હુકમનામામાં જે જાહેરનામું બહાર પાડયું તેથી તેઓ હવે અંધકારના ઓછાયા નીચેથી મહાન આશા તરફ આવ્યા.

## ૨. યહૂદીઓ આવેશી અથવા હુમલો કરનારા ન હતા.

....તેમાં રાજાએ પ્રત્યેક નગરના યહૂદીઓને એવી પરવાનગી આપી હતી કે, તેઓ એકઠા થઈને પોતાના જીવના રક્ષણને માટે એટલે સુધી સામા થાય કે, જે લોક તથા પ્રાંત તેઓ પર હુમલો કરે....." (૮:૧૧) તેઓએ સ્વબચાવનો પ્રયત્ન કર્યો બીજા શબ્દોમાં, પ્રથમ હુમલો તેઓના દુશ્મનો તરફથી આવ્યો આ માટેની શરૂઆત યહૂદીઓ તરફથી થઈ નહિ, પરંતુ તેમના દુશ્મનો તરફથી થઈ. સંહાર માટેનો પ્રયાસ પ્રથમ યહૂદીઓના દુશ્મનોએ કર્યો, યહૂદીઓએ નહિ. અધ્યાય પ્રમાણે તેઓએ સામાન્ય રીતે દુશ્મનોના હુમલા સામે પોતાનો બચાવ જ કર્યો જેવી રીતે કોઈ રાષ્ટ્ર તેના પરનો હુમલો થાય અને કરે છે તેમ. વાતની નોંધ લેવી જોઈએ કે કાયદામાં યહૂદીઓને જે અધિકાર મળ્યા હતા. તેટલી હદ સુધી પણ યહૂદીઓ ગયા ન હતા. (૮:૧૧) કદાચ આ કાયદાના સંદર્ભમાં પ્રગટ કરવાની રીત હોય, એ સત્ય હકકીત છે કે તેઓએ સ્ત્રીઓ અને બાળકોને ઈજા કરી નહિ, અને એ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, "લૂંટ પર તેઓએ હાથ નાખ્યો નહિ" (૯:૧૬).

ટોમ સ્વાનસટોન ત્રીજો જવાબ સૂચવે છે જે પણ આપણા મગજમાં રાખવો જોઈએ.

૩. ઈશ્વર વગરના લોકોનું નામ ભૂંસી નાંખવામાં આવે, અને

વચનના દેશમાંથી વિદેશી લોકોનો નાશ કરવામાં આવે તેવો ઈશ્વરનો આદેશ હતો. જૂના કરારના એક વિશાળ મોટા પ્રશ્ન તરફ આપણને દોરી જાય છે. ઘણા લાગણીશીલ ખ્રિસ્તીઓની એ બાબત પ્રત્યે લાગણી દુભાઈ છે કે, જે ઈશ્વર પ્રેમનો ઈશ્વર છે તેણે જ્યારે તેના લોક વચનના દેશમાં જાય. જ્યારે ત્યાં વસ્તી આખી દેશજાતિને એ દેશના જ તમામ લોકોનો સમૂળગો નાશ કરવો. ઈશ્વર આવો આદેશ શા માટે આપે અને આવી બાબતો કેમ આવવા દે છે ? નિર્ગમન ૨૩ માં વાંચીએ છીએ, "કેમ કે મારો દૂત તારી આગળ ચાલશે, ને અમોરી તથા હિત્તી તથા પરીઝી તથા કનાની, હિવ્વી તથા યબૂસી લોકની પાસે તે તને લઈ જશે, અને હું તેઓને નષ્ટ કરીશ. તેઓનાં દેવો આગળ તું ન નમીશ, ને તેઓની સેવા ન કરીશ, ને તેઓના કામ પ્રમાણે ન કરીશ, પણ તેઓને તું તદ્દન તોડી પાડ, ને તેઓના સ્તંભોના ચૂરેચૂરા કર.....વળી તારી આગળ હું ભમરીઓને મોકલીશ, ને તે હિવ્વી તથા કનાની તથા હિત્તી લોકને તારી આગળથી હાંકી કાઢશે.... તું તેઓની સાથે અથવા તેઓના દેવોની સાથે કરાર કરીશ મા. તેઓ તારા દેશમાં ન વસે, રખેને તેઓ તારી પાસે મારી વિરુદ્ધ પાપ કરાવે, કેમ કે જો તું તેઓના દેવોની સેવા કરે, તો જરૂર તે તને ફાંદારૂપ થઈ પડશે." (ક: ૨૩, ૨૪, ૨૮, ૩૨, ૩૩)

આ રાષ્ટ્રોની તપાસ માટેનું કારણ જે આપવામાં આવે છે તે નૈતિક અને આધ્યાત્મિક છે. આનું કારણ સાચા ધર્મની શુદ્ધતા જાળ વાનું અને સાચા અને જીવંત ઈશ્વર વિશેનું જ્ઞાન સમજ જાળવી રાખવાનું હતું. જે ચિત્ર ઊભું થયું છે તે એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર સાથે લડે છે તે નથી, પરંતુ તે તો દેવની સામે જીવંત સાચા ઈશ્વરની લડત છે. હવે તમે કોની સફળતા ઈચ્છો છો ? એક સાચા ઈશ્વર કે અન્ય કહેવાતા દેવો ? સાચે જ એ તો એક સાચા ઈશ્વરની જ !

ફરીથી, ઈશ્વરે મૂસાને જે આજ્ઞાઓ આપી છે તે પુનર્નિયમમાં નોંધાયેલ છે. "જે દેશનું વતન પામવા સારુ તું જાય છે તેમાં જ્યારે

યહોવા તારો દેવ તને લાવે , ને ઘણી દેશજાતિઓને તારી આગળથી હાંકી કાઢે, એટલે હિત્તીઓ તથા ગિર્ગાશીઓ તથા અમોરીઓ તથા કનાનીઓ તથા પરિઝઝીઓ તથા હિવ્વીઓ તથા યબૂસીઓ, એ તારા કરતાં મોટી તથા બળવાન સાત દેશજાતિઓને હાંકી કાઢે, અને જ્યારે યહોવા તારો દેવ તેઓને તારે સ્વાધીન કરી દે ને તું તેમનો પરાજય કરે ત્યારે તારે તેઓનો પૂરો નાશ કરવો, તારે તેઓની સાથે કંઈ કરાર કરવો નહિ, ને તેમના પર દયા દેખાડવી નહી.... કેમ કે તારા દીકરાને મારા માર્ગમાંથી ભટકાવી દેશે. એ માટે કે બીજા દેવદેવીઓની સેવા કરે, એથી તો યહોવા તમારા પર કોપાયમાન થાય ને તે જલદી તમારો નાશ કરે. પણ તમારે તેઓ પ્રત્યે આ પ્રમાણે વર્તવું. તમારે તેમના વેદીઓ તોડી પાડવી, ને તેઓના સ્તંભોને પછાડીને ચૂરા કરવા, ને તેમની અશેરીમ મૂર્તિઓને કાપી નાખવી, ને તેમની કોતરેલી મૂર્તીઓને આગમાં બાળી નાખવી. કેમ કે તું યહોવા તારા દેવની પવિત્ર પ્રજા છે, યહોવા તારા દેવે તને પૃથ્વીની સપાટી પરની સર્વ પ્રજાઓમાંથી પોતાની ખાસ પ્રજા થવા સારુ પસંદ કર્યો છે. પણ આ લોકોના જે નગરો યહોવા તારો દેવ તને વારસા તરીકે આપે છે તેઓમાંના કોઈપણ પ્રાણીને તારે જીવતું રહેવા દેવું નહિ, પણ જેમ યહોવા તારા દેવે તને આજ્ઞા આપી છે તેમ તારે તેઓનો, એટલે હિત્તીઓનો, અમોરીઓનો, કનાનીઓનો તથા પરિઝઝીઓનો, હિવ્વીઓનો તથા યબૂસીઓનો પૂરો નાશ કરવો, રખેને જે સર્વ અમંગળ કાર્યો તેઓએ તેમના દેવોની સેવામાં કર્યાં છે, તે પ્રમાણે કરવાને તેઓ તમને શીખવવાને યહોવા તમારા દેવની સામે તમારી પાસે પાપ કરાવે." (પુન. ૭: ૧, ૨, ૪-૬ સરખાવો પુન : ૨૦ : ૧૬-૧૮) રાષ્ટ્રોના વિનાશને માટે આ શાસ્ત્રપાઠો નૈતિક અને આધ્યાત્મિક કારણો આપે છે. પ્રેરિતોનાં કૃત્ય ૭:૪૫માં સ્તેફન અને પ્રેરિતોનાં કૃત્ય ૧૩:૧૭, ૧૯માં પાઉલ એ વાત પર ભાર મૂકે છે અને એવું શીખવે છે કે આ કાર્ય ઈશ્વરે કર્યું.

અહીં કેટલીક દોરવણી અને સિદ્ધાંતો આપવામાં આવ્યા છે કે જેના આધારે નૈતિક સમસ્યાઓ તપાસી શકે. તમામ નૈતિક સમસ્યામાં

નૈતિક જવાબ રહેલો છે. જહોન ડબ્લ્યુ વેનહામ એમનાં પુસ્તક, "ઈશ્વરની ભલાઈ (The Goodness of God)માં એલિશા અને એ છોકરાઓ કે જે તેની મશ્કરી કરતા હતા તેની વાત વિશે જણાવે છે (૨ રાજા ૨) "અને તે ત્યાંથી બેથેલ જવા નીકળ્યો, અને તે માર્ગે ચાલતો હતો તેવામાં નાનાં છોકરાંએ નગરમાંથી બહાર નીકળીને તેની મશ્કરી કરીને તેને કહ્યું કે, હે તાલવાળા, આગળ ચાલ, હે તાલવાળા આગળ ચાલ, તેણે પાછળ નજર ફેરવીને તેમને જોયાં, ને યહોવાને નામે તેઓને શાપ દીધો. પછી બે રીંછડીઓએ વનમાંથી આવીને તેઓમાંના બેંતાલીસ છોકરાંને ફાડી નાંખ્યા. અને ત્યાંથી તે કાર્મેલ પર્વત ગયો, ને ત્યાંથી તે સમરૂન પાછો આવ્યો." (ક. ૨૩:૨૫)

આ ઘટનાથી કેટલાક વિવેચકો એવું ચિત્ર દોરે છે કે એલિશા જલદી છંછેડાઈ જાય તેવો ઘરડો માણસ છે. કારણ કે પોતાના તાલિયાપણાના સંદર્ભમાં છોકરાઓએ કરેલ મશ્કરી સહી શકતો નથી, પરિણામે તે ગુસ્સે થાય છે અને તેઓને શાપ દે છે. પરિણામે બે રીંછડીઓએ બેંતાળીસ છોકરાંને ફાડી નાંખ્યા. પરંતુ આ તો ઘટના વિશેની ગેરસમજણ છે. એલિશા વિશે ખોટી રજૂઆત કરે છે. પ્રથમ વાત તો, તે ઘરડો માણસ ન હતો. તે તો જુવાન વ્યક્તિ હતો, હજુ તેની આગળ બીજાં ૬૦ વર્ષની સેવા બાકી હતી. તે જલદી છંછેડાઈ જાય તેવો કે આવેશમાં આવી જાય તેવો ન હતો. બીજા પ્રસંગો પરથી આપણે શીખીએ છે કે તે દયાળુ અને નમ્ર વ્યક્તિ હતો. તેના દુશ્મન સૈન્ય (સિરિયા) પ્રત્યે પણ તેણે દયા દર્શાવી હતી. જયારે છોકરાંઓ બૂમો પાડીને કહેવા લાગ્યા, "હે તાલવાળા, આગળ ચાલ" તેઓ એલિયાના સ્વર્ગારોહણનો ઉલ્લેખ કરી રહ્યા હતા. જે એલિયા અગ્નિરથો ધ્વારા સ્વર્ગમાં ગયો હતો. અહીં એ જ ઘટનાનું પુનરાવર્તન કરવાથી નમ્રતાપૂર્વકની વિનંતી હતી. તેઓ મશ્કરી કરી રહ્યા હતા અને પ્રબોધક તરફથી કોઈક બાબત (ઘટના બને તેની) જોવા માગતા હતા.

"તાલિયો" એવો અનુવાદ કરવો અઘરો છે. ઘણું કરીને એલિશા તાલવાળો ન હતો કારણ કે તે જુવાન હતો. કેટલાક તેનો ભવિષ્ય વાણીના

સંદર્ભમાં ઉલ્લેખ કરે છે. જૂના સમયમાં જે સાધુઓના વાળ કાપેલા રહેતા હતા તેવા ખાસ પ્રકારની રીતે તેના વાળ કાપેલા હતા. જો તેમ હોય તો, છોકરાઓ એલિશાની મજાક (મશ્કરી) કરી રહ્યા હતા, કારણ કે તે દેવનો પ્રતિનિધિ હતો. આ છોકરાઓ આખી પ્રબોધકની જે વ્યવસ્થા છે તેની મશ્કરી કરી રહ્યા હતા. "નાના છોકરાંઓ" એ સારો યોગ્ય અનુવાદ નથી "જુવાનો", "જુવાન છોકરાઓ" એ આખા સંદર્ભમાં એકદમ યોગ્ય બંધ બેસતો શબ્દ છે. જો બેંતાલીસને ફાડી નાખ્યા, તો પ્રશ્ન એ થાય છે કે, એ આખા ટોળામાં કુલ કેટલા હતા ? પ્રસંગને જોતાં એવું લાગે છે કે જુવાનોનું એક ટોળું અથવા તોફાની છોકરાઓ ઈરાદાપૂર્વક આ પ્રસંગને માટે અગાઉ તૈયાર થઈને આવ્યા હોય. જો તેઓ એક જ ગામમાંથી આવ્યા હોય તો , કદાચ તેઓ બધા તે ગામના કિશોર હોઈ શકે, તેઓએ પોતે પ્રભુના સેવકની મશ્કરી કરવાનો મનસૂબો કર્યો હોય. વાતો એવું જણાવતી નથી કે "મારી નાખ્યા" પરંતુ "ફાડી નાખ્યા", બહુ ખરાબ રીતે ઘવાયેલા-ઈજા પહોંચાડાયેલા" બેંતાલીસ ઘવાયા. બીજા કેટલા ત્યાંથી નાસી ગયા તે વિશે આપણે કશું જાણતા નથી.

એલિશાના આગમનની જાણકારી અપાઈ હશે અને 'ઉષ્માભર્યા સ્વાગત'ની તૈયારી કરવામાં આવી હશે. આ જુવાનોને તેમના વડીલો દ્વારા તૈયાર કરવામાં આવ્યા હશે જે વિશે કોઈ શંકા નથી, કે જે વડીલોને એલિશા કે તેના સંદેશ (ઉપદેશ)ની જરૂર નથી, તેઓએ (વડીલોએ) એવી ભારે ઉશ્કેરણી લડાયક મિજાજ સાથે જુવાનોને તૈયાર કર્યા હશે કે જેથી એલિશા પણ જાણે કે બેથેલના લોકો તેનું કેવા પ્રકારનું સ્વાગત કરવા માગે છે. એલિશાનો જીવ જોખમમાં હતો. તેણે આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ. જેવી રીતે જેઓ જુદો ઉપદેશ કરતા હતા તેમના પર પાઉલે શાપ વરસાવ્યો, જેવી રીતે પ્રભુ ઈસુએ તેમના શિષ્યોને શીખવ્યું કે જેઓ તમારો ઉપદેશ ન સાંભળે તેમની સામે તમારા પગની ધૂળ ખંખેરી નાખજો. તે જ રીતે એલિશાએ આ તોફાની જુવાનોને શાપ આપ્યો. તેણે છંછેડાયેલી રીંછડીઓને આવવા વિનંતી કરી નહીં, પરંતુ આ ખાસ સંજોગોમાં ઈશ્વરે એ જગ્યાના લોકોને એ પ્રત્યુત્તર આપ્યો કે

ઈશ્વરની સામે, ઈશ્વરનાં વચનોની સામે અને તેના સેવકની સામા પડવું એ કેટલું જોખમકારક અને મૂર્ખતાભર્યું છે. આ રીતે આપણે જોઈએ છીએ કે, આ વાર્તા નૈતિક પ્રશ્નની વાત જણાવે (શીખવે) છે, નૈતિક જવાબ અને ખુલાસો જોવા મળે છે.

## આધ્યાત્મકિ સમસ્યા

નૈતિક બાબતની સાથે આધ્યાત્મિક પ્રશ્ન પણ સંકળાયેલો છે. તે તો માનવી લક્ષ્યાંક કે જ્યાં પહોંચવાનું છે તે આખરી જગ્યા, સ્થળ. આનો આપણે બધાએ સામનો કરવાનો છે. નાના નિર્ણયો માર્ગોને સરળ બનાવે છે અને જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાછા આવવાના છે તે મહાન દિવસને માટે તૈયાર કરે છે. જેઓ દેવના શત્રુઓ છે તેવાઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. (દા.ત. અમોરીઓ, હિત્તીઓ વગેરે) ત્યારે પ્રશ્ન થાય છે કે જો તમારી સહાનુભૂતિ તેઓની સાથે છે, તો જ્યારે ઈશ્વરનો મહાન દિવસ આવશે ત્યારે, તમે કોની બાજુ (તરફેણમાં) હશો ? જે જગતમાં આપણે જીવીએ છીએ, તેમાં હંમેશા કહેવું સહેલું હોતું નથી, કોણ અજવાળામાં છે અને કોણ અંધકારમાં છે, કારણ કે આપણે "ભૂંડા જગતમાં રહીએ છીએ. અત્યારે આપણે ઝાંખુ જોઈએ છીએ, તે દિવસે આપણા માટે સ્પષ્ટ કરવામાં આવશે. કેટલીક વાર એ કહેવું અઘરું હોય છે કે કોણ ઈસુ ખ્રિસ્તની સાથે છે અને કોણ ઈસુ ખ્રિસ્તની વિરુદ્ધ છે. પાઉલ ઈશ્વર વિશે આપણને યાદ અપાવે છે કે "કેમ કે તેણે એક દિવસ નિર્માણ કર્યો છે કે જે દિવસે તે પોતાના નીમેલા માણસ દ્વારા જગતનો અદલ ઈન્સાફ કરશે, જે વિષે તેણે તેને મૂએલામાંથી પાછો ઊઠાડીને સર્વને ખાતરી કરી આપી છે." (પ્રેરિતોનાં કૃત્ય ૧૭:૩૧), આ કલમ ઈસુ ખ્રિસ્ત વિશે વાત કરે છે

ઈસુ ખિસ્ત એક દ્રષ્ટાંત કહે છે તેમાં એવું જણાવે છે કે, જેવી રીતે ઘેટાંપાળક અને ઘેટાં અલગ થાય છે તેવી રીતે તમામ રાષ્ટ્રો અલગ થશે. (માથ્થી ૨૫:૩૧થી આગળ). એસ્તેરના ૯માં અધ્યાયમાં જે પ્રશ્ન છે તે આ છે. જ્યારે તે દિવસ આવશે ત્યારે તમે કોની તરફેણમાં હશો ?

એક એવો તબક્કો (સમય) આવશે કે જ્યારે (જ્યાં) ઈશ્વરે અને માણસે મળવું જ પડશે, કદાચ કૃપામાં અથવા ન્યાયશાસન આગળ ત્યાં તે પ્રગટ થશે. ઈશ્વર આપણાં જીવનનો (ભૂતકાળનો) હિસાબ માંગશે કે જે આપણે આપવા બંધાયેલા છીએ. આપણાં વર્તમાનને તે માન્યતા (મંજૂરી) આપે તેવો આગ્રહ (જે માટે આપણી ફરજ છે) રાખે છે, આ બાબત આપણે જાણવી જ જોઈએ. મારા વાંચવામાં કાવ્ય "ન્યાયશાસનનો દિવસ" જેનુ શિર્ષ આ પ્રમાણે છે.

"જ્યારે આપણા શહેરના તમામ ઉદ્યોગો".

પોતાનું છેલ્લું (આખરી) કાર્ય પૂરું કરી રહ્યા હતા, જ્યારે આપણાં વેપારીઓએ સિલ્ક (કાપડ)નો છેલ્લો ટુકડો વેચી નાખ્યો ને નિર્ગત (થાકેલા) કર્મચારી (કલાર્ક) ને રુખસદ (નોકરીમાંથી છૂટો) આપી.

જ્યારે આપણે બેન્કોમાં છેલ્લી રૂપિયાની નોટ બાકી રહી અને પોતાનું ચૂકવવાનું છેલ્લું વ્યાજ ચૂકવી દીધું, જ્યારે પૃથ્વી પરનો ન્યાયાધીશ કહે છે, "આજનું કામ પૂરું થાય છે !" અને બાકી રહેલ છે તે વિશે પૂછે છે, ત્યાર પછી શું ? ગાયકગણોએ તેમનું છેલ્લું ગીત ગાઈ નાખ્યું છે. અને ઉપદેશકે તેમની છેલ્લી પ્રાર્થના પૂરી કરી છે, જ્યારે લોકેએ તેમનો છેલ્લો સંદેશો સાંભળ્યો છે અને વાતાવરણમાં અવાજ શાંત પડી ગયો છે, જ્યારે બાઇબલને બાઇબલના સ્ટેન્ડ પર બંધ કરવામાં આવ્યું છે. માણસો (સ્ત્રીઓ પણ)થી ભંરેલા બાંકડા (પ્રભુ મંદિરના) પણ ખાલી થઈ ગયા છે. અને દરેક જણ પોતાના કરેલાં કામોની સામે ઊભો છે અને મહાન પુસ્તક ખોલવામાં આવ્યું છે, ત્યાર પછી શું ?

નાટયકારોએ તેમનું છેલ્લું નાટક પણ ભજવી લીધું છે, હાસ્ય કલાકારો તેનું છેલ્લું હાસ્ય પૂરું પાડવાનો ભાગ ભજવી દીધો છે, સિનેમાગૃહોએ તેનું છેલ્લુ ચલચિત્ર પણ બતાવી દીધું છે. જાહેરાતોના પાટિયાએ (બોર્ડ) પણ તેની છેલ્લી જાહેરાત બતાવી દીધી છે, જે લોકો (ટોળું) આનંદ પ્રમોદ શોધતા હતા તેઓ નાશ પામ્યા છે અને ફરીથી અંધકારમાં ચાલ્યા ગયા છે, અને જ્યારે યુગોના (સદાકાળનું)

રણશિંગડાનો અવાજ સંભળાયો અને આપણે તેની (ઈશ્વરની) સામે ઊભા છીએ, (કાવ્યનો કર્તા અજાણ છે) ત્યારપછી શું ?

સી. એસ. લુઈસ એ યાદ અપાવતા કહે છે કે આજ સમય છે કે જેમાં (જ્યારે) આપણે તેનો (ઈશ્વરનો) પક્ષ લઈએ (જઈએ) કારણ કે જ્યારે ઈશ્વર આવશે ત્યારે પસંદગી કરવી ઘણી મોડી થઈ ગઈ હશે. પસંદગીનો સમય પૂરો થઈ ગયો હશે. લૂઈસ કહે છે, તરફેણ (પક્ષ) બદલવાની પછી કોઈ શક્યતા નહિ હોય. તમને એવું લાગે (જણાય) છે તમે લડાઈ હારી ગયા છો ત્યારે તમે સૈન્ય બદલી શકતા નથી. પસંદગીનો સમય (તક) અત્યારે છે, કારણ કે જ્યારે તે દુષ્ટથી સારાને, હંમેશના અંધકારથી અજવાળાને અલગ કરવા આવશે ત્યારે પસંગીનો સમય પૂરો થઈ ગયો હશે જ્યારે તે દિવસ આવશે ત્યારે તમે કોના પક્ષે હશો ?

**પૂરીમનું પર્વ**

છેલ્લી કલમોમાં (૨૦થી આગળ) મોર્દખાય તમામ યહૂદીઓ પર યહૂદીઓના તેના દુશ્મનો પરના વિજય સંબંધી પત્ર મોકલે છે. તે અદારની ૧૪મી અને ૧૫માંની ઉજવણી સંબંધી પ્રેરણા આપે છે. આને પૂરીમનું પર્વ કહે છે. 'પૂર'નો અર્થ 'પુષ્કળ' થાય છે, એ વાત તેની સાબિતી આપે છે કે દુષ્ટ હામાને ચિઠ્ઠીઓ નાખી એ જાણવા સારુ કે યહૂદીઓના વિનાશ માટે કયો દિવસ ખાસ (વિશિષ્ઠ) હોઈ શકે. (૩ઃ૭) સર્વશક્તિમાન ઈશ્વરની વ્યવસ્થા મુજબ વિનાશનો જે દિવસ મુકરર કરવામાં આવ્યો હતો તે છુટકારાના દિવસમાં (તરીકે) ફેરવાઈ ગયો. મહાન વિજય પ્રાપ્ત કરવાની યાદમાં આ પર્વની સ્થાપના કરવામાં આવી. જે સમય આનંદ કરવાનો અને આભાર માનવાનો હતો. એ દિવસ કે જે તમામ રીતે નાશ કરવાનો હતો. તે દિવસ છુટકારાનો અને વિજયનો બની રહ્યો. ત્યારથી માંડીને દર વર્ષે આ પર્વ યહૂદી આગેવાન મહાન વિજયની યાદમાં એસ્તેરનું પુસ્તક વાંચે છે.

આપણાં માટે કેવો પાઠ (ઉપદેશ) ! જે હેતુ ઈશ્વરે રાખ્યો છે તે પૂર્ણ કરવામાં ઈશ્વર નિષ્ફળ જશે નહિ. જેમ્સ ફિલિપ કારણો આપતાં

કહે છે, "જે પ્રજા તેની શ્રેષ્ઠ ઇચ્છાની બહાર હતી તેને માટે જો તે તે પ્રમાણે કરી શકે તો પછી જે લોકો તેની ઇચ્છાની મધ્યમાં છે તેમને માટે કેટલું વિશેષ કરી શકે." મુશ્કેલીઓ અને આફતોનો દિવસ એ છુટકારાનો અને વિજયનો દિવસ બની ગયો. "ઈશ્વર હજુ પણ સિંહાસન પર છે, અને તે પોતાનાને સંભારે છે તેણે આપેલી ખાતરી સાચી છે, તે તમને વીસરી જશે નહિ, ઈશ્વર હજુ પણ સિંહાસન પર છે."

* * *

## ESTHER

*By : Rev. Norman Duncan*

*Translated by : Rev. Hemantkumar J. Parmar*

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ - જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૮. | પ્રેષિતોનાં કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૫-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેનાં કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | દાઉદના ભક્તના પસંદિત... મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૨૭. | દૈનીક મનન | ૬૦-૦૦ |
| ૨૮. | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |

**Published and Distributed by :**

**GUJARAT TRACT AND BOOK SOCIETY**

**Sahitya Seva Sadan, Near Gujarat College,**

**Ellisbridge, Ahmedabad - 380006. INDIA.**

**Phone : 079-26445281 E-mail: gtbs_1852@yahoo.co.in**

Designed and Printed by : JENSON COMPUTERS, AHMEDABAD-8. PH. 30913057